અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

20 NOVEMBER-2025 THURSDAY | Vol. : 17 | Issue : 139 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3


ભારતને Su-57 ફાઈટર જેટ આપવા રશિયા તૈયાર : ટેકનોલોજી પણ શરત વિના ટ્રાન્સફર કરવામાં આવશે

4

પઢો રે પોપટ રાજા રામનાં! એ રચનામાં છુપાયેલું આધ્યાત્મિક ચિંતન શું કહે છે?

6


રોહિત શર્માનું રાજ ખતમ, ન્યૂઝીલેન્ડના બેટરે નંબર-1 બનીને રચ્યો ઈતિહાસ....

7

સોનું 1.22 લાખ પ્રતિ 10 ગ્રામ થયું : છેલ્લાં 3 દિવસમાં સોનામાં 4,374 રૂપિયા અને ચાંદીમાં 1,227 ઘટ્યા....

### નક્સલી સંગઠનનો ટોચનો ટેક્નિકલ એક્સપર્ટ ઠાર

# સુરક્ષાદળોની મોટી કાર્યવાહી, હિડમા બાદ વધુ 7 નક્સલીઓ ઠાર

## મૃત્યુ પામેલા નક્સલીઓમાં સંગઠનનો ટોચનો ઈન્ટેલિજન્ટ ઇલેક્ટ્રોનિક ડિવાઇસ(IED) એક્સપર્ટ મેત્તુરુ જોગારાવ ઉર્ફે ટેક શંકર પણ હતો

**અમરાવતી, તા.19**



આંધ્ર પ્રદેશના પૂર્વી ગોદાવરી જિલ્લાના મારેડુમિલ્લી અને જી.એમ. વાલસાના જંગલોમાં બુધવારે સવારે સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં 7 નક્સલી માર્યા ગયા છે. મંગળવારથી શરૂ કરાયેલા સંયુક્ત ઓપરેશનના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યના ઈન્ટેલિજન્સ એડીજી મહેશ ચંદ્ર લડ્ડાએ પ્રેસ કોન્ફરન્સમાં પુષ્ટિ કરી હતી કે અથડામણ દરમિયાન 4 પુરુષ અને 3 મહિલા નક્સલીઓ ઠાર થયા છે.

મૃત્યુ પામેલા નક્સલીઓમાં સંગઠનનો ટોચનો ઈન્ટેલિજન્ટ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ(IED) એક્સપર્ટ મેત્તુરુ જોગારાવ ઉર્ફે ટેક શંકર પણ હતો. તે આંધ્ર-ઓડિશા બોર્ડર સ્પેશિયલ ઝોનલ કમિટી (AOBSZC)નો એક મહત્ત્વપૂર્ણ સભ્ય હતો અને ટેક્નિકલ ઓપરેશન્સ માટે મુખ્યત્વે જવાબદાર ગણાતો હતો.

સુરક્ષા એજન્સીઓ અનુસાર, ટેક શંકર એવો કેડર હતો જેણે છેલ્લા કેટલાક વર્ષોમાં છત્તીસગઢ અને આંધ્ર-ઓડિશા બોર્ડર(AOB) વિસ્તારમાં સુરક્ષા દળો પર થયેલા લગભગ બધા મોટા લેન્ડમાઈન અને IED હુમલાઓનું ડિઝાઈનિંગ અને અમલ કર્યો હતો.

પોલીસના કહેવા મુજબ, તે હથિયારોનું ઉત્પાદન, સંચાર પ્રણાલી અને વિસ્ફોટક ઉપકરણોની રચનામાં નિષ્ણાત હતો. તેની આ જ વિશેષજ્ઞતાને કારણે તે સંગઠનની 'ટેક્નિકલ કરોડરજ્જુ' તરીકે ઓળખાતો હતો.

છેલ્લા કેટલાક મહિનાઓથી, આંધ્ર-ઓડિશા બોર્ડર વિસ્તારમાં નક્સલી ગતિવિધિઓ વધી રહી હોવાના અહેવાલો હતા. મળતી જાણકારી અનુસાર, નક્સલીઓ જંગલોની અંદર નવા ઠેકાણાઓ ઊભા કરી રહ્યા હતા, પોતાના કેડરને ફરી સક્રિય કરી રહ્યા હતા અને છત્તીસગઢ તરફથી નવા જૂથો રાજ્યની સરહદમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

આ માહિતીના આધારે, આંધ્ર પ્રદેશ ગ્રેહાઉન્ડ્સ અને અન્ય એજન્સીઓએ મંગળવારે મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ ઓપરેશનના પરિણામે, બુધવારે સવારે જી.એમ. વાલસા વિસ્તારમાં અથડામણ થઈ.

એડીજી લડ્ડાએ માહિતી આપી કે અગાઉ 17 નવેમ્બરે પણ સુરક્ષા દળોએ મારેડુમિલ્લી વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી હતી, જેમાં કુખ્યાત નક્સલી નેતા હિડમા સહિત છ નક્સલીઓ ઠાર થયા હતા. તેમની પાસેથી મળેલી ગુપ્ત માહિતીને કારણે સંયુક્ત ટીમોને AOB વિસ્તારમાં ફેલાયેલા નક્સલી નેટવર્ક પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની દિશા મળી, જેના પગલે સતત ઘણા જિલ્લાઓમાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યા.

એડીજી લડ્ડાના જણાવ્યા મુજબ, તાજેતરમાં NTR, કૃષ્ણા, કાકીનાડા, કોનસીમા અને એલુરુ જિલ્લાઓમાંથી 50 નક્સલીઓની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા લોકોમાં કેન્દ્રીય સમિતિ, રાજ્ય સમિતિ, એરિયા કમિટી અને પ્લાટૂન ટીમના સભ્યોનો સમાવેશ થાય છે. આ એક ઐતિહાસિક ઘટના છે, કારણ કે સંગઠનના કોર કેડરને આટલા મોટા પાયે એકસાથે પકડવામાં આવ્યા હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે.

### ઓપરેશનમાં મોટા પ્રમાણમાં હથિયારો જપ્ત

સુરક્ષા દળોએ આ અભિયાન દરમિયાન 45 હથિયારો, 272 કારતૂસ, બે મેગેઝીન, 750 ગ્રામ વાયર તેમજ અનેક ટેક્નિકલ ઉપકરણો અને દસ્તાવેજો જપ્ત કર્યા છે. એડીજી લડ્ડાએ જણાવ્યું કે 'ફિલ્ડ સ્ટાફે કોઈ પણ નુકસાન વિના અને સંપૂર્ણ યોજના મુજબ આ ઓપરેશન સફળતાપૂર્વક પૂરું કર્યું છે. ઈન્ટેલિજન્સ વિભાગે સતત નક્સલીઓની ગતિવિધિઓ પર દેખરેખ રાખીને યોગ્ય સમયની રાહ જોઈ અને પછી નિર્ણાયક પગલું ભર્યું.'

### નક્સલીઓ આંધ્ર પ્રદેશમાં શરણ લેવાના પ્રયાસમાં

આ અથડામણ એવા સમયે થઈ છે જ્યારે સુરક્ષા એજન્સીઓ હાઈ-અલર્ટ પર છે. તેમની આશંકા છે કે છત્તીસગઢમાં દબાણ વધ્યા પછી ઘણા નક્સલીઓ આંધ્ર પ્રદેશમાં આશરો લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ઓપરેશનને માઓવાદી સંગઠનના ટેક્નિકલ માળખા અને નેતૃત્વ પર એક મોટો ફટકો માનવામાં આવે છે અને તે સુરક્ષા એજન્સીઓ માટે એક મહત્ત્વપૂર્ણ સફળતા છે.

# નીતિશ કુમાર આજે 10મી વખત લેશે શપથ

## ગાંધી મેદાનમાં સમારોહ, 2 મંચ, 150 મહેમાન, PM મોદી સહિત 11 રાજ્યોના CM સામેલ થશે

**પટના, તા.19**



નીતિશ કુમારે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. આજે તેઓ 10મી વખત CM પદના શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ ગાંધી મેદાનમાં યોજાશે.

સમારોહ માટે 2 મંચ બનાવવામાં આવ્યા છે. તેમાં PM મોદી સહિત 11 રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ સામેલ થશે. સાથે જ 150 મહેમાનોને પણ આમંત્રણ મોકલવામાં આવ્યું છે.


આ પહેલા બિહાર વિધાનમંડળના સેન્ટ્રલ હોલમાં નીતિશ કુમારને NDA ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા. તે જ સમયે, સવારે 11 વાગ્યે પટનાના BJP કાર્યાલયમાં ધારાસભ્ય દળની બેઠક થઈ, જેમાં સમ્રાટ ચૌધરીને ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે.

વિજય સિન્હાને વિધાનમંડળના ઉપનેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. એટલે કે સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હા બંને ડેપ્યુટી CM હશે. જાણકારી મુજબ, નીતિશની સાથે-સાથે સમ્રાટ અને વિજય સિન્હા પણ ડેપ્યુટી CM તરીકેના શપથ લઈ શકે છે. બીજી તરફ, BJPના ધારાસભ્ય દળની બેઠક પહેલા JDUના ધારાસભ્ય દળની બેઠક યોજાઈ હતી જેમાં નીતિશ કુમારને નેતા તરીકે ચૂંટવામાં આવ્યા. મહત્વનું છે કે, આ શપથ સમારોહમાં ગુજરાતના CM ભૂપેન્દ્ર પટેલ પણ હાજરી આપશે.

ધારાસભ્ય દળના નેતાની ચૂંટણી પહેલાં કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી. ભાજપના સંસદીય બોર્ડે ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યને કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા હતા, જ્યારે કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જ્યોતિએ સહ-નિરીક્ષકની જવાબદારી મળી હતી. બધાં મંગળવારે રાત્રે જ પટના પહોંચી ગયાં હતાં. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે પટના પહોંચશે. નીતિશ કુમાર સાથે મુલાકાત પછી તેઓ BJP નેતાઓ સાથે બેઠક કરશે. આ બેઠકમાં મંત્રીઓની યાદી ફાઈનલ થશે. બીજી તરફ, સૂત્રો અનુસાર ચિરાગ પાસવાને NDAમાં 2 મંત્રી પદ અને ડેપ્યુટી CM પદની માગણી રાખી છે. ચિરાગ પોતાના બનેવી અરુણ ભારતીનું નામ આગળ વધારી શકે છે. આ વખતે વિધાનસભા ચૂંટણીમાં LJP(R) એ 19 બેઠકો જીતી છે. આજે નીતિશ કુમાર બિહારના 10મા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ સામેલ થશે.

# રાહુલ ગાંધી વિરુદ્ધ 272 રિટાયર્ડ જજ-ઓફિસરોનો લેટર : કહ્યું- ECની છાપ બગાડી રહી છે કોંગ્રેસ....

**નવી દિલ્હી, તા.19**




દેશભરના 272 નિવૃત્ત જજ અને અમલદારોએ ચૂંટણી પંચની કથિત વોટ ચોરીની ટીકા કરતો એક ખુલ્લો લેટર બહાર પાડ્યો હતો. આ લેટરમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષની ટીકા કરવામાં આવી હતી. આ લેટર પર 16 ભૂતપૂર્વ જજ, 123 નિવૃત્ત અમલદારો (14 ભૂતપૂર્વ રાજદૂતો સહિત) અને 133 નિવૃત્ત લશ્કરી અધિકારીઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આ ઓપન લેટરમાં, આ નિવૃત્ત જજ અને અમલદારોએ આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસ પાર્ટી ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતાને સતત નબળી પાડવાની કોશિશ કરી રહી છે. આનાથી દેશની લોકશાહી વ્યવસ્થામાં બિનજરૂરી અવિશ્વાસ ફેલાય છે. લેટરમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પંચ ભારતની ચૂંટણી પ્રણાલીનો સૌથી મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ છે. તેના પર વારંવાર પ્રશ્ન ઉઠાવવાથી લોકોના વિશ્વાસને નુકસાન થાય છે અને લોકશાહીને નુકસાન થાય છે. રાજકીય મતભેદો જરૂરી છે, પરંતુ બંધારણીય સંસ્થાઓ પર સતત દોષારોપણ કરવું રાષ્ટ્રીય હિતની વિરુદ્ધ છે. હકીકતમાં, રાહુલ ગાંધી ચૂંટણી પંચ પર મત ચોરીનો આરોપ લગાવતી ત્રણ પ્રેસ કોન્ફરન્સ કરી ચૂક્યા છે. તેમણે ચૂંટણી પંચને મોદી સરકારની 'બી ટીમ' પણ ગણાવી હતી, અને તેના પર ભાજપ સાથે મળીને મત ચોરી કરવાનો આરોપ લગાવ્યો હતો. પહેલા સૈન્ય, પછી ન્યાયતંત્ર અને સંસદ પર સવાલ ઊઠાવવામાં આવ્યા, અને હવે ચૂંટણી પંચને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. આ એક 'ખતરનાક વલણ' બની ગયું છે જેમાં ચૂંટણીમાં મળેલી હાર છુપાવવા માટે સંસ્થાઓની વિશ્વસનીયતા પર હુમલો કરવામાં આવી રહ્યો છે.

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર 'મત ચોરી'નો આરોપ લગાવ્યો, તેને 'દેશદ્રોહી' પણ કહી અને અધિકારીઓને ધમકાવ્યા, છતાં તેમણે કોઈ સત્તાવાર ફરિયાદ કે સોગંદનામું દાખલ કર્યું નથી.

# લોરેન્સના ભાઈ અનમોલને અમેરિકાથી ભારત લવાયો : પહેલી તસવીર સામે આવી

**નવી દિલ્હી, તા.19**



ગેંગસ્ટર લોરેન્સના ભાઈ અનમોલને અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવ્યો હતો અને બુધવારે દિલ્હી લાવવામાં આવ્યો હતો. તેને એરપોર્ટથી સીધા પટિયાલા કોર્ટમાં રજૂ કરવામાં આવશે. કુલ 200 લોકોને અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવ્યા છે, જેમાં ભારતના ત્રણ લોકોનો પણ સમાવેશ થાય છે. અનમોલ ઉપરાંત બે અન્ય લોકો પંજાબના છે.

ગેંગસ્ટર અનમોલ એપ્રિલ 2024માં બોલિવૂડ સ્ટાર સલમાન ખાનના ઘરે થયેલી ગોળીબારની ઘટનામાં વોન્ટેડ છે. તે ગયા વર્ષે મુંબઈમાં NCP નેતા બાબા સિદ્દીકીની હત્યાનો મુખ્ય આરોપી પણ છે. 2022માં પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યામાં પણ અનમોલનું નામ સામે આવ્યું હતું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અનમોલની અમેરિકામાં ગેરકાયદે રીતે પ્રવેશ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. તેને હવે ભારત મોકલવામાં આવી રહ્યો છે. તે ભારતમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ની વોન્ટેડ યાદીમાં છે. NIAએ તેના માથા પર 10 લાખનું ઈનામ પણ જાહેર કર્યું છે.

બાબા સિદ્દીકીના પુત્ર અને NCP નેતા ઝીશાન સિદ્દીકીએ સમાચાર એજન્સી PTIને જણાવ્યું હતું કે તેમને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી તરફથી એક ઈ-મેલ મળ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે અનમોલને યુએસથી દેશનિકાલ કરવામાં આવ્યો છે. ઝીશાને કહ્યું, 'અનમોલને ભારત લાવવામાં આવે અને તેના ગુનાઓ માટે કાર્યવાહી કરવામાં આવે.'

સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, એક અધિકારીએ જણાવ્યું હતું કે દેશભરમાં ગેંગસ્ટર વિરુદ્ધ અનેક કેસ નોંધાયેલા છે. કેન્દ્ર સરકાર હવે નક્કી કરશે કે તેને પહેલા કઈ એજન્સીને સોંપવામાં આવશે.

# ઐશ્વર્યા રાય PM મોદીને પગે લાગી : મોદીએ પણ સામે હાથ જોડ્યા

## આંધ્રપ્રદેશમાં ધર્મ-પ્રેમ પર 'બચ્ચન બહુ'ની સ્પીચ સાંભળી ફેન્સ ગદગદ થયા

**પુટ્ટપર્થી, તા.19**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે આંધ્રપ્રદેશના પુટ્ટપર્થીમાં સત્ય સાંઈ બાબાના શતાબ્દી સમારોહમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું, આ શ્રી સત્ય સાંઈ બાબાના જન્મ શતાબ્દી વર્ષ આપણી પેઢી માટે ફક્ત ઉત્સવ નહીં, પણ એક દિવ્ય વરદાન છે.

તેમણે કહ્યું હતું કે ભલે તેઓ આપણી વચ્ચે હાજર નથી, તેમના ઉપદેશો, તેમનો પ્રેમ અને તેમની સેવાની ભાવના લાખો લોકોને માર્ગદર્શન આપે છે. તેમના ઉપદેશોનો પ્રભાવ લોકોમાં દેખાય છે. PM નરેન્દ્ર મોદી બુધવારે આંધ્રપ્રદેશ અને તામિલનાડુની મુલાકાતે છે. PM સૌપ્રથમ આંધ્રપ્રદેશના પુટ્ટપર્થીમાં સત્ય સાંઈ બાબા મંદિર અને મહાસમાધિ ગયા હતા. ત્યાં તેમણે પૂજા કરી અને શ્રદ્ધાંજલિ આપી હતી.

જન્મ શતાબ્દી કાર્યક્રમમાં મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ, નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ, અભિનેત્રી ઐશ્વર્યા રાય અને ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકર પણ હાજર રહ્યા હતા. અભિનેત્રી ઐશ્વર્યા રાયે PM મોદીને પગે લાગીને આશીર્વાદ લીધા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે સત્ય સાંઈ બાબાનું જીવન વસુધૈવ કુટુમ્બકમનું જીવંત સ્વરૂપ હતું, તેથી તેમની જન્મશતાબ્દી આપણા માટે એક ભવ્ય ઉત્સવ બની ગઈ છે. આ પ્રસંગ નિમિત્તે આજે 100નો સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી. આ બંને સિક્કા અને ટિકિટ તેમની સેવાને પ્રતિબિંબિત કરે છે. ત્યાર બાદ તેમણે સત્ય સાંઈ બાબાના શતાબ્દી સમારોહમાં હાજરી આપી. આ કાર્યક્રમ દરમિયાન મોદીએ એક સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટનો સેટ જાહેર કર્યો. તેમણે સંબોધન કરતાં કહ્યું- માનવ સેવા જ માધવ સેવા છે. ત્યાર બાદ પીએમ મોદી તામિલનાડુના કોઈમ્બતુર જશે. તેઓ બપોરે લગભગ 1:30 વાગ્યે દક્ષિણ ભારત નેચરલ ફાર્મિંગ સમિટ 2025નું ઉદ્ઘાટન કરશે. આ દરમિયાન, તેઓ પીએમ કિસાન યોજનાનો 21મો હપતો જાહેર કરશે. ઐતિહાસિક સમારોહમાં ઐશ્વર્યા રાય બચ્ચને ધર્મ અને જાતિ પર ખાસ ભાષણ આપ્યું હતું. તેણીએ ધર્મ અને જાતિ પરના પોતાના વિચારો વિશ્વ સાથે શેર કર્યા હતા. જોકે, પોતાનું ભાષણ આપતા પહેલા, અભિનેત્રીએ ઐશ્વર્યા રાય સ્ટેજ પર હાજર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પગે લાગી અને તેમના આશીર્વાદ લીધા હતા.



**પત્ની, પુત્ર-પુત્રીને મોતને ઘાટ ઉતારનારને ફાંસી આપો**

# ભાવનગરના ફોરેસ્ટ અધિકારીને ફાંસીની માગ સાથે સુરતમાં કેન્ડલ માર્ચ, લોકોની ખાટકી શૈલેષ ખાંભલાને ફાંસી આપવાની માગ....

સુરત, તા.19

ભાવનગરમાં ત્રણ દિવસ પહેલાં કાચના મંદિર પાસે આવેલા ફોરેસ્ટ કવાર્ટરમાંથી પત્ની, પુત્રી-પુત્રને તકિયાથી મોઢું દબાવી એક પછી એક ત્રણને મોતને ઘાટ ઉતારનાર ACF શૈલષ ખાંભલાને ભાવનગર પોલીસ ઝડપી લીધો છે. ત્યારે શૈલષ ખાંભલાને ફાંસીની સજા કરવાની માગ સાથે સુરતના કાપોદ્રામાં રબારી સમાજની કેન્ડલ માર્ચ યોજાઈ હતી. જેમાં 'ખાટકી શૈલેષ ખાંભલાને ફાંસી આપો' ના બેનર સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.





ભાવનગર ખાતે બનેલી હૃદય કંપાવનારી ટ્રિપલ મર્ડરની ઘટનામાં મૃત્યુ પામેલા નયનાબેન અને તેમના બે માસૂમ બાળકોને શ્રદ્ધાંજલિ આપવા તથા આરોપીને સખતમાં સખત અને ત્વરિત ફાંસીની સજા થાય તે માટે સુરત રબારી સમાજ દ્વારા એક વિશાળ કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉકાભાઈ ખાંભલિયા(સમાજ અગ્રણી)એ જણાવ્યું હતું કે, આ ખૂબ જ નિંદનીય ઘટના છે. અમારે શરમથી અમારું માથું નીચું ઝૂકાવીને ચાલવું પડે છે. આ એક એવી ઘટના ઘટી છે. એટલે અમે તો કોઈ દિવસ માફ કરવાના નથી, સમાજ પણ માફ કરવાનો નથી. અમે તો એવું જ કહીએ છીએ કે જે અમદાવાદની ઘટના જે બની છે. જે સાયકો કિલરનું જે રીતે પોલીસ એન્કાઉન્ટર જે કર્યું છે એ જ પ્રમાણે આ ઘટનાને કરે. જે દોષિત છે એને પહેલા એકત્રિત પુરાવા કરી કડક સજા આપે એ સમગ્ર રબારી સમાજની માંગ છે. અમે પણ સમગ્ર સમાજ સાથે તાલ મિલાવીને કે આની અંદર કોઈ રહી ન જાય, કોઈ વ્યક્તિ બાકી ન રહી જાય એવી સૌની અમારી માંગણી છે.

સુરતમાં સમગ્ર સમાજ જેને શોધવા માટે 10 દિવસ માટે તનતોડ મહેનત કરી હતી. સમાજ એક તાંતણે થઈને કે ભાઈ અહીં છે, અહીં છે, 10-10 દિવસ સુધી સમાજને આખા ગુમરાહ કર્યા છે. એટલે આને કોઈ દિવસ સમાજ માફ ના કરી શકે. આજે વડવાળા સોસાયટીમાં સમગ્ર સમાજ ભેગો થયો છે.

ઉકાભાઈએ આગળ કહ્યું કે, અહીંથી કેન્ડલ માર્ચ લઈને અમે વડવાળા સર્કલ સુધી જઈને બેન, બાળકોના દિવ્ય આત્માને વડવાળા દેવ શાંતિ આપે એ જ પ્રાર્થના માટે અમે સૌ ભેગા થયા. આરોપી કોઈ સમાજનો હોતો નથી, દરેક સમાજ આની અંદર જોડાયેલો છે. આરોપીને કડકમાં કડક સજા કરે સરકાર. હું તો એમ કહું છું આ HM સાહેબના ગઢની અંદર ઘટના બની છે, તો HM જલ્દી આનો નિર્ણય લઈને ફાસ્ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને તાત્કાલિક શૂટઆઉટ કરે એ જ અમારી માંગણી છે.

ભાવનગરની ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે, ત્યારે ન્યાયની માગ સાથે સુરત રબારી સમાજ એક જૂથ થયો હતો. સુરતમાં કાપોદ્રા વડવાળા સોસાયટીની વાડી ખાતે ગુમાવેલા ત્રણ નિર્દોષ જીવોની આત્માની શાંતિ માટે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ કાપોદ્રા વડવાળા સોસાયટીની વાડીથી કેન્ડલ માર્ચ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ, યુવાનો અને બહેનો આ કેન્ડલ માર્ચમાં જોડાયા હતા. સૌએ હાથમાં સળગતી મીણબત્તીઓ લઈને મૌન રહીને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને શોક વ્યક્ત કર્યો હતો. જે લોકો પાસે કેન્ડલ ન હતી તેઓએ પોતાના મોબાઈલની ટોર્ચ લાઈટ ચાલુ કરી જોડાયા હતા.

સમાજના લોકો દ્વારા માગ કરવામાં આવી હતી કે, આ પ્રકારના જઘન્ય કૃત્યો સમાજમાં કોઈ અન્ય વ્યક્તિ ન કરે તે માટે આરોપીને દાખલારૂપ સજા થવી જોઈએ. સમાજ તરીકે અમે મૃતકોના પરિવારની સાથે છીએ અને સરકાર પાસે અમારી એક જ માગ છે કે આરોપીને વહેલી તકે ફાંસીની સજા થાય. આ કેન્ડલ માર્ચ થકી સુરત રબારી સમાજે મૃતકોના પરિવારને સાંત્વના પાઠવી હતી અને રાજ્ય સરકાર તથા ન્યાયતંત્રને આ કેસમાં ઝડપી અને કડક કાર્યવાહી કરવા માટે અપીલ કરી હતી. ભાવનગરમાં રહેતા અને ફોરેસ્ટ વિભાગમાં ACF (આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ) તરીકે ફરજ બજાવતા શૈલેષ ખાંભલાના પત્ની અને બે સંતાનો 5મી નવેમ્બરે ગુમ થયા બાદ 16મી નવેમ્બરે ફોરેસ્ટ કોલોનીમાં તેમના ઘરથી 20 ફૂટ દૂર ખાડામાંથી મૃતદહે મળી આવ્યા હતા. શૈલેષે આ હત્યા ઘરકંકાસમાં કરી હતી. શૈલેષ ખાંભલાએ 7 નવેમ્બરે ત્રણેય ગુમ થયાની પોલીસને જાણ કરી હતી, પરંતુ 10 દિવસ બાદ ભાવનગરમાં આવેલા પોતાના ક્વાર્ટરની બાજુમાં જ વિશાળ ખાડામાંથી તેમના મૃતદેહ મળ્યા હતા. આ સંદર્ભે પોલીસે તપાસ કરતા શૈલેષ ખાંભલાએ જ પત્ની, પુત્ર અને પુત્રીની હત્યા કરી ક્વાર્ટરના પાછળના ભાગમાં હત્યા કરી દાટી દીધા હોવાનો ખુલાસો થયો હતો. આ મામલે ભરતનગર પોલીસે પરિવારના ત્રણ સભ્યોની હત્યા અંગે શૈલેષ ખાંભલા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ડોક્ટરે મજૂરોને ઉડાવ્યા, 2નાં મોત

### મધ્યપ્રદેશના 5 શ્રમિક હાઈવે સમારકામ કરતા હતા, 3નો બચાવ; પાદરાના સરસવણી ગામ પાસે એક્સિડન્ટ

વડોદરા, તા.19

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર અકસ્માતમાં 2 મજૂરનાં મોત થયાં છે. પાદરાના સરસવણી ગામ નજીક હાઈવે સમારકામની કામગીરી દરમિયાન કારચાલક ડોક્ટરે બે મજૂરને અડફેટે લેતાં મોત થયાં છે. કુલ 5 મજૂર કામ કરતા હતા, જેમાંથી 3નો આબાદ બચાવ થયો છે. વડોદરાથી ભરૂચ તરફ જતી કારે અચાનક નિયંત્રણ ગુમાવી મજૂરોને અડફેટે લીધા હતા. સમગ્ર મામલે પાદરા પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે.

અકસ્માત કરનાર 40 વર્ષીય ડોક્ટર મૌલિક ઝવેરીનું અંકલેશ્વરમાં દવાખાનું છે. પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. બીજી તરફ બંને મૃતકોના પોસ્ટમોર્ટમ અને પંચનામાની કાર્યવાહી કરાઈ રહી છે. એક્સપ્રેસ હાઈવે પર ઠેર ઠેર રોડનાં સમારકામની કામગીરી ચાલી રહી છે, જ્યાં બેરિકેડિંગ પણ કરેલું છે, તેમ છતાં ડોક્ટરે મજૂરોને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મધ્યપ્રદેશના 2 મજૂરનાં મોત થયાં છે. ઘટનાને પગલે મજૂરોનાં પરિવારજનો દોડી આવ્યાં હતાં અને રોષે ભરાયાં હતાં.

સાગર પ્રજાપતિએ જણાવ્યું હતું કે અમે લોકો સવારે અહીંથી રોડ મેન્ટેનન્સનાં કામ માટે હાઈવે પરની સાઈટ ખાતે જવા નીકળ્યા હતા. સવારે 8:30 વાગ્યે સાઈટ



પર પહોંચ્યા હતા. પોતાનું સેફ્ટી વગેરે બધું જ લગાવ્યું હતું.

વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર પણ છાશવારે અકસ્માતો સર્જાય છે, ત્યારે હવે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર પણ અકસ્માતો શરૂ થયા છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે 8 લેન છે. જોકે હાલ હાઈવે પર મેન્ટેનન્સની કામગીરી ચાલી રહી છે અને કારચાલક ડોક્ટરની બેદરકારીને કારણે અકસ્માત સર્જાયો છે. એક્સપ્રેસ હાઈવે પર ઠેર ઠેર રોડનાં સમારકામની કામગીરી ચાલી રહી છે, જ્યાં બેરિકેડિંગ પણ કરેલું છે, તેમ છતાં ડોક્ટરે મજૂરોને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મધ્યપ્રદેશના 2 મજૂરનાં મોત થયાં છે. ઘટનાને પગલે મજૂરોનાં પરિવારજનો દોડી આવ્યાં હતાં અને રોષે ભરાયાં હતાં.

# રત્નકલાકારોના બાળકોના શિક્ષણ સહાયના 26 હજાર ફોર્મ રદ થયા...

### છેલ્લા પાંચ દિવસમાં સુરતમાં 1 હજાર RTI અરજી, રિજેક્ટ થયેલા ફોર્મના સાચા કારણો જાણવા માગ

સુરત, તા.19

ગુજરાત સરકાર દ્વારા રત્નકલાકારોના બાળકોના શિક્ષણ માટે જાહેર કરવામાં આવેલા સહાય પેકેજમાં 26,000 જેટલા ફોર્મ રિજેક્ટ થતાં સુરતના રત્નકલાકારોએ માહિતી અધિકાર અધિનિયમ-2005નો સહારો લઈ જાગૃતિ અને લડતનું શંખનાદ ફૂંક્યું છે. ડાયમંડ વર્કર યુનિયનના નેજા હેઠળ છેલ્લા પાંચ દિવસમાં જ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં 1000થી વધુ RTI અરજીઓ દાખલ કરવામાં આવી છે. રિજેક્ટ થયેલા ફોર્મ પાછળના સાચા કારણો જાણવા અને ગરીબ તથા જરૂરિયાતમંદ રત્નકલાકારોને ન્યાય મળે તે માટે યુનિયનની માગ છે. ડાયમંડ વર્કર યુનિયનના વાઈસ પ્રેસિડેન્ટ ભાવેશભાઈ ટાંકે આ સમગ્ર મામલે વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે રત્નકલાકારો માટે શિક્ષણ સહાય પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજ અંતર્ગત સુરત ખાતે 74000થી વધુ રત્નકલાકારોએ ફોર્મ ભર્યા હતા. જેમાંથી 50,000 ફોર્મને મંજૂર કરવામાં આવ્યા, પરંતુ 26,000 જેટલા ફોર્મને કોઈપણ સ્પષ્ટ કારણ આપ્યા વગર રિજેક્ટ કરી દેવાયા હતાં. હાલમાં



હીરા ઉદ્યોગ મંદીના ગ્રહણ હેઠળ છે, જેના કારણે અનેક રત્નકલાકારોની આર્થિક સ્થિતિ કફોડી બની છે. ઘણા પરિવારો ભાડાના મકાનોમાં રહે છે અને તેમના બાળકોની શિક્ષણ ફી ભરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ફી ન ભરાય તો બાળકોના અભ્યાસ અટકાવવામાં આવે તેવું દબાણ પણ સ્કૂલો દ્વારા કરવામાં આવી રહ્યું છે. આવા કપરા સમયમાં શિક્ષણ સહાય રદ થતાં પરિવારોની મુશ્કેલીઓ વધી ગઈ છે. ભાવેશભાઈએ 'માહિતી અધિકાર અધિનિયમ-2005'ના કાયદાની સત્તા પર ભાર મૂકતા જણાવ્યું કે, આ કાયદો ભારતના દરેક નાગરિકને સરકાર પાસેથી માહિતી જાણવાનો બંધારણીય અધિકાર આપે છે. તેમણે ઉમેર્યું કે, સરકારને અમારી વિનંતી છે કે જો ફોર્મ યોગ્ય કારણોસર રદ થયા હોય તો વાંધો નથી, પરંતુ અનેક એવા પરિવારો છે જેને હકીકતમાં ફીની જરૂર છે. સરકારે મોટું મન રાખીને 26,000 રદ કરાયેલા ફોર્મ પર ફેર-વિચારણા કરવી જોઈએ.જો આરટીઆઈ દ્વારા માંગવામાં આવેલી માહિતી સમયસર અને યોગ્ય રીતે પૂરી પાડવામાં નહીં આવે, તો યુનિયન અધિકારીઓ વિરુદ્ધ અને કાયદાના ભંગ બદલ કાયદાકીય લડત ચલાવશે, તેવી ચીમકી પણ તેમણે ઉચ્ચારી છે.

## ગોરવા મધુનગરમાં ગાર્ડન રેસ્ટોરન્ટમાં ભીષણ આગ

### ભીષણ આગથી અફરા તફરી મચી, રેસ્ટોરન્ટ બળીને ખાખ, કોઈ જાનહાનિ નહીં



વડોદરા, તા.19

વડોદરા શહેરના ગોરવા મધુનગર બ્રિજ પાસે આવેલી ગાર્ડન રેસ્ટોરન્ટમાં આગનો બનાવ સામે આવ્યો હતો. આ આગે ભયાનક સ્વરૂપ ધારણ કરતા અફરા તફરી મચી જવા પામી હતી. આ રેસ્ટોરન્ટ આખી વાંસની લાકડીઓમાંથી બનાવેલ હોવાથી આગ લગતા જ આંખના પલકારામાં બળીને ખાખ થઈ ગઈ હતી. આ આગમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ગાર્ડન રેસ્ટોરન્ટ આખી બળીને ખાખ થઈ ગઈ હતી.

વડોદરા શહેરના ગોરવા મધુનગર વિસ્તારમાં આવેલ 'તાજ ગાર્ડન રેસ્ટોરન્ટ'માં ભીષણ આગનો બનાવ સામે આવ્યો હતો. આ આગ જોત જોતામાં આખા રેસ્ટોરન્ટમાં ફેલાઈ જતા જોત જોતામાં વાસની લાકડીઓ હોવાથી ભડભડ સળગી ઊઠી હતી. આ બનાવ અંગે વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી છાણી ટીપી 13 સ્ટેશનને જાણ કરતા તાત્કાલિક ટીમ ઘટના સ્થળે પહોંચી આગને કાબા લેવાનાઓ પ્રયાસ કર્યો હતો. આ ફાયર બુઝાવે તે પહેલા આખું ગાર્ડન રેસ્ટોરન્ટ બળીને ખાખ થઈ ગયું હતું.

આ બનાવ અંગે ગોરવા પોલીસ અને સ્થાનિક વીજ કંપનીની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. આ આગ વાસની લાકડીઓથી બનેલ ગાર્ડન રેસ્ટોરન્ટ હોવાથી ઝડપી પ્રસરી હતી. આ આગ લગતા આસપાસના વિસ્તારના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સદ સીબે આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ફાયર વિભાગનું કહેવું છે કે, આ આગ બાજુમાં લગ્ન પ્રસંગ હોવાથી ફટાકડાના કારણે લાગી હોય તેવું પ્રાથમિક અનુમાન છે.

# 'મગફળીના દાણા જેવા ગમે ત્યારે ખોવાઈ જશે, ઓરિજિનલ બદામ રહેશે'

- **કરજણમાં ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં સતીષ નિશાળીયાએ વિરોધીઓને આડેહાથ લીધા**

વડોદરા, તા.19

વડોદરા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. એક બાદ એક ભાજપના નેતાઓ ચર્ચાસ્પદ નિવેદનો આપી રહ્યા છે. ત્યારે વધુ એક ભાજપના પૂર્વ કરજણના ધારાસભ્ય અને જિલ્લા પ્રમુખ સતીશ નિશાળીયાનાએ સ્નેહ મિલન કાર્યક્રમમાં સ્ટેજ ઉપરથી વિરોધીઓને ખુલ્લેઆમ ચીમકી આપી છે. હાલમાં આ નિવેદન સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યું છે. સતીશ પટેલ (નિશાળિયા) એ કરજણમાં યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમમાં સ્ટેજ પરથી નિવેદન આપતા જણાવ્યું હતું કે, મગફળીના દાણા જેવા ગમે ત્યારે ખોવાઈ જવાના, પરંતુ આ ઓરિજનલ બદામ તો રહેવાની જ છે. હું તો ભારતીય




જનતા પાર્ટીનો પાયાનો કાર્યકર છું...બીજા મેદાન છોડી ને જશે પણ હું ક્યારેય નથી જવાનો.. તેવું કહી વિરોધીઓ પર નિશાન સાધ્યું હતું.

વધુમાં જણાવ્યું હતું કે, ઘણા બધા વાતો કરતા હોય છે કે, સતીષભાઈ પાસે તો સત્તા નથી. એટલે આ સ્નેહમિલનમાં કાર્યક્રમમાં કોઈ નહીં આવે, પરંતુ તમે જે લોકો અહીંયા આ રીતે આવ્યા છો અને વિરોધીઓના મોઢા બંધ કર્યા છે તેથી તમારો આભાર માનું છું. ઘણા બધાને આ બધું ગમતું ન હોય પરંતુ તમે પણ આ કરો તેવી વાત કરી હતી. મિત્રો છેલ્લા 17 વર્ષથી વર્ષ 2008થી હું સ્નેહમિલન કાર્યક્રમ કરું છું. આજે અહીંયા તમારો પ્રેમ અને સહકાર મળ્યો છે. સતીશ પટેલ (નિશાળિયા) એ કરજણમાં યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમમાં સ્ટેજ પરથી નિવેદન આપતા જણાવ્યું હતું કે, મગફળીના દાણા જેવા ગમે ત્યારે ખોવાઈ જવાના, પરંતુ આ ઓરિજનલ બદામ તો રહેવાની જ છે. પરંતુ ઘણા બધા લોકોને એમ હોય છે કે સતીષભાઈ પાસે કોઈ સત્તા કે હોદ્દો નથી. એટલે આપણા બધા એમને હેરાન કરીએ, પાર્ટી છોડીને જતા રહીએ તેવું કરીએ. મિત્રો હું અસલ ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા છું અને આજ પાર્ટીમાં કામ કરવાનો છું.

# જેલમાંથી છૂટ્યો ને બની ગયો માસ્ટરમાઈન્ડ : BSc ગ્રેજ્યુએટે 3 કંપની બનાવી 1200 નિર્દોષ લોકોને ડેટા એન્ટ્રીના નામે છેતર્યા, લૂંટ્યા 9 કરોડ

સુરત, તા.19

સુરત સાયબર સેલે એક વ્હાઈટ-કોલર ઠગનો પર્દાફાશ કર્યો છે, જેણે પોતાની ઉચ્ચ ડિગ્રી (B.Sc. મેથેમેટિક્સ) અને ચીફ ફાઈનાન્સ ઓફિસરની પ્રતિષ્ઠિત નોકરીનો દુરુપયોગ ગુના માટે કર્યો. આ શખસે લોકોને સરળ ડેટા એન્ટ્રી કામ અને લોનની લાલચ આપીને ફસાવ્યા હતા. તેને લોસ મેકિંગ કંપની ખરીદી અને એનો ઉપયોગ ષડયંત્રના એક ભાગ તરીકે કર્યો. આ યુવકે 1200થી વધુ નિર્દોષ લોકો સાથે છેતરપિંડી કરીને 9 કરોડથી વધુની રકમ ખંખેરી લીધી હતી.

સુરત સાયબર ક્રાઈમ સેલે તાજેતરમાં એક એવા હાઈ-પ્રોફાઈલ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ ચોંકી ઊઠી છે. જે વ્યક્તિ પુણેની એક કંપનીમાં ચીફ ફાઈનાન્સ ઓફિસર જેવી જવાબદાર પોસ્ટ પર હોય, જેનો પગાર મહિને 65,000 રૂપિયા હોય અને કંપનીમાં 20% હિસ્સેદારી હોય, તે વ્યક્તિએ 1200થી વધુ લોકો સાથે છેતરપિંડી કરી છે. સમગ્ર કેસમાં માસ્ટરમાઈન્ડ નિતેશ ગોવાણી છે.

શું એક વ્યક્તિ, જે બી. એસ.સી. મેથેમેટિક્સ ભણી હોય, પુણેની પ્રતિષ્ઠિત કંપનીમાં ચીફ ફાઈનાન્સ ઓફિસર જેવી ઉચ્ચ પોસ્ટ પર હોય અને મહિને 65,000 રૂપિયાનો વ્હાઈટ-કોલર પગાર મેળવતો હોય, તે ગુનેગાર હોઈ શકે? સુરત સાયબર સેલે એક એવા શાતિર ભેજાબાજનો પર્દાફાશ કર્યો છે, જેણે પોતાની ડિગ્રી અને કોર્પોરેટ અનુભવનો ઉપયોગ કોઈ કંપનીના વિકાસ માટે નહીં, પરંતુ 1200થી વધુ નિર્દોષ લોકોને લૂંટવા માટે કર્યો હતો. આંકડો નાનો નથી, આ વ્હાઈટ કોલર ઠગે લોકોને નોકરી અને લોનની લાલચ આપીને 9 કરોડથી વધુ રકમ ખંખેરી લીધી છે.

નિતેશ ગોવાણીની પ્રોફાઈલ જોઈને કોઈને પણ ઈર્ષ્યા આવી શકે. તેણે BSc Mathematics સુધીનો અભ્યાસ કર્યો છે. ગણિત અને આંકડાઓ પર તેની મજબૂત પકડ હતી. આ જ આવડતના જોરે તે પુણેની એક નામાંકિત પ્રાઈવેટ કંપનીમાં CFO તરીકે નોકરી કરતો હતો. માત્ર નોકરી જ નહીં, તેણે એ કંપનીમાં 20% શેર પણ ખરીદી લીધા હતા. દર મહિને તેના ખાતામાં 65,000 રૂપિયાનો પગાર જમા થતો હતો. સમાજની નજરમાં તે એક સફળ અને સુશિક્ષિત વ્યક્તિ હતો, પરંતુ તેના દિમાગમાં ગણતરીઓ કંઈક અલગ જ ચાલી રહી હતી. તેને 65 હજાર ઓછા પડતા હતા, કારણ કે તેને ટૂંકા ગાળામાં કરોડો કમાવાની લાલસા હતી.

નિતેશનો ગુનાખોરી સાથેનો આ પહેલો પરિચય નહોતો. વર્ષ 2021માં અમદાવાદમાં ડેટા એન્ટ્રીના નામે લોકો સાથે છેતરપિંડી કરવા બદલ તેની ધરપકડ થઈ હતી. એ સમયે તે લોકોને ઘરે બેઠા ડેટા એન્ટ્રીનું કામ આપવાની લાલચ આપીને ફસાવતો અને કામમાં ભૂલ કાઢીને લીગલ નોટિસના ડર બતાવીને ખંડણી વસૂલતો. આ ગુનામાં તેણે 6 મહિના અમદાવાદની સાબરમતી જેલમાં વિતાવ્યા હતા.



સામાન્ય રીતે જેલ માણસને સુધારે છે, પરંતુ નિતેશના કિસ્સામાં જેલ તેના માટે 'ક્રાઈમ સ્કૂલ' સાબિત થઈ. જેલમાં બેસીને તેણે વિચાર્યું કે અગાઉની પકડાઈ ગયેલી ટ્રિકમાં શું ખામી હતી? તેને સમજાયું કે ડાયરેક્ટ ફ્રોડ કરવાથી પકડાઈ જવાય છે, તેથી જેલમાંથી બહાર આવતાંની સાથે જ તેણે એક નવી અને ફુલ-પ્રૂફ યોજના બનાવી - 'લીગલ દેખાવું, પણ કામ ઈલીગલ કરવું.'

જેલમાંથી છૂટ્યા બાદ નિતેશે પુણેમાં CFOની નોકરી શરૂ કરી, પરંતુ તેનું મગજ જૂના ફ્રોડમાં મળતા મહિનાના 20-30 લાખ રૂપિયાને યાદ કરી રહ્યું હતું. તેણે પોતાની 'મેથેમેટિકલ' બુદ્ધિ વાપરીને એક જટિલ જાળ બિછાવી. તેને ખબર હતી કે લોકોનાં ખાતાંમાંથી પૈસા કાપવા માટે સબ્સ્ક્રિપ્શન મોડલ બેસ્ટ છે, પણ તેના માટે બેંક 1 વર્ષ જૂની કંપની માગે છે, આથી તેણે સુરત આવીને સંકેત માંગરોલા નામની વ્યક્તિ પાસેથી ગ્લોબલ ઈન્ડેક્સ નામની એક લોસ મેકિંગ કંપની ખરીદી લીધી.

ત્યાર બાદ તેણે 2024માં દુબઈમાં કનેક્ટિંગ ઓલ ઈન્ડિયા નામની કંપની રજિસ્ટર કરાવી. આ કંપનીનું કોઈ અસ્તિત્વ નહોતું, કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહોતું, એ માત્ર કાગળ પર હતી. ડેટા ભેગો કરવા માટે તેણે ત્રીજી કંપની વ્હાઈટ સોલ્વર બનાવી. આ કંપની લોકોને નોકરીની ઓફર આપતી. ટાર્ગેટ શું હતો? કનેક્ટિંગ ઓલ ઈન્ડિયા એપ ડાઉનલોડ કરાવો. દરેક ડાઉનલોડ પર તે 20 રૂપિયા આપતો.

ગ્લોબલ ઈન્ડેક્સ મારફત તે HR કન્સલ્ટન્સીનું કામ કરતો. નોકરી ઈચ્છુક ઉમેદવારો પાસેથી તે 'ઈ-સિગ્નેચર' કરાવી લેતો અને કરાર કરાવી લેતો. બાદમાં કરાર ભંગના બહાને અથવા કામ પૂરું ન થવાના બહાને લીગલ નોટિસનો ડર બતાવીને તે લોકો પાસેથી રૂપિયા પડાવતો.

નિતેશ એટલો ચાલાક હતો કે તેણે તમામ દસ્તાવેજો લીગલ રાખ્યા હતા. GST, IT રિટર્ન બધું જ સમયસર ભરતો, જેથી કોઈને શંકા ન જાય. સૌથી મોટી વાત એ હતી કે તેણે સુરતની કંપની ગ્લોબલ ઈન્ડેક્સ કાગળ પર સત્યેન્દ્ર પાલ નામની વ્યક્તિને વેચી દીધી હતી, જેથી ક્યારેક તપાસ થાય તો તેનું નામ રેકોર્ડ પર ન આવે. પરંતુ હકીકતમાં બેંકના લોગઈન આઈડી, પાસવર્ડ અને ઓપરેશનનો તમામ દોરીસંચાર નિતેશ પોતે જ સંભાળતો હતો.

સુરત સાયબર સેલના ડીસીપી બિશાખા જૈન અને તેમની ટીમે જ્યારે કોલ સેન્ટરના રેકેટની તપાસ શરૂ કરી, ત્યારે આ જટિલ કોર્પોરેટ સ્ટ્રક્ચરની પાછળ છુપાયેલો ચહેરો સામે આવ્યો. તપાસમાં બહાર આવ્યું કે નિતેશનો પ્લાન માત્ર પૈસા લૂંટવાનો જ નહીં, પણ ડિજિટલ ડેટા એકઠો કરી પોતાની કંપનીનું વેલ્યુએશન વધારીને મોટો નફો કરવાનો પણ હતો. આખરે ગણિતનો આ હોશિયાર વિદ્યાર્થી ગુનાની બાદબાકીમાં પકડાઈ ગયો. જેલના અનુભવ અને કોર્પોરેટ જ્ઞાનનો દુરુપયોગ કરીને તેણે 1200 લોકોની જિંદગી સાથે રમત રમી.

સુરત સાયબર સેલના ડીસીપી બિશાખા જૈને જણાવ્યું હતું કે પોતાની કંપની બનાવીને તે બીજી જ કંપનીની એપ ડાઉનલોડ કરાવતો હતો. વાઈટસોલ્વરમાં જોબ અપાવવા માટે તેણે ત્રીજી કંપની ઊભી કરી હતી, જે ગ્લોબલ ઈન્ડેક્સ સર્વિસીઝ હતી, જે તેણે સંકેત પાસેથી ખરીદી હતી.

ડીસીપીએ વધુમાં કહ્યું હતું કે આ ઉપરાંત ગ્લોબલ ઈન્ટેક્સ સર્વિસીઝ તેણે આજ વર્ષમાં કોઈ ત્રીજા માણસને વેચી દીધી, જેમનું નામ સત્યેન્દ્ર પાલ છે છતાં લોગઈન, પાસવર્ડ, ઓપરેશન - એ બધું પોતે સંભાળતો હતો. ફક્ત નામ લીગલી રેકોર્ડ પર નહીં આવે, આ માટે તેણે બીજાને વેચી દીધી અને ડોક્યુમેન્ટ તેના નામ પર કરાવી દીધા, પરંતુ ડિરેક્ટર તરીકે તે પોતે જ સંભાળતો હતો.

# પત્રકાર ખશોગી હત્યા કેસમાં ટ્રમ્પે સાઉદી પ્રિન્સને ક્લીનચીટ આપી

- **યુએસ એજન્સીના રિપોર્ટને ફગાવી દીધો, ટ્રમ્પે કહ્યું- આવી બાબતો બનતી રહે છે**





**વોશિંગ્ટન, તા.19**

વોશિંગ્ટન પોસ્ટના પત્રકાર જમાલ ખશોગીની હત્યા કેસમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) ને ક્લીનચીટ આપી દીધી છે.

મંગળવારે મોડી રાત્રે વ્હાઈટ હાઉસ ખાતે MBS સાથે મીડિયાને વાત કરતા, તેમણે કહ્યું કે ક્રાઉન પ્રિન્સને આ બાબતની કોઈ જાણકારી નથી. ટ્રમ્પે કહ્યું: 2018માં ઈસ્તંબુલમાં સાઉદી દૂતાવાસની અંદર ખાશોગીની હત્યા કરવામાં આવી હતી. યુએસ ગુપ્તચર એજન્સીઓના અહેવાલોમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે પ્રિન્સ સલમાને ખશોગીની હત્યાને મંજૂરી આપી હતી, ત્યારબાદ પ્રિન્સ સલમાનને વ્યાપક આંતરરાષ્ટ્રીય ટીકાનો સામનો કરવો પડ્યો હતો.

પત્રકારે ટ્રમ્પને પૂછ્યું, 'અમેરિકન ગુપ્તચર એજન્સીનો દાવો છે કે પ્રિન્સ સલમાને ખશોગીની ક્રૂર હત્યાનું આયોજન કર્યું હતું. તો, શું તમારા પરિવાર માટે સાઉદી અરેબિયામાં વ્યવસાય કરવો યોગ્ય છે?'

ટ્રમ્પે વચ્ચે રિપોર્ટરને અટકાવીને પૂછ્યું, 'તમે ક્યાંથી આવ્યા છો?' રિપોર્ટરે જવાબ આપ્યો, 'હું એબીસી ન્યૂઝથી છું.' ટ્રમ્પે જવાબ આપ્યો, 'ફેક ન્યૂઝ, એબીસી, ફેક ન્યૂઝ. આ બિઝનેસમાં સૌથી ખરાબ સંસ્થાઓમાંની એક.'

ટ્રમ્પે વધુમાં કહ્યું, 'મારે પરિવારના બિઝનેસ સાથે કોઈ લેવાદેવા નથી. મારો પરિવાર આખી દુનિયામાં બિઝનેસ કરે છે.'

આ દરમિયાન, જમાલ ખશોગીની વિધવાએ ટીવી પર આવીને કહ્યું કે તેના પતિના કેસમાં ન્યાય હજુ પણ અધૂરો છે અને તે તેના મૃતદેહને પરત કરવાની માંગ કરે છે.

ખશોગી, એક સાઉદી નાગરિક હતા અને તુર્કીમાં રહેતી તેની મંગેતર, હેટિસ સેંગીઝ સાથે લગ્ન કરવા માંગતા હતા. તે 2 ઓક્ટોબર, 2018ના રોજ ઈસ્તંબુલમાં સાઉદી અરેબિયાના દૂતાવાસમાં આ માટે મંજૂરી આપતા દસ્તાવેજો મેળવવા ગયો હતો, પરંતુ ક્યારેય પાછો ફર્યા નહીં.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, ખશોગીના સાઉદી શાહી પરિવાર સાથે સારા સંબંધો હતા, પરંતુ તેમના મૃત્યુ પહેલાના મહિનાઓમાં, તેઓ પ્રિન્સ સલમાન વિરુદ્ધ લખતા હતા. ખશોગીએ 1980ના દાયકામાં ઓસામા બિન લાદેનનો ઈન્ટરવ્યુ પણ લીધો હતો.

ખશોગી આરબ વિશ્વમાં લોકશાહી, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સુધારાના હિમાયતી હતા. આવા વિચારો સાઉદી અરેબિયામાં વિદ્રોહી અને શાંતિ ડહોળાવતા માનવામાં આવતા હતા. તેમના લખાણો પ્રિન્સ સલમાનની આંતરરાષ્ટ્રીય છબીને નુકસાન પહોંચાડી રહ્યા હતા.

યુએસ CIAએ દાવો કર્યો હતો કે ખશોગીની હત્યાનો હેતુ MBS વિરુદ્ધના અસંતુષ્ટ અવાજોને કાયમ માટે દબાવવાનો હતો. જોકે, સાઉદી સરકારે સતત કોઈપણ સંડોવણીનો ઈનકાર કર્યો છે. ટ્રમ્પ સાથેની મુલાકાત દરમિયાન, પ્રિન્સ સલમાને જણાવ્યું હતું કે તેમનો દેશ અબ્રાહમ કરારમાં જોડાવા માંગે છે, પરંતુ આ માટે ઈઝરાયલ-પેલેસ્ટાઈન માટે બે-રાજ્ય ઉકેલ માટે સ્પષ્ટ માર્ગની જરૂર છે.

તેમણે મીડિયાને જણાવ્યું કે આ મુદ્દા પર ટ્રમ્પ સાથે તેમની સારી વાતચીત થઈ છે અને બંને દેશો સાથે મળીને એવું વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરશે જેમાં આગળ વધવું સરળ બને.

ક્રાઉન પ્રિન્સે કહ્યું કે તેઓ ઈઝરાયલ અને પેલેસ્ટાઈન બંને માટે શાંતિ ઈચ્છે છે, એકબીજા સાથે શાંતિથી રહે. જોકે, તેમણે તાત્કાલિક જાહેરાત કરી ન હતી કે સાઉદી અરેબિયા ક્યારે અબ્રાહમ કરારમાં જોડાશે.

ટ્રમ્પ અને પ્રિન્સ સલમાને 1 ટ્રિલિયન ડોલર (લગભગ 86 લાખ કરોડ) ના આર્થિક અને સંરક્ષણ કરારો પર હસ્તાક્ષર કર્યા. આમાં સિવિલ ન્યુક્લિયર એનર્જી કોર્પોરેશન પર સંયુક્ત કરારનો સમાવેશ થાય છે.

અમેરિકાએ F-35 જેટ સાથે સંકળાયેલા એક મોટા સંરક્ષણ સોદાને પણ મંજૂરી આપી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈઝરાયલ ઈચ્છતું હતું કે અમેરિકા સાઉદી અરેબિયાને F-35 ફાઈટર જેટ વેચે, શરત એ છે કે દેશ અબ્રાહમ કરારમાં જોડાય.

જોકે, ટ્રમ્પે આ માંગણીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે સાઉદી અરેબિયાને ઈઝરાયલ જેટલા જ અદ્યતન શસ્ત્રો મળશે. તેમણે કહ્યું, 'મારું માનવું છે કે બંને દેશોને ટોપ ક્વોલિટી શસ્ત્રો મળવા જોઈએ. અમે આ સોદાને અંતિમ સ્વરૂપ આપીશું.'

MBSએ એમ પણ કહ્યું કે સાઉદી અરેબિયા ગાઝાના પુનર્નિર્માણ માટે સહાય પૂરી પાડશે, જોકે રકમ નક્કી કરવામાં આવી નથી. ટ્રમ્પે મજાકમાં ટિપ્પણી કરી કે આ રકમ નોંધપાત્ર હશે.

F-35એ અમેરિકાનું પાંચમી પેઢીનું ફાઈટર એરક્રાફ્ટ છે. લોકહીડ માર્ટિન દ્વારા વિકસિત, ઉત્પાદન 2006માં શરૂ થયું હતું અને 2015થી યુએસ એરફોર્સ સાથે સેવામાં છે. તે પેન્ટાગોનના ઈતિહાસમાં સૌથી મોંઘુ એરક્રાફ્ટ છે. F-35 ત્રણ પ્રકારોમાં આવે છે, જેની કિંમત 700 કરોડથી 944 કરોડની વચ્ચે છે. વધુમાં, F-35ને ચલાવવા માટે પ્રતિ કલાક વધારાના 31.20 લાખનો ખર્ચ થાય છે.

સાત વર્ષમાં પ્રિન્સ સલમાનની આ પહેલી વોશિંગ્ટન મુલાકાત છે. તેમણે છેલ્લે 2018માં અમેરિકાની મુલાકાત લીધી હતી. છેલ્લા સાત વર્ષમાં આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નોંધપાત્ર ફેરફાર થયો છે.

અમેરિકા અને તેના સાથી દેશો વચ્ચે અનેક મુદ્દાઓ પર વિવાદો ઉભા થયા છે. ગાઝા યુદ્ધમાં ઈઝરાયલને ટેકો આપવા બદલ અમેરિકાને ઘણા દેશોના રોષનો સામનો કરવો પડ્યો છે.

બીજી તરફ, ચીન અને સાઉદી અરેબિયા વચ્ચેના સંબંધો મજબૂત થયા છે. ગયા મહિને, બંને દેશોએ સંયુક્ત નૌકાદળ કવાયત હાથ ધરી હતી, અને 2023 માં સાઉદી-ઈરાન કરારમાં ચીને મધ્યસ્થી ભૂમિકા ભજવી હતી. ચીન સાઉદી અરેબિયાનો સૌથી મોટો વેપાર ભાગીદાર પણ બની ગયો છે.

બીજા કાર્યકાળ માટે શપથ લીધા પછી ટ્રમ્પનો પહેલો ફોન કોલ સાઉદી પ્રિન્સ સલમાનને હતો. તેમના શપથગ્રહણના થોડા દિવસો પછી, મીડિયા દ્વારા ટ્રમ્પને તેમની પહેલી વિદેશ યાત્રા વિશે સવાલ પૂછવામાં આવ્યો હતો.

આ સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે તેઓ પહેલા તે દેશની મુલાકાત લેશે જે અમેરિકામાં સૌથી વધુ રોકાણ કરશે.

આ પછી, સાઉદી સરકારે એક નિવેદન બહાર પાડીને કહ્યું કે તેમનો દેશ આગામી ચાર વર્ષમાં અમેરિકામાં $600 બિલિયન (રૂ. 50 લાખ કરોડ)નું રોકાણ કરવા તૈયાર છે.

જોકે, ટ્રમ્પે કહ્યું છે કે તેઓ તેને વધારીને 1 ટ્રિલિયન ડોલર સુધી જોવા માંગે છે, જેમાં વધુ યુએસ લશ્કરી સાધનોની ખરીદીનો પણ સમાવેશ થાય છે.

સાઉદી અરેબિયાના સોવરિન વેલ્થ ફંડ અને પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ ફંડ (PIF) પાસે $925 બિલિયનનું જંગી રોકાણ છે. આ ફંડ્સ દ્વારા સાઉદી અરેબિયા પહેલાથી જ યુનાઈટેડ સ્ટેટ્સમાં અસંખ્ય રોકાણો કરી ચૂક્યું છે. UAEએ આગામી 10 વર્ષમાં યુએસના AI, સેમિકન્ડક્ટર, ઊર્જા અને માળખાગત ક્ષેત્રોમાં $1.4 ટ્રિલિયનનું રોકાણ કરવાનો ઈરાદો પણ વ્યક્ત કર્યો છે.

# ભારતને Su-57 ફાઈટર જેટ આપવા રશિયા તૈયાર : ટેકનોલોજી પણ શરત વિના ટ્રાન્સફર કરવામાં આવશે

**મોસ્કો, તા.19**

રશિયા ભારતને Su-57 સ્ટીલ્થ ફાઈટર જેટ સપ્લાય કરવા માટે તૈયાર થઈ ગયું છે. રશિયન કંપની રોસ્ટેકના CEO સેર્ગેઈ કેમેઝોવે દુબઈ એર શોમાં જણાવ્યું હતું કે તેઓ કોઈપણ શરતો વિના આ ફાઈટર જેટ માટે ટેકનોલોજી પણ ટ્રાન્સફર કરશે.




રશિયન Su-57 જેટને યુએસ F-35નો તોડ માનવામાં આવે છે. Su-57ની જેમ, F-35એ પાંચમી પેઢીનું ફાઈટર પ્લેન છે. અમેરિકા લાંબા સમયથી ભારતને F-35 વેચવાની માંગ કરી રહ્યું છે.

રશિયા તરફથી આ ખાતરી ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે હાલમાં મોસ્કોમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કર્યા બાદ આપી છે. પુતિન આવતા મહિને ભારતની મુલાકાતે આવવાના છે.

CEOસેર્ગેઈ કેમેઝોવે જણાવ્યું હતું કે ભારત અને રશિયા દાયકાઓથી વિશ્વસનીય ડિફેન્સ ભાગીદાર રહ્યા છે. જ્યારે ભારત પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાગ્યા હતા, ત્યારે પણ રશિયા ભારતની સુરક્ષા માટે શસ્ત્રો પૂરા પાડતું રહ્યું.

તેમણે કહ્યું, 'આજે પણ અમે એ જ નીતિ અપનાવી રહ્યા છીએ. અમે ભારતને તેની જરૂરિયાતો અનુસાર તમામ પ્રકારના લશ્કરી સાધનો પૂરા પાડી રહ્યા છીએ અને ભવિષ્યમાં સહયોગને વધુ મજબૂત બનાવી રહ્યા છીએ.'

રશિયાનો દાવો છે કે Su-57 ટેકનોલોજી પર કોઈ નિયંત્રણો રહેશે નહીં. એન્જિન, રડાર, સ્ટીલ્થ ટેકનોલોજી અને આધુનિક શસ્ત્રો અંગેની માહિતી શેર કરી શકાય છે. રશિયાએ એમ પણ કહ્યું કે જો ભારત ઈચ્છે તો Su-57નું પ્રોડક્શન ભારતમાં જ કરી શકાય છે. રશિયાએ ભારતને બે સીટર Su-57 માટે સંયુક્ત આયોજનનો પ્રસ્તાવ પણ મૂક્યો છે, અને કહ્યું છે કે આ કોઈપણ વિદેશી પ્રતિબંધો વિના ભારતમાં થઈ શકે છે.

રશિયા દાયકાઓથી ભારતનો મુખ્ય લશ્કરી સપ્લાયર રહ્યો છે, જે ફાઈટર જેટ અને સબમરીનથી લઈને મિસાઈલ સિસ્ટમ અને હેલિકોપ્ટર સુધી બધું જ પૂરું પાડે છે.

ભારત પોતાના પાંચમી પેઢીના ફાઈટર વિમાન પર કામ કરી રહ્યું છે, જેનો પ્રોટોટાઈપ 2-3 વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. 2024માં, સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) એ સ્વદેશી પાંચમી પેઢીના ફાઈટર જેટની ડિઝાઈન અને વિકાસ માટે 15,000 કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપી હતી.

કેબિનેટ કમિટી અનુસાર, AMCA વિમાન ભારતીય વાયુસેનાના અન્ય ફાઈટર એરક્રાફ્ટ કરતા મોટું હશે. તેમાં દુશ્મનના રડારથી બચવા માટે અદ્યતન સ્ટીલ્થ ટેકનોલોજી હશે. તે વિશ્વના હાલના પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર્સ જેવું અથવા તેનાથી પણ વધુ સારું હશે.

ભારત તેની હાલની S-400 એર ડિફેન્સ સિસ્ટમ માટે રશિયા પાસેથી 10,000 કરોડની મિસાઈલો ખરીદવાની પણ તૈયારી કરી રહ્યું છે. આ માટે રશિયન અધિકારીઓ સાથે વાતચીત ચાલી રહી છે.

ભારતીય વાયુસેનાની S-400 સિસ્ટમે ઓપરેશન સિંદૂર દરમિયાન મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેણે 300 કિલોમીટરથી વધુની રેન્જમાં 5 થી 6 પાકિસ્તાની ફાઈટર જેટ અને એક જાસૂસી વિમાનને તોડી પાડ્યા હોવાના અહેવાલ છે. વાયુસેનાએ S-400ને ભારતની વાયુ સંરક્ષણ વ્યૂહરચનામાં ગેમ-ચેન્જર ગણાવ્યું છે. યુક્રેન પછી ભારત વિશ્વમાં બીજા ક્રમનો સૌથી મોટો શસ્ત્ર ખરીદનાર દેશ છે. જોકે, હાલના વર્ષોમાં, સરકાર શસ્ત્રોની નિકાસ પર પણ ભાર મૂકી રહી છે. આ માટે, ભારત એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેંક (EXIM બેંક) દ્વારા શસ્ત્રોની ખરીદી માટે લોન આપી રહ્યું છે.

# અલ ફલાહ યુનિવર્સિટીના 10 લોકો ગૂમ: દિલ્હી વિસ્ફોટો સાથે લિંક હોવાની શંકા

**નવી દિલ્હી, તા.19**

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટ બાદ, હરિયાણાના ફરીદાબાદમાં અલ ફલાહ યુનિવર્સિટી શંકાના દાયરામાં આવી છે. દિલ્હી વિસ્ફોટ પછી યુનિવર્સિટી સાથે સંકળાયેલા દસ લોકો ગુમ છે. તેમના ફોન પણ બંધ છે. એજન્સીને શંકા છે કે ગ્રાઉન્ડ વર્કર તરીકે કામ કરતા આ વ્યક્તિઓ વિસ્ફોટમાં સામેલ હોઈ શકે છે. દરમિયાન આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદે ભારતમાં વધુ આત્મઘાતી હુમલાઓ માટે ભંડોળ એકત્ર કરવાનું શરૂ કર્યું છે. જૈશે દરેક પાસેથી 6,400 રૂપિયાની રકમનું ફંડ માગ્યું છે. આ પૈસા પાકિસ્તાની ઓનલાઈન પેમેન્ટ એપ દ્વારા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આ પૈસાનો ઉપયોગ આતંકવાદીઓ માટે જૂતા અને કપડાં ખરીદવા માટે કરવામાં આવશે. દરમિયાન, તપાસ એજન્સીઓએ ખુલાસો કર્યો કે લાલ કિલ્લાની સામે વિસ્ફોટકોથી ભરેલી કારને ઉડાવી દેનાર આતંકવાદી ડૉ. ઉમર નબી તેના જેવા વધુ આત્મઘાતી બોમ્બરોને ટ્રેનિંગ આપવાનું કાવતરું ઘડી રહ્યો હતો. આ માટે તે સતત વીડિયો બનાવતો હતો અને યુવાનોને બ્રેઈનવોશ કરવા માટે મોકલતો હતો. NIA સૂત્રોના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપીઓના મોબાઈલ ફોનમાંથી ડૉ. ઉમરના 12 સહિત 70 થી વધુ વીડિયો મળી આવ્યા હતા. આવા જ વીડિયો 11 વ્યક્તિઓને મોકલવામાં આવ્યા હતા. આમાંથી સાત યુવાનો કાશ્મીરી મૂળના હોવાનું કહેવાય છે અને બધા અલ-ફલાહ યુનિવર્સિટી સાથે જોડાયેલા છે. બાકીના ચાર યુવાનો ઉત્તર પ્રદેશ, કેરળ અને કર્ણાટકના છે.

તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે ઉમર નબીને I-20 કાર આપનાર આમિર રશીદ અલી પોતે આત્મઘાતી બોમ્બર બનવા તૈયાર નહોતો. ત્યારબાદ ઉમરે તેને આવા જ બ્રેઈનવોશિંગ વીડિયો મોકલ્યા. એજન્સીઓને શંકા છે કે ઉમર નબી એક આખી આત્મઘાતી ટુકડી તૈયાર કરી રહ્યો હતો, જે અનેક રાજ્યોના યુવાનોને નિશાન બનાવી રહ્યો હતો. દિલ્હી કાર બોમ્બ વિસ્ફોટમાં પોતાને ઉડાવી દેનાર આતંકવાદી ડૉ. ઉમર મોહમ્મદ હુમલાના લગભગ બે અઠવાડિયા પહેલા પુલવામાના કોઈલ ગામમાં પોતાના ઘરે ગયો હતો. ઉમરે પોતાના બે મોબાઈલ ફોનમાંથી એક તેના ભાઈ ઝહૂર ઈલાહીને આપ્યો અને કહ્યું કે જો તેને તેના વિશે કોઈ સમાચાર મળે તો ફોન પાણીમાં ફેંકી દે. આ ફોનમાંથી જ એક વીડિયો મળી આવ્યો હતો, જેમાં ઓમર આત્મઘાતી હુમલાને 'શહાદત કા ઓપરેશન' તરીકે વર્ણવે છે. સુરક્ષા એજન્સીઓ સાથે પૂછપરછ દરમિયાન ઝહૂરે ફોન વિશે માહિતી આપી હતી. ઝહૂરે જણાવ્યું હતું કે ઓમરે તેને 26 થી 29 ઓક્ટોબરની વચ્ચે ફોન આપ્યો હતો. 9 નવેમ્બરના રોજ, અલ-ફલાહ યુનિવર્સિટીમાંથી ઓમરના સાથીઓની ધરપકડના સમાચાર સાંભળીને તે ગભરાઈ ગયો અને ફોનને તેના ઘરની નજીકના તળાવમાં ફેંકી દીધો.

# ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવું જરૂરી નથી : મોહન ભાગવત

## દેશ પર ગર્વ કરતો દરેક વ્યક્તિ હિન્દુ છે, આ શબ્દ ધાર્મિક નથી પણ સાંસ્કૃતિક પરંપરા

**ગુવાહાટી, તા.19**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે મંગળવારે કહ્યું, 'ભારત અને હિન્દુ એક જ છે. ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવાની કોઈ જરૂર નથી. આપણી સભ્યતા પહેલાથી જ આને દર્શાવી રહી છે.'



ગુવાહાટીમાં એક કાર્યક્રમમાં બોલતા ભાગવતે કહ્યું કે જે કોઈને ભારત પર ગર્વ છે તે હિન્દુ છે. હિન્દુ ધર્મ ફક્ત એક ધાર્મિક શબ્દ નથી પરંતુ એક સભ્યતાની ઓળખ છે, જે હજારો વર્ષોથી સાંસ્કૃતિક પરંપરા સાથે જોડાયેલી છે.

RSS વડા સોમવારે ત્રણ દિવસની મુલાકાત માટે આસામની રાજધાની ગુવાહાટી પહોંચ્યા હતા. ભાગવત બુધવારે યુવા સંમેલનને સંબોધન કરશે. ત્યારબાદ તેઓ 20 નવેમ્બરે મણિપુર જવા રવાના થશે.

આસામમાં વસ્તી વિષયક પરિવર્તન અંગે મોહન ભાગવતે કહ્યું, 'આપણે આત્મવિશ્વાસ, સતર્કતા અને આપણી ભૂમિ અને સંસ્કૃતિ પ્રત્યે મજબૂત લગાવ જાળવી રાખવો જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે સમાજના તમામ વર્ગોએ નિઃસ્વાર્થપણે સાથે મળીને કામ કરવું જોઈએ.'

તેમણે પૂર્વોત્તરને ભારતની વિવિધતામાં એકતાનું તેજસ્વી ઉદાહરણ ગણાવ્યું. તેમણે કહ્યું કે લચિત બોરફૂકન અને શ્રીમંત શંકરદેવ જેવા વ્યક્તિઓ માત્ર પ્રાદેશિક જ નહીં પરંતુ રાષ્ટ્રીય મહત્વ ધરાવે છે અને તમામ ભારતીયોને પ્રેરણા આપે છે.

પહેલા લોકો સંઘના કાર્ય પર હસતા હતા, પણ આજે તેની પ્રશંસા થઈ રહી છે: ભાગવતે 16 નવેમ્બરના રોજ કહ્યું હતું કે, 'પહેલાં લોકો સંઘના કાર્ય પર હસતા હતા. તેઓ ડૉ. હેડગેવાર પર પણ હસતા હતા, એમ કહેતા કે તેઓ પોતાનું નાક પણ સાફ કરી શકતા નથી. તેઓ આવા બાળકોથી રાષ્ટ્રનું નિર્માણ કરવા નીકળ્યા છે.' આ પ્રકારની મજાક ઉડાવાતી હતી. આ વિચારને પણ અસ્વીકાર્ય માનવામાં આવતો હતો.

નિર્ભરતા મજબૂરી ન બનવી જોઈએ: મોહન ભાગવતે 2 ઓક્ટોબરે કહ્યું હતું કે, 'પહલગામ હુમલામાં, આતંકવાદીઓએ હિન્દુઓનો ધર્મ પૂછ્યા પછી તેમની હત્યા કરી. આપણી સરકાર અને સેનાએ જવાબ આપ્યો. આ ઘટનાએ મિત્ર અને દુશ્મન વચ્ચેનો તફાવત જાહેર કર્યો. પહલગામ ઘટનાએ આપણને શીખવ્યું કે જ્યારે આપણે બધા સાથે મિત્રતા જાળવીએ છીએ અને જાળવી રાખીશું, ત્યારે આપણે વધુ સતર્ક અને આપણી જાતને સુરક્ષિત રાખવા સક્ષમ રહેવું જોઈએ.

મજબૂત બનવા સિવાય કોઈ વિકલ્પ નથી: RSS વડાએ 25 મેના રોજ કહ્યું હતું કે ભારત પાસે મજબૂત બનવા સિવાય કોઈ વિકલ્પ નથી. આપણે આપણી બધી સરહદો પર દુષ્ટ શક્તિઓની દુષ્ટતા જોઈ રહ્યા છીએ. ભાગવતે હિન્દુ સમાજને એક થવા અને ભારતીય સેનાને મજબૂત બનાવવા અપીલ કરી હતી, જેથી અનેક દળો એકસાથે આવીને પણ તેને હરાવી ન શકે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે સોમવારે દિલ્હીમાં એક પુસ્તક વિમોચન કાર્યક્રમમાં કહ્યું, 'મને જયપુરમાં પૂછવામાં આવ્યું કે સંઘમાં કેટલી મહિલાઓ છે? મેં જવાબ આપ્યો, 'સંઘમાં જેટલા પુરુષો છે તેટલી જ મહિલાઓ છે.'

# રાજસ્થાનમાં રોયલ વેડિંગ, ડોનાલ્ડ ટ્રમ્પનો દીકરો સામેલ થશે

## અમેરિકી બિઝનેસમેનના દીકરાના લગ્નમાં ઉદયપુર આવશે, 4 દિવસ લેક સિટીમાં રહેશે VVIP મૂવમેન્ટ

**ઉદયપુર, તા.19**

ઉદયપુર એકવાર ફરી રોયલ ડેસ્ટિનેશન વેડિંગનાં ગ્લેમરમાં ડૂબવા માટે તૈયાર છે. આ પ્રસંગ એક અમેરિકન અબજોપતિ ઉદ્યોગપતિના દીકરા અને તેની અમેરિકી મૂળની દુલ્હન એલિઝાબેથનાં લગ્નનો છે. આ લગ્ન માટે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર તેમના સમગ્ર પરિવાર સાથે પહેલીવાર ઉદયપુરની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ 21 નવેમ્બરની સાંજે ઉદયપુર પહોંચશે અને 24 નવેમ્બરની સાંજ સુધી રોકાશે.




21-22 નવેમ્બરના રોજ યોજાનારા ભવ્ય લગ્ન માટે જગ મંદિર પેલેસ અને સિટી પેલેસના માનક ચોકને શણગારવામાં આવી રહ્યા છે. એમાં હાજરી આપવા માટે અનેક ઉદ્યોગપતિઓ ઉદયપુરની મુલાકાત લેશે. ટ્રમ્પ જુનિયર પિછોલા લેકની વચ્ચોવચ આવેલા વૈભવી લીલા પેલેસમાં રોકાશે.

યુએસ સિક્રેટ સર્વિસની ટીમ રાજસ્થાન પહોંચી યુએસ સિક્રેટ સર્વિસની એક ટીમ તેમની સુરક્ષા માટે ઉદયપુર પહોંચી ચૂકી છે. ડઝનબંધ ચાર્ટર્ડ વિમાનો ડબોક એરપોર્ટ પર લેન્ડ થશે. કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. લગ્ન સંબંધિત અન્ય કાર્યક્રમો સિટી પેલેસના માનક ચોક ખાતે યોજાશે.

બીજી ભારત મુલાકાત: યુએસ એજન્સીઓ ઉદયપુર પહોંચી અહેવાલો અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયરની આ બીજી ભારત મુલાકાત છે. તેણે અગાઉ ફેબ્રુઆરી 2018માં નવી દિલ્હી, મુંબઈ, પુણે અને કોલકાતાની મુલાકાત લીધી હતી. તેના આ પ્રવાસ પર અમેરિકાએ લગભગ એક લાખ ડોલર ખર્ચ કર્યા હતા. ત્યારે એવા આરોપ લાગ્યા હતા કે ટ્રમ્પ જુનિયરની સુરક્ષામાં રહેલા સિક્રેટ એજન્ટો, તેમના ઓવર ટાઈમ, તમામ દરિયાકાંઠાના વિસ્તારોની સુરક્ષા અને અન્ય સામગ્રીઓ પર અમેરિકન કરદાતાઓના પૈસા ખર્ચ કરવામાં આવ્યા હતા.

ટ્રમ્પ પરિવાર ભારતમાં અનેક વ્યાવસાયિક પ્રોજેક્ટ્સ પણ ચલાવી રહ્યો છે. તેમની પહેલી મુલાકાત ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન દ્વારા બનાવવામાં આવી રહેલા બહુમાળી લક્ઝરી કોન્ડોના પ્રચાર માટે હતી, જેની સંપૂર્ણ માલિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ પાસે છે.

આ દરમિયાન સિક્કિમના રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુરની પૌત્રીના લગ્ન 22 નવેમ્બરના રોજ રાણકપુર (પાલી) સ્થિત હોટલ લાલ બાગમાં થશે. ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય ઘણા મુખ્યમંત્રીઓ અને મંત્રીઓ ઉદયપુર થઈને રાણકપુર જશે. સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ, કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત, ઉત્તરપ્રદેશના રાજ્યમંત્રીઓ નરેન્દ્ર કશ્યપ અને ગિરીશચંદ્ર યાદવ, રાયપુર (છત્તીસગઢ)ના સાંસદ બ્રિજમોહન અગ્રવાલ અને સિક્કિમના માર્ગ અને પુલ વિભાગના મંત્રી નર બહાદુર દહલ પણ લગ્ન સમારોહમાં હાજરી આપશે.

આ સિઝનમાં 575 શાહી લગ્ન લેક સિટીમાં લગ્નની મોસમની શરૂઆત 7 અને 8 નવેમ્બરના રોજ દેવઊઠની એકાદશી સાથે સિટી પેલેસ અને ઉદય વિલાસ ખાતે બે શાહી લગ્નો સાથે થઈ. ઉદયપુરમાં નવેમ્બર 2025થી ફેબ્રુઆરી 2026 દરમિયાન 575થી વધુ શાહી લગ્નોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહ 5થી 7-સ્ટાર હોટલો અને લક્ઝરી વાટિકાઓમાં યોજાશે. સરેરાશ બજેટ 1 કરોડથી 10 કરોડ (આશરે $10 મિલિયન) સુધીનું હશે, જે ગયા વર્ષ કરતાં 15% વધુ છે.

ગઈ સિઝનમાં 500 લગ્ન થયાં હતાં. આ વર્ષે આ વ્યવસાય 1,150 કરોડ (આશરે $1.5 બિલિયન) સુધી પહોંચવાનો અંદાજ છે. એક શાહી લગ્નનો ખર્ચ સરેરાશ 2 કરોડ (આશરે $2 બિલિયન) થાય છે. ઉદયપુર ઉપરાંત રાજસમંદમાં કુંભલગઢ પણ ઝડપથી ડેસ્ટિનેશન વેડિંગ ડેસ્ટિનેશન તરીકે ઊભરી રહ્યું છે. દેશભરમાંથી ઘણા લોકો લગ્ન માટે અહીં આવી રહ્યા છે. નોંધપાત્ર રીતે કુંભલગઢ ઉદયપુરના રહેવાસીઓ માટે પણ પસંદગીનું સ્થળ છે. ઉદયપુર હવે શાહી લગ્નો માટે પહેલી પસંદગી 2004માં જ્યારે ફિલ્મ અભિનેત્રી રવિના ટંડન પિછોલા તળાવની વચ્ચે સ્થિત જગ મંદિર પેલેસમાં લગ્ન કર્યા ત્યારે ઉદયપુરને શાહી લગ્ન શહેર તરીકે ઓળખ મળી.

જાન્યુઆરી 2023: બોલિવૂડ અભિનેતા સની દેઓલની ભત્રીજી નિકિતાના લગ્નમાં NRIs ભેગા થયા.

ક્રિકેટર હાર્દિક પંડ્યા અને નતાશા, AAP નેતાઓ રાઘવ ચઢ્ઢા અને પરિણીતી, ક્રિકેટર નવદીપ સૈની અને સ્વાતિ, ધારાસભ્ય ભવ્ય સોની અને IAS પરી વિશ્નોઈના લગ્ન અને બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતના ભાઈ સહિત અનેક અન્ય લગ્નો પણ ઉદયપુરમાં થયાં છે.

## તંત્રી લેખ

# કરસનભાઈ પટેલે અમદાવાદમાં ઘેર-ઘેર ફરી પાઉડર વેચ્યો

આઝાદી પહેલાં દેશમાં ટાટા, બિરલા, કિર્લોસ્કર જેવા ગણતરીના બિઝનેસ સમૂહો જોવા મળતા હતા. એ સમયે એવું મનાતું કે ઉદ્યોગપતિને ત્યાં જન્મ લઈએ તો જ બિઝનેસમેન બની શકાય. આવી કઠિન પરિસ્થિતિમાં ગુજરાતના સાવ નાનકડા ગામમાં જન્મ લઈને વિદેશી કંપનીને ટક્કર આપવી એ નાની વાત બિલકુલ નથી. 'નિરમા' કંપની આજે જાણીતી બ્રાન્ડ બની ગઈ છે, પરંતુ એની શરૂઆત તદ્દન નાના પાયે થઈ હતી. 'લક્ષાધિપતિ'માં આજે આપણે વાત કરીશું કરસનભાઈ પટેલની. સરકારી નોકરી છોડીને કેવી રીતે નિરમા કંપની ઊભી કરી? હરીફોને કેવી રીતે માત આપી? નિરમા નામ જ કેમ રાખ્યું? આજે બીજી પેઢી નિરમા ગ્રુપનું સુકાન સંભાળી રહી છે. નિરમા ગ્રુપ કયાં કયાં સેક્ટરમાં કામ કરી રહી છે? કરસનભાઈ પટેલનો જન્મ 1944માં સાતમી જાન્યુઆરીએ ગુજરાતના મહેસાણાના રૂપપરા ગામમાં ખોડીદાસ વનમાળીદાસ પટેલના ઘરમાં થયો. પિતા ખોડીદાસ ખેડૂત હતા તો માતા જેઠીબહેન ઘર સંભાળતાં. રૂપપરા ગામની વસતિ માંડ હજારેક જેટલી હતી. કરસનભાઈનો જન્મ થયો એ પહેલાં પરિવારમાં ત્રણ દીકરી હતી, ત્યાર બાદ એક દીકરો ને એક દીકરીનો જન્મ થયો. કરસનભાઈ છ સંતાનમાં ચોથા નંબરે હતા. પરિવાર વધુ ભણવવા માગતો નહોતો. પિતા ખોડીદાસની વાત કરીએ તો, ખોડીદાસ એકદમ ધર્મપરાયણ ને પોતાના કામથી નિસબત રાખનારા હતા. ગામમાં ખોડીદાસનું સારુંએવું માન-સન્માન હતું. પરિવારની આર્થિક સ્થિતિ મધ્યમ હતી. કરસનભાઈ ગામથી ત્રણ કિમી દૂર આવેલી સ્કૂલે પગપાળા જ હતા. નાનપણથી જ કરસનભાઈ ભણવામાં હોશિયાર હોવા છતાં પિતાની ઈચ્છા એવી કે દીકરો જલદીથી ભણીને ખેતી કામમાં જોડાઈ જાય તો સારું. અલબત્ત, કરનસભાઈની ઈચ્છા તો આગળ ભણવાની હતી. સ્કૂલનું શિક્ષણ પૂરું થતાં જ તેમણે અમદાવાદમાં સાયન્સ કોલેજમાં એડમિશન લીધું. આ સાથે જ તેમણે પિતાને હૈયાધારણા આપી કે તેઓ અભ્યાસનો ખર્ચ ક્યારેય પરિવાર પાસે માગશે નહીં અને પોતાની રીતે જ તે ખર્ચ ઉઠાવશે. 21 વર્ષની ઉંમરે કરસનભાઈએ કેમિસ્ટ્રી સાથે B.Sc. પાસ કર્યું. ગામમાં ખોડીદાસનું સારુંએવું માન-સન્માન હતું. પરિવારની આર્થિક સ્થિતિ મધ્યમ હતી. કરસનભાઈ ગામથી ત્રણ કિમી દૂર આવેલી સ્કૂલે પગપાળા જ હતા. નાનપણથી જ કરસનભાઈ ભણવામાં હોશિયાર હોવા છતાં પિતાની ઈચ્છા એવી કે દીકરો જલદીથી ભણીને ખેતી કામમાં જોડાઈ જાય તો સારું. અલબત્ત, કરનસભાઈની ઈચ્છા તો આગળ ભણવાની હતી. સ્કૂલનું શિક્ષણ પૂરું થતાં જ તેમણે અમદાવાદમાં સાયન્સ કોલેજમાં એડમિશન લીધું. આ સાથે જ તેમણે પિતાને હૈયાધારણા આપી કે તેઓ અભ્યાસનો ખર્ચ ક્યારેય પરિવાર પાસે માગશે નહીં અને પોતાની રીતે જ તે ખર્ચ ઉઠાવશે. 21 વર્ષની ઉંમરે કરસનભાઈએ કેમિસ્ટ્રી સાથે B.Sc. પાસ કર્યું.

# પઢો રે પોપટ રાજા રામનાં! એ રચનામાં છુપાયેલું આધ્યાત્મિક ચિંતન શું કહે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સાંપ્રત સમયની અશાંતિને લીધે સૌ કોઈ પરેશાન છે, અને એટલે શાંતિ માટે બધાં જ કોઈને કોઈ રીતે પ્રયત્નશીલ રહે છે! ઈશ્વરનું અનુસંધાન કરવાથી જ શાંતિ મળશે! અને એટલે ઈશ્વર તરફ જવા જ બધાં ધર્મનું શરણું લેતા હોય છે! પરંતુ ધર્મને નામે દિવસે ને દિવસે અસંખ્ય સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યાં, અને બાહ્ય જગત કરતાં વધુ અધર્મ તો ધર્મને નામે થતો હોય છે. પણ કળિયુગમાં સાધુ સંતોની પરખ પણ એટલી સરળતાથી થતી નથી! સાધુનાં વેશમાં ઠગ સાધુઓ ભટકાય છે! અને એવાં કેટલાંય દાખલા આપણે જોયા સાંભળ્યા પણ છે! પણ છતાં આપણે હજી એ ની એજ ભૂલ કરીએ છીએ! આપણી પાસે એક થી એક ચડિયાતાં આપણાં વૈદિક શાસ્ત્રો છે, અને એમાં જે ભગવત્ ચરિત્રની વાત કરવામાં આવી છે, એને અનુસરીએ તો આપણે શાંતિ રુપી ઈશ્વર સુધી પહોંચી શકીએ ! આવા કોઈ પ્રપંચમાં પડ્યા વગર હરિનું નામ લઈએ, અને અંતે એજ તો જીવનનો સાર છે. તો નરસિંહની આવી જ એક રચના વિશે આપણે આજે ચિંતન કરીશું.

*નરસિંહ મહેતા*

પઢો રે પોપટ રાજા રામનાં,
સતી સીતાજી પઢાવે
પાસે બાંધીને પાંજરું રે મુખે રામ જપાવે
હેજી પઢો રે પોપટ રાજા રામના..

કવિ સાવ સીધાસાદા શબ્દોમાં કહે છે કે સીતાજી પોતાની પાસે પોપટનુ પાંજરું રાખીને, પોપટને રામનામ જપવા કહે છે, અને કહે છે કે તું શું કામ ફાલતુ બકવાસ કરે છે, કારણ કે રામ નામ જ જીવનનો સાર છે, માટે રામ રામ જપ.

૨)પોપટ તમારે કારણે, લીલા વાંસ રે વઢાવું,
એનું રે ઘડાવું તમારું પાંજરું રે,
હીરલા મોતી રે મઢાવું
હેજી પઢો રે પોપટ રાજા રામના..

સીતાજી પોપટને કહે છે કે હે પોપટ જો તું બીજી બધી લપ્પન છપ્પન છોડીને નિરંતર રામનું નામ જપે, તો લીલા લીલા વાંસ વઢાવીને એમાંથી તારું પાંજરું ઘડાઉં અને એમાં હીરા અને મોતી મઢાવું.

૩)પોપટ તમારે કારણે શી શી રસોઈ બનાવું?
સાકરના રે કરીને ચુરમા રે ઉપર ઘી પીરસાવું
હેજી પઢો રે પોપટ રાજા રામના..

સીતાજી પોપટ રાજા રામનું નામ જપે, એ માટે એને હજી વધુ પ્રલોભન આપે છે અને કહે છે કે હે પોપટ તારી માટે કંઈ કંઈ નવી રસોઈ બનાવું કે તું રામ નામ જપે! ચૂરમા અને સાકરમાં ઘી પીરસાવું તો તું રામનામ જપીશ ને !

૪)પંખ પીળીને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો
નરસૈયાના સ્વામીને ભજો રાગ તમે તાણીને રૂપાળો
હેજી પઢો રે પોપટ રાજા રામનાં




પોપટના દેહ દેખાવનું વર્ણન કરતાં સીતાજી કહે છે, તારી પાંખો પીળી છે, અને પગ સફેદ છે, તો કંઠે કાળો કાંઠલો પહેરાવ્યો હોય એમ આટલી રંગની વિવિધતાથી તું શોભે છે, પણ જો તું રામ નામ નો તાણી તાણીને રાગ આલાપ લેશો તો જ રુપાળો લાગીશ!

આ રચનાનાં સાદાં શબ્દોમાં કવિ ખૂબ મોટી વાત કરે છે, અને આમ જુવો તો નરસિંહની એ જ ખાસિયત છે, કે એકદમ સટિક ઉદાહરણ આપીને એ વેદ વેદાંતનાં તથ્ય પથ્યને અભણ પણ સમજી શકે એટલું સરળ બનાવી દે. તો આપણે એનો આધ્યાત્મિક અર્થ જોઈએ. નરસિંહ પોતાની જાત સાથેના સંવાદને જ રચનામાં વણી લેવા માટે પણ જાણીતા છે. જેમ કે આ રચનામાં એ પોતાના મનને પોપટ એટલે કે પક્ષીને ભક્તિ રુપી સીતા સમજાવે છે કે, હે મન તું તારી ચંચળતા છોડીને માનવ જન્મ મળ્યો છે, તો રામનું નામ જપી લે! એમાં જ તારું કલ્યાણ છે. પણ છતાં મન તો પક્ષી જેમ ક્યારેક આ ડાળ તો ક્યારેક બીજી ડાળ પર ઉડાઉડ કરે છે, એટલે આગળ કહે છે કે, હે મન તું જો રામનામ જપે તો લીલા વાંસનું પાંજરું એટલે કે જીવનમાં લીલી હરિયાળી કે પ્રસન્નતા રહેશે, અને જીવનમાં હીરા મોતી જેવાં સુખ આપું. પણ મન છે એ એની ચંચળતા છોડતું નથી, એટલે ભક્તિ એને રસોઈનું ઉદાહરણ આપી સમજાવે છે, કે તારાં મુખથી રામનામ જપીશ તો તને સાકર ચૂરમાં પર ઘી પીરસ્યું હોય એવો સ્વાદ આવશે. પણ હજી એને લાગે છે કે આ પક્ષી જેવું મન એની ચંચળતા છોડતું નથી, તો એ એને એના વખાણ કરીને પોરસાવે છે! કે તારી તો પાંખ પીળી છે, પગ સફેદ છે, કંઠે કેટલો સુંદર કાળો કાંઠલો છે! એટલે કે તારી પાસે શારિરીક સિદ્ધિની ઉપલબ્ધિ તો છે જ પણ તું રામનામનો રાગ આલાપીશ, તો જ તું વધુ રુપાળો લાગીશ! અથવા રાગ એટલે કે અનુરાગના સંદર્ભમાં રામનામમાં રાગ એટલે કે પ્રેમ રાખીને જપીશ તો જ તું રુપાળો લાગીશ! કોઈ પ્રસંશાનાં બે ફૂલ ચઢાવે એટલે માનનીય માનસિકતા છે, કે એ એની વાત માની લે! અને આમ ભક્તિ રુપી સીતા મનની ચંચળતાને શાંત કરી એનું રુપાળુ એટલે રામમય બનાવે છે. પણ હજી આ આધ્યાત્મિક રસાસ્વાદ માં પણ કંઈક ખૂટે છે! મને લાગે છે કે નરસિંહ હજી કંઈક વધુ કહેવાં માગે છે. માનનીય મનની ચંચળતા માટે નરસિંહ એ પોપટને જ શું કામ પસંદ કર્યો? એવો જો કોઈ પ્રશ્ન થાય તો, પોપટનો 'પ' અને પઢો નો 'પ'નો પ્રાસ તો છે જ, પણ પોપટની શારિરીક રચના યાદ કરીએ તો પોપટની આંખ સામે જોવે છે, પણ ચાંચ લાલ રંગની અને પોતાના તરફ વળેલી હોય છે, એટલે માનવીનું મન લાલાયિત થતું સામેવાળા ને આ મળ્યું પણ પોતાને આ મળ્યું કે નહીં! એની સતત નોંધ લે છે, અને સતત એની ચંચળતામાં પ્રવૃત રહે છે, અથવા તો સ્વકેન્દ્રી છે! એટલે કે માનવીય મન માત્ર પોતાના સુખ માટે વિચારનાર છે, અને એટલે એની જરુરીયાત ક્યારેય પૂરી થતી નથી. નરસિંહ જાણે છે કે જો માનવી નામ સ્મરણનો મહિમા સમજશે નહીં, તો આ માનવ જન્મ એળે જશે, અને એટલે એ આ સત્યને ભક્તિનાં માધ્યમથી સમજાવે છે, કારણકે ભક્તિનો રસ જો એકવાર ભાવી જાય તો મનની ચંચળતા ઓછી થાય. પોપટને કંઠે કાંઠલો છે, ઉપરાંત કંઠ થોડો ફૂલેલો છે, એટલે કે પોપટનું રંગ રુપ તો ઈશ્વરની દેન છે, છતાં હું સુંદર તું કદરૂપો એવો એમાં 'હું કાર 'બહુ છે, આ હું કાર છૂટે તો, આ પીળી પાંખ એને જ્ઞાનનાં પથ પર ગતિ કરાવે! અને પગ પાંડુરા એટલે સફેદ , વૈરાગ્ય તરફ ગતિ કરાવે! પણ આ હું કાર છૂટે તો જ થાય ! સૌથી વધુ તો પોપટ અનુકરણ માટે પ્રખ્યાત છે એટલે કે આપણે તેને જે બોલવાનુ શીખવીએ એ તે બોલે, બસ માનવીનું પણ આવું જ છે, પોતાનાં આત્મોદ્ધાર માટે પોતાની બુદ્ધિનો પ્રયોગ નથી કરતો, પણ બીજાની બુદ્ધિએ ચાલે છે. આમ માનવીય મનની માનસિકતાનું સટિક દર્શન કરાવવા માટે અન્ય કોઈ અન્ય પક્ષી નહીં પણ પોપટની પસંદગી કરી. આપણે સૌ નરસિંહનાં કહેવાનું તાત્પર્ય સમજી, રામનામ જપીને મનની ચંચળતાને ઓછી કરી, ભક્તિના માધ્યમથી ઈશ્વર સુધી પહોંચી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# કોપનહેગેનાઇઝ ઇન્ડેક્સ 2025ના રિપોર્ટમાં વિશ્વના ટોપ 100 'સાયકલ ફ્રેન્ડલી' શહેરોમાં અમદાવાદનો સમાવેશ થયો

**અમદાવાદ, તા. 19**

વિશ્વના સાયકલિંગ ફ્રેન્ડલી શહેરોના મુલ્યાંકન માટે કામ કરતી અગ્રણી સંસ્થા કોપનહેગેનાઈઝ ઈન્ડેક્સ 2025 - EIT અર્બન મોબિલિટી એડિશને પોતાનો નવો રિપોર્ટ આ વર્ષે જાહેર કર્યો છે, જેમાં વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદને વિશ્વના ટોપ 100 'સાયકલ ફ્રેન્ડલી' શહેરોની યાદીમાં સ્થાન મળ્યું છે. વિશ્વના શહેરોની પ્રાથમિક પસંદગી બાદ 100 શહેરોની ગ્લોબલ યાદી તૈયાર કરવામાં આવી હતી, જેમાં અમદાવાદનો સમાવેશ થવો શહેરની સાયકલિંગ નીતિઓ અને વધતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વૈશ્વિક માન્યતા તરીકે જોવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સતત પ્રયાસો અને નાગરિકોના સહકારથી અમદાવાદને વિશ્વના સાયકલિંગ ફ્રેન્ડલી રેન્કિંગમાં સ્થાન પ્રાપ્ત થયું છે, આ સાથે સાયકલિંગ માટેનું અમદાવાદનું મોડેલ વૈશ્વિક સ્તરે સ્વીકારાયું પણ છે. કોપનહેગેનાઈઝ ઈન્ડેક્સ સાયકલિંગને માત્ર મુસાફરીનું સાધન નહીં પરંતુ શહેરના કાર્યક્ષમતા માપવાનો દર્પણ માને છે. રિપોર્ટ મુજબ સાયકલિંગ એ શહેરનું આયોજન કેટલી હદે લોકો-કેન્દ્રિત છે તે દર્શાવતું મુખ્ય પરિમાણ છે. શહેરોમાં જગ્યા કેવી રીતે મેનેજ થાય છે, ટ્રાફિક કેવી રીતે નિયંત્રિત થાય છે, જીવનની ગુણવત્તા કેવી છે અને નાગરિકો માટે ગતિશીલતા કેટલી સુરક્ષિત છે તે બધું સાયકલિંગની સુવિધાઓ અને વપરાશ દ્વારા જ સ્પષ્ટ થઈ જાય છે. COVID-19 બાદ દુનિયાભરના અનેક શહેરોમાં સાયકલિંગને આધુનિક પરિવહન વિકલ્પ તરીકે સ્વીકારવાને લીધે તેને વધુ વ્યાપક મહત્વ પ્રાપ્ત થયું છે. આ વર્ષના રિપોર્ટમાં શહેરોનું મૂલ્યાંકન ત્રણ મુખ્ય આધારસ્તંભો સેફ એન્ડ કનેક્ટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, યૂઝેજ એન્ડ રીચ અને પોલિસી એન્ડ સપોર્ટને આધારે કરવામાં આવ્યું છે. સુરક્ષિત સાયકલ ટ્રેક, બાઈક પાર્કિંગ, ટ્રાફિક કાલ્મિંગ ઝોન, દૈનિક સાયકલ ટ્રિપ્સનું પ્રમાણ, મહિલાઓનો સાયકલિંગમાં ભાગ, બાઈક-શેર સિસ્ટમ, નીતિ આધાર અને શહેરી આયોજન આ બધાં સૂચકોને જોડીને કુલ 13 ઈન્ડિકેટર્સના આધારે દરેક શહેરના સ્કોર નિર્ધારિત થયા છે. આ ત્રણેય પરિમાણો સાથે મળીને શહેરનો ગ્લોબલ કોમ્પોઝિટ સ્કોર રચાયો છે, જે ઉપરથી નીચે સુધી ગોઠવીને અંતિમ રેન્કિંગ તૈયાર કરવામાં આવ્યું છે. ટોચના શહેરોમાં આ વર્ષે Utrecht, Copenhagen, Ghent, Amsterdam અને Paris આગળ રહ્યા છે, જ્યારે એશિયામાં Kyoto, Singapore, Taipei અને Osaka સાથે ભારતમાંથી ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરે પણ પોતાનું સ્થાન બનાવ્યું છે. જેનાથી સ્પર્શ થાય છે કે, અમદાવાદ શહેરે છેલ્લા કેટલાક વર્ષોમાં સાયકલિંગ માટે ઊભરતાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નીતિગત પ્રતિબદ્ધતા અને નાગરિકોની વધતી ભાગીદારી તરફ નોંધપાત્ર પ્રગતિ કરી છે. નવા સાયકલ-ફ્રેન્ડલી કોરિડોર્સ, ટ્રાફિક કાલ્મિંગ ઝોન અને સુરક્ષા જાગૃતિના અનેક પ્રયત્નો શહેરને વિશ્વની યાદીમાં સ્થાન અપાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થયા છે. કોપનહેગેનાઈઝ અને EIT અર્બન મોબિલિટી ટીમનું કહેવું છે કે, સાયકલિંગને કેન્દ્રમાં રાખીને બનાવાયેલી નીતિઓ શહેરોના પર્યાવરણીય લક્ષ્યો, સ્વચ્છ હવા, ટ્રાફિક ઘટાડો અને સ્વસ્થ જીવનશૈલી માટે અત્યંત અસરકારક સાબિત થઈ રહી છે. તેમની માન્યતા મુજબ સાયકલિંગ હવે 'આવશ્યકતા' તરીકે નહીં પરંતુ 'મોડર્ન, કાર્યક્ષમ અને પર્યાવરણમિત્ર' ગતિશીલતા તરીકે ઊભરતું પરિવર્તન છે.

# આભાર માનવા વાળો ક્યારેય ગરીબ નથી હોતો, અને ધીરજ રાખવા વાળો ક્યારેય નિષ્ફળ નથી જતો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો શુકદેવજી હવે સમુદ્રમંથનની કથા કહેછે,હે રાજન! એક સમયે ઈન્દ્રને દુર્વાસા ઋષિ સામે મળ્યા. દુર્વાસાએ પુષ્પ માળા ઈન્દ્રને અર્પણ કરી,પરંતુ ઈન્દ્ર સંપત્તિમાં સાનભાન ભૂલ્યો હતો. એટલે સંતે મળેલી માળા તેણે હાથીની સૂંઢ ઉપર ફેંકી. હાથી તે પગ તળે કચડવા લાગ્યો દુર્વાસાને લાગ્યુંકે,ઈન્દ્ર મારું અપમાન કરે છે.મારું એકલાનું નહીં,પણ પુષ્પમાં રહેલાનું અપમાન કરે છે.તેથી તેમણે ઈન્દ્ર ને શ્રાપ આપ્યો કે,તું દરિદ્ર થઈશ. સંપત્તિમાં સાનભાન ભૂલ્યો છે તે દરિદ્ર ન થાય ત્યાં સુધી તેને સાન ભાન આવતું નથી.તે પછી સ્વર્ગનું રાજ્ય દૈત્યોને મળે છે.દેવો ભગવાનને શરણે ગયા. અમને અમારું રાજ્ય પાછું મળે તેવું કરો. ભગવાને આજ્ઞા આપી કે, તમે સમુદ્રમંથન કરો. તેમાંથીઅમૃત નીકળશે તે હું તમને પીવડાવીશ. તમે અમર થશો પરંતુ આ મોટું કામ કરે છે.તેમાં દૈત્યોનો પણ સાથ લેજો. દૈત્યો આમ તો દેવોની મદદમાં ન આવે,પણ એક તો દેવો એ તેમનાં વખાણ કર્યા તેથી ફુલાયા ને બીજું અમૃતની લાલચ લાગી એટલે દેવોની સાથે જોડાયા. હવે દેવો અને દૈત્યો અમૃત મેળવવા સમુદ્રનું મંથન કરવા લાગ્યા. મંદરાચળ પર્વતની રવઈ બનાવવામાં આવી અને વાસુકી નાગનું દોરડું બનાવ્યુંને મંથન શરૂ કર્યું.સંસાર એજ સમુદ્ર છે. સંસારસમુદ્રનું મંથન કરી જ્ઞાન રૂપી અને ભક્તિરૂપી અમૃત મેળવવાનું છે.જીવને ખરેખર અમર બનાવે તેવું તે એ એક જ અમૃત છે.

યુવાવસ્થામાં તમારાં મનરૂપી મંદરાચળની રવઈ બનાવજો, એટલે કે તમારા મનને મંદરાચળ પર્વત જેવું સ્થિર કરો.દેવદાનવો એ વલોણું તો શરૂ કર્યું પણ આ મંદરાચળપર્વત તો સમુદ્રમાંડૂબવા લાગ્યો.તેને ડૂબતા અટકાવેકોણ? છેવટે ભગવાને કૂર્મનો અવતાર લઈ તેને પીઠ ઉપર રાખ્યો. મંદરા ચળને આધાર ન હતો એટલે ડૂબતો હતો તેવી રીતે મનરૂપી મંદરાચળને ભગવાન નામનો આધાર મળે,તો તે સંસારસમુદ્રમાં ડૂબશે નહીં.સમુદ્રમંથન કરતાં પહેલાં તેમાં અનેક ઔષધિઓ સમર્પિત કરવામાં આવી છે, પધરાવવામાં આવી છે.શુભ કર્મ નો આરંભ સમર્પણ વગર થાય જ નહીં.અન્નજળ એ ઔષધ છે. રોગ નિવૃત્તિ માટે જે પ્રમાણમાં દવા ખવાય છે તે પ્રમાણે અન્ન જળનું સેવન કરજો. શરીર હલકું હશે તો ભજનમાં આનંદ આવશે.

સમુદ્રમંથનમાંથી પ્રથમ ઝેર નીકળ્યું. ઝેર સ્વીકારવાની જેની તૈયારી નથીતેને અમૃત મળતુંનથી નિંદ્રાએ ઝેર છે.તે પ્રતિકૂળતાએ ઝેર છે.ઝેર પીએ કોણ?શિવજી, જેને માથે ગંગાજી છે તે! સંસારનું ઝેર પણ જેને માથે જ્ઞાનગંગાહોય તે જ પી શકે છે.દેવોએ શિવજીને ઝેર પીવા પ્રાર્થના કરી.પાર્વતી કહે આ લોકો સ્વાર્થી છે.એમનાસ્વાર્થ ખાતરએ લોકો ઝેર પીવાનું કહે છે

શિવજી બોલ્યા,બીજાનું કલ્યાણ થતું હોય તો ભલે મને દુઃખ થાય. શિવ એટલે જ કલ્યાણ. પોતાનું કલ્યાણ તાકે એ શિવ નહીં,પણ બીજા સર્વનું કલ્યાણ તાકેતે શિવ

બીજાને સુખી કરવા પોતે દુઃખ સહન કરે એ શિવ. પોતાને સુખી કરવા બીજાને દુઃખી કરે એ જીવ. બીજાનું સુધારવા જે પોતાનું બગાડે એ શિવ. પોતાનું સુધારવા જે બીજાનું બગાડે તે જીવ. શિવ જી ભાગવત સ્મરણ કરતાં ઝેર પી ગયા.પણ ઝેર પેટમાં ઊતાર્યું નહીં.ઝેર ગળામાં રાખવાનું હોય, પેટમાં ન ઊતારાય કોઈને કડવા શબ્દ કહેવાની ઈચ્છા થાય તો ગળા સુધી આવતાં વેંત તેને ગળા પાસે અટકાવી દેવા.ઝેરને બહાર ન કઢાય તેમ ઝેરને કોઈ દિવસ પેટ માં રાખશો નહીં. શિવજીએ ઝેર કંઠમાં રાખ્યું છે,પેટમાં ઊતાર્યું નથી આ દુનિયાના યુદ્ધો અને મારામારી ઝેરને પેટમાં રાખવાને લીધે છે ઝેર બહુ બાળે તો ભગવાનના નામનું કીર્તન કરજો ભગવાનનું નામ ઝેરને અમૃત બનાવે છે, એટલે તો શિવજી ભગવાનનું નામ દેતાં ઝેર પી ગયા.મનને મંદરાચળ જેવું સ્થિર કરો તો તે મનમાંથી-સંસારમાંથી ભક્તિઅને જ્ઞાનરૂપી અમૃત નીકળશે.તે પીવા થી મનુષ્ય અમર બને છે. જગતના ભલા માટે શંકર ઝેર પી ગયા. સાધુપુરુષોનું વર્તન તેવું જ હોય છે.સાધુજન પ્રજાનું દુઃખ ટાળવા માટે પોતે દુઃખ સહન કરે છે. સર્વ ના માટે હું દુઃખ સહન કરીશ,પણ મારા માટે કોઈને સહન ન કરવું પડે એવી તેની ભાવના હોય છે. આવી ભાવના એ સર્વ હૃદયમાં વિરાજી રહેલા પરમાત્માની આરાધના છે.આજે આપણે છેલ્લે વિદ્યા વિનય થી જ શોભે તે વાત સાથે આજના લેખને વિરામ આપીએ ગંગા પાર કરવા માટે ઘણા લોકો એક હોડીમાં બેઠા. હોડી ધીમેધીમે સામેના કિનારા તરફ આગળવધી રહી હતી,જેમાં મનમોહનસિંહ પણ હતા. મનમોહને હોડીવાળાને પૂછ્યું,'શું તમે ભૂગોળનો અભ્યાસ કર્યો છે? બીજાને સુખી કરવા પોતે દુઃખ સહન કરે એ શિવ. પોતાને સુખી કરવા બીજાને દુઃખી કરે એ જીવ. બીજાનું સુધારવા જે પોતાનું બગાડે એ શિવ. પોતાનું સુધારવા જે બીજાનું બગાડે તે જીવ. શિવ જી ભાગવત સ્મરણ કરતાં ઝેર પી ગયા.પણ ઝેર પેટમાં ઊતાર્યું નહીં.ઝેર ગળામાં રાખવાનું હોય, પેટમાં ન ઊતારાય કોઈને કડવા શબ્દ કહેવાની ઈચ્છા થાય તો ગળા સુધી આવતાં વેંત તેને ગળા પાસે અટકાવી દેવા.ઝેરને બહાર ન કઢાય તેમ ઝેરને કોઈ દિવસ પેટ માં રાખશો નહીં. શિવજીએ ઝેર કંઠમાં રાખ્યું છે,પેટમાં ઊતાર્યું નથી આ દુનિયાના યુદ્ધો અને મારામારી ઝેરને પેટમાં રાખવાને લીધે છે ઝેર બહુ બાળે તો ભગવાનના નામનું કીર્તન કરજો ભગવાનનું નામ ઝેરને અમૃત બનાવે છે, એટલે તો શિવજી ભગવાનનું નામ દેતાં ઝેર પી ગયા.મનને મંદરાચળ જેવું સ્થિર કરો તો તે મનમાંથી-સંસારમાંથી ભક્તિઅને જ્ઞાનરૂપી અમૃત નીકળશે.તે પીવા થી મનુષ્ય અમર બને છે. જગતના ભલા માટે શંકર ઝેર પી ગયા. સાધુપુરુષોનું વર્તન તેવું જ હોય છે.સાધુજન પ્રજાનું દુઃખ ટાળવા માટે પોતે દુઃખ સહન કરે છે. સર્વ ના માટે હું દુઃખ સહન કરીશ,પણ મારા માટે કોઈને સહન ન કરવું પડે એવી તેની ભાવના હોય છે. આવી ભાવના એ સર્વ હૃદયમાં વિરાજી રહેલા પરમાત્માની આરાધના છે.આજે આપણે છેલ્લે વિદ્યા વિનય થી જ શોભે તે વાત સાથે આજના લેખને વિરામ આપીએ ગંગા પાર કરવા માટે ઘણા લોકો એક હોડીમાં બેઠા. હોડી ધીમેધીમે સામેના કિનારા તરફ આગળવધી રહી હતી,જેમાં મનમોહનસિંહ પણ હતા. મનમોહને હોડીવાળાને પૂછ્યું,'શું તમે ભૂગોળનો અભ્યાસ કર્યો છે?



ભોળા હોડીવાળાએ જવાબ આપ્યો,'મને ખબર નથીકેભૂગોળ શું છે.'

મનમોહને પોતાનું શિક્ષણ દર્શાવતા કહ્યું, 'તમે તમારા જીવનનો એક ચતુર્થાંશ ભાગ પાણીમાં વિતાવ્યો.'

પછી મનમોહને બીજો પ્રશ્ન પૂછ્યો 'શું તમે ઈતિહાસ જાણો છો? મહારાણી લક્ષ્મીબાઈ ક્યારે અને ક્યાં હતા, અને તેમણે કેવી રીતે લડાઈ કરી?'

જ્યારે હોડીવાળાએ પોતાનું અજ્ઞાન વ્યક્ત કર્યું,ત્યારે મનમોહને વિજયી સ્વરે કહ્યું, 'તમને આ પણ ખબર નથી; તમારું અડધું જીવન પાણીમાં વિતાવ્યું હતું.'પછી,જ્ઞાનના નશા માં મનમોહને ત્રીજો પ્રશ્ન પૂછ્યો, 'શું તમે મહા ભારતના ભીષ્મ અને હોડીવાળા વચ્ચેનો સંવાદ જાણો છો કે રામાયણના કેવટ અને ભગવાન શ્રી રામ વચ્ચેનો સંવાદ જાણો છો?'અભણ નાવિક શું કહી શકે? તેમણે નાનો ઈશારો કર્યો. પછી મનમોહનજી હસ્યા અને કહ્યું, 'તમારું આખું જીવન પાણીમાં ખોવાઈ ગયું છે.'

પછી અચાનક ગંગામાં પ્રવાહ વધવા લાગ્યો.નાવિકે બધાને તોફાન વિશે ચેતવણી આપી અને મનમોહનજીને પૂછ્યું,'તોફાનમાં હોડી ડૂબી શકે છે. શું તમને તરવાનું આવડતું નથી?'

મનમોહનજી ગભરાઈ ગયા અને કહ્યું,'મને બિલકુલ તરવાનું આવડતું નથી.'

પરિસ્થિતિ સમજીને,નાવિકે કહ્યું, 'તો પછી વિચારો કે તમારું આખું જીવન પાણીમાં ખોવાઈ ગયું છે.'

થોડી વારમાં, હોડી પલટી ગઈ, અને મનમોહનજી તણાઈ ગયા.

વાચક ચાહક મિત્રો, જય માતાજી જ્ઞાન ચર્ચા માટે કે બીજાને નીચા બતાવવા માટે નથી.પરંતુ ક્યારેક, જ્ઞાનના અભિમાનમાં, કેટલાક લોકો આ ભૂલી જાય છે અને બીજાનું અપમાન કરે છે.યાદ રાખો, શાસ્ત્રોમાંથી મળેલા જ્ઞાનનો ઉપયોગ સમસ્યાઓ ઉકેલવા માટે થવો જોઈએ,શસ્ત્રો ચલાવવા અને હિંસા કરવા માટે નહીં.એવું કહેવાય છે કે ફળોથી ભરેલું વૃક્ષ તેની ડાળીઓ વાળે છે સંપત્તિ પ્રાપ્ત થતાં,સજ્જનો વિનમ્ર બને છે.તેવીજ રીતે,જ્યારે જ્ઞાન નમ્ર લોકો પાસે આવે છે, ત્યારે તે કૃપાળુ બને છે. તેથી જ સંસ્કૃતમાં કહેવાય છે,'વિદ્યા વિનયથી શોભ છે.'અસ્તુ.

# કોપનહેગેનાઇઝ ઇન્ડેક્સ 2025ના રિપોર્ટમાં વિશ્વના ટોપ 100 'સાયકલ ફ્રેન્ડલી' શહેરોમાં અમદાવાદનો સમાવેશ થયો

**અમદાવાદ, તા. 19**

વિશ્વના સાયકલિંગ ફ્રેન્ડલી શહેરોના મુલ્યાંકન માટે કામ કરતી અગ્રણી સંસ્થા કોપનહેગેનાઇઝ ઇન્ડેક્સ 2025 - EIT અર્બન મોબિલિટી એડિશને પોતાનો નવો રિપોર્ટ આ વર્ષે જાહેર કર્યો છે, જેમાં વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદને વિશ્વના ટોપ 100 'સાયકલ ફ્રેન્ડલી' શહેરોની યાદીમાં સ્થાન મળ્યું છે. વિશ્વના શહેરોની પ્રાથમિક પસંદગી બાદ 100 શહેરોની ગ્લોબલ યાદી તૈયાર કરવામાં આવી હતી, જેમાં અમદાવાદનો સમાવેશ થવો શહેરની સાયકલિંગ નીતિઓ અને વધતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વૈશ્વિક માન્યતા તરીકે જોવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સતત પ્રયાસો અને નાગરિકોના સહકારથી અમદાવાદને વિશ્વના સાયકલિંગ ફ્રેન્ડલી રેન્કિંગમાં સ્થાન પ્રાપ્ત થયું છે, આ સાથે સાયકલિંગ માટેનું અમદાવાદનું મોડેલ વૈશ્વિક સ્તરે સ્વીકારાયું પણ છે. કોપનહેગેનાઇઝ ઇન્ડેક્સ સાયકલિંગને માત્ર મુસાફરીનું સાધન નહીં પરંતુ શહેરના કાર્યક્ષમતા માપવાનો દર્પણ માને છે. રિપોર્ટ મુજબ સાયકલિંગ એ શહેરનું આયોજન કેટલી હદે લોકો-કેન્દ્રિત છે તે દર્શાવતું મુખ્ય પરિમાણ છે. શહેરોમાં જગ્યા કેવી રીતે મેનેજ થાય છે, ટ્રાફિક કેવી રીતે નિયંત્રિત થાય છે, જીવનની ગુણવત્તા કેવી છે અને નાગરિકો માટે ગતિશીલતા કેટલી સુરક્ષિત છે તે બધું સાયકલિંગની સુવિધાઓ અને વપરાશ દ્વારા જ સ્પષ્ટ થઇ જાય છે. COVID-19 બાદ દુનિયાભરના અનેક શહેરોમાં સાયકલિંગને આધુનિક પરિવહન વિકલ્પ તરીકે સ્વીકારવાને લીધે તેને વધુ વ્યાપક મહત્વ પ્રાપ્ત થયું છે. આ વર્ષના રિપોર્ટમાં શહેરોનું મૂલ્યાંકન ત્રણ મુખ્ય આધારસ્તંભો સેફ એન્ડ કનેક્ટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, યૂઝેજ એન્ડ રીચ અને પોલિસી એન્ડ સપોર્ટને આધારે કરવામાં આવ્યું છે. સુરક્ષિત સાયકલ ટ્રેક, બાઈક પાર્કિંગ, ટ્રાફિક કાલ્મિંગ ઝોન, દૈનિક સાયકલ ટ્રિપ્સનું પ્રમાણ, મહિલાઓનો સાયકલિંગમાં ભાગ, બાઈક-શેર સિસ્ટમ, નીતિ આધાર અને શહેરી આયોજન આ બધાં સૂચકોને જોડીને કુલ 13 ઇન્ડિકેટર્સના આધારે દરેક શહેરના સ્કોર નિર્ધારિત થયા છે. આ ત્રણેય પરિમાણો સાથે મળીને શહેરનો ગ્લોબલ કોમ્પોઝિટ સ્કોર રચાયો છે, જે ઉપરથી નીચે સુધી ગોઠવીને અંતિમ રેન્કિંગ તૈયાર કરવામાં આવ્યું છે. ટોચના શહેરોમાં આ વર્ષે Utrecht, Copenhagen, Ghent, Amsterdam અને Paris આગળ રહ્યા છે, જ્યારે એશિયામાં Kyoto, Singapore, Taipei અને Osaka સાથે ભારતમાંથી ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરે પણ પોતાનું સ્થાન બનાવ્યું છે. જેનાથી સ્પર્શ થાય છે કે, અમદાવાદ શહેરે છેલ્લા કેટલાક વર્ષોમાં સાયકલિંગ માટે ઊભરતાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નીતિગત પ્રતિબદ્ધતા અને નાગરિકોની વધતી ભાગીદારી તરફ નોંધપાત્ર પ્રગતિ કરી છે. નવા સાયકલ-ફ્રેન્ડલી કોરિડોર્સ, ટ્રાફિક કાલ્મિંગ ઝોન અને સુરક્ષા જાગૃતિના અનેક પ્રયત્નો શહેરને વિશ્વની યાદીમાં સ્થાન અપાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થયા છે. કોપનહેગેનાઇઝ અને EIT અર્બન મોબિલિટી ટીમનું કહેવું છે કે, સાયકલિંગને કેન્દ્રમાં રાખીને બનાવાયેલી નીતિઓ શહેરોના પર્યાવરણીય લક્ષ્યો, સ્વચ્છ હવા, ટ્રાફિક ઘટાડો અને સ્વસ્થ જીવનશૈલી માટે અત્યંત અસરકારક સાબિત થઈ રહી છે. તેમની માન્યતા મુજબ સાયકલિંગ હવે 'આવશ્યકતા' તરીકે નહીં પરંતુ 'મોડર્ન, કાર્યક્ષમ અને પર્યાવરણમિત્ર' ગતિશીલતા તરીકે ઊભરતું પરિવર્તન છે. EIT અર્બન મોબિલિટીના CEO Marc Rozendal એ જણાવ્યું કે, કોપનહેગેનાઇઝ ઇન્ડેક્સ શહેરોને માત્ર રેન્કિંગ નહીં પરંતુ શીખવા, મૂલ્યાંકન કરવા અને પોતાની સાયકલિંગ નીતિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવા માટે એક પ્રેક્ટિકલ માર્ગદર્શિકા આપે છે. અમદાવાદ માટે આ સિદ્ધિ શહેરમાં સસ્ટેનેબલ ગતિશીલતા વધારવાની દિશા તરફ આગળ વધવાનું એક પ્રેરણાદાયી આધાર મનાય છે. શહેરમાં વિકસતા સાયકલ ટ્રેક, ટ્રાફિક-કાલ્મ્ડ ઝોન, વધતા બાઈક પાર્કિંગ સ્પેસ, અને નાગરિકોમાં ઊભરતી સાયકલિંગ જાગૃતિ આ બધું અમદાવાદને ગ્લોબલ સાયકલ ફ્રેન્ડલી શહેરોની યાદીમાં સ્થાન અપાવવાના મુખ્ય પરિબળો છે. શહેરે સાયકલિંગને પરિવહન પ્રણાલીના મુખ્ય ભાગ તરીકે સ્વીકારવાની દિશામાં લેવામાં આવેલા પગલાં આવનારા સમયમાં વધુ સ્વસ્થ, સ્વચ્છ અને લિવેબલ અમદાવાદ તરફની મહત્વની યાત્રાનું પ્રતિનિધિત્વ કરે છે.

## 21 નવેમ્બર 2025 ના રોજ કલોલ અને જુલાસણ વચ્ચે આવેલ રેલવે ફાટક નં. 229 બંધ રહેશે



**અમદાવાદ, તા. 19**

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન પર કલોલ અને જુલાસણ સ્ટેશનો વચ્ચે સ્થિત રેલ્વે ફાટક નંબર 229 કિમી 754/15-17 21 નવેમ્બર 2025 ના રોજ ઓવર હોલિંગ અને મશીન ટેમ્પિંગ (સમારકામ અને જાળવણી) કાર્ય માટે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન રોડ વપરાશકર્તાઓ રોડ ઓવર બ્રિજ (ROB) નંબર 1026 'B' કિમી 751/25-27 (પાનસર-છત્રાલ) નો ઉપયોગ કરી શકે છે.

## 'અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ - 2025'માં ભારતીય ડાક વિભાગનો સ્ટોલ બન્યો આકર્ષણનું કેન્દ્ર

**અમદાવાદ, તા. 19**

અમદાવાદમાં 13 નવેમ્બરથી 23 નવેમ્બર 2025 સુધી યોજાયેલ 'અંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ' જ્ઞાન, સાહિત્ય અને સંસ્કૃતિનો અદભૂત સંગમ બની રહ્યો છે. જ્યાં એક તરફ પુસ્તકપ્રેમીઓ પુસ્તકોના માધ્યમથી નવી જાણકારીઓ મેળવી રહ્યા છે, ત્યાં બીજી તરફ ભારતીય ડાક વિભાગનો સ્ટોલ લોકોનો પરિચય ડાક ટિકિટો દ્વારા ભારતની કલા, સંસ્કૃતિ, ઈતિહાસ, શિક્ષણ અને વારસાની વૈવિધ્યતા સાથે કરાવી રહ્યો છે. ભારત સરકારના શિક્ષા મંત્રાલય હેઠળના નેશનલ બુક ટ્રસ્ટ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત નેજા હેઠળ યોજાયેલા આ ભવ્ય મહોત્સવમાં ડાક વિભાગનો સ્ટોલ નંબર 95 ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે, જ્યાં સતત મુલાકાતીઓની ભીડ ઉમટી રહી છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ પણ પુસ્તક મેળાની મુલાકાત લીધી અને જણાવ્યું કે ડાક સ્ટોલ પર પાર્સલ, સ્પીડ પોસ્ટ, જ્ઞાન પોસ્ટ, પાર્સલ પેકેજિંગ સર્વિસ, ફિલેટેલી, માય સ્ટેમ્પ, ગંગાજળ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક મારફતે ડિજિટલ બેંકિંગ જેવી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. પુસ્તકપ્રેમી અને પ્રકાશકો ડાક સ્ટોલ મારફતે દેશ-વિદેશમાં ક્યાંય પણ પુસ્તકો મોકલી શકે છે. ઉપરાંત, ડાકઘર બચત સેવાઓ અને ડાક જીવન વીમાની સુવિધા પણ ઉપલબ્ધ છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પુસ્તકો પ્રત્યે રસ વધારવા સાથે પુસ્તક મહોત્સવ વિવિધ વય જૂથના વાચકો, લેખકો અને પ્રકાશકોને એક મંચ પર જોડીને સાહિત્યિક સંવાદ અને સહકારને નવી દિશા પ્રદાન કરે છે. ફિલેટલી પ્રેમીઓ અને સંગ્રાહકો માટે ડાક સ્ટોલ એક અનોખો અવસર પૂરું પાડી રહ્યો છે, જ્યાં તેઓ માત્ર નવી સામગ્રીનું અવલોકન જ નહીં, પરંતુ ડાક ટિકિટો દ્વારા ભારતની વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક પરંપરાઓ અને ઐતિહાસિક ધરોહર વિશે પણ માહિતગાર થઈ શકે છે. સાહિત્ય, કલા અને સંસ્કૃતિ સાથે જોડવામાં પુસ્તકો અને ડાક ટિકિટોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. ગુજરાત આધારિત 'માય સ્ટેમ્પ' પ્રત્યે લોકોમાં ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેમાં ગાંધી આશ્રમ, સાબરમતી ખાતેના મહાત્મા ગાંધી, પતંગ ઉત્સવ અને ડાંડીયા નૃત્ય જેવા વિષયો પર આધારીત ડાક ટિકિટોની થીમ સામેલ છે. બાળકો અને યુવાનો માટે આ અનુભવ અત્યંત જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક સાબિત થઈ રહ્યો છે, કારણ કે ડાક ટિકિટો રાષ્ટ્રના ઈતિહાસ, સંસ્કૃતિ અને મહત્વપૂર્ણ ઘટનાઓને સરળ, રસપ્રદ અને શૈક્ષણિક રીતે રજૂ કરે છે.

## ખેડા જિલ્લામાં ૬૨૧૧ કામોની ઝડપી પૂર્ણતા — જળ શક્તિ અભિયાનમાં રાજ્યસ્તરે શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ

**ગાંધીનગર, તા. 19**

જળસંચય જન ભાગીદારી અંતર્ગત વેસ્ટર્ન ઝોન કેટેગરીમાં જળસંચય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરતા જિલ્લાઓમાં સુરત, રાજકોટ, નવસારી અને ખેડા જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉત્કૃષ્ટ કામગીરી કરતા જિલ્લાઓને રૂપિયા ૨૫ લાખનો પુરસ્કાર પણ પ્રદાન કરવામાં આવ્યો છે. ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુની વિશેષ ઉપસ્થિતિમાં નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત સમારોહમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલના હસ્તે ખેડા જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવે આ સન્માન સ્વીકાર્યું હતું. ખેડા જિલ્લાને આ પુરસ્કાર જળ શક્તિ અભિયાન અંતર્ગત ૬૨૧૧ કામો ઝડપી પૂર્ણ કરવા બદલ આપવામાં આવ્યો છે. આમાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ, સીએસઆર ફંડ, ફાઈનાન્સ કમિશન ગ્રાન્ટ, પીએમકેએસવાય(પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના), મનરેગા, સ્ટેટ ગવર્મેન્ટ સ્કીમ અને અન્ય (SBM-G, NGO, ભૂગર્ભ જળ રિચાર્જ સ્ટ્રક્ચર) જેવા વિવિધ સોર્સ ઓફ ફંડમાંથી થયેલ જળ શક્તિ અભિયાન અંતર્ગત કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.. જળ સંચય જન ભાગીદારી (JSJB) પહેલ વિશે : JSJB પહેલ ૬ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ ગુજરાતના સુરત ખાતે શરૂ કરવામાં આવી હતી. આ પહેલ, સમગ્ર-સરકાર અને સમગ્ર-સમાજના અભિગમ દ્વારા માર્ગદર્શિત, નીચેલા સ્તરે સહભાગી સંચાલન અને ટકાઉ જળ સંચાલનને પ્રોત્સાહન આપે છે. 3Cs મંત્ર – કોમ્યુનિટી, સીએસઆર અને કોસ્ટ (સમુદાય, કોર્પોરેટ સામાજિક જવાબદારી અને ખર્ચ) દ્વારા સંચાલિત – તે એક સર્વસમાવેશક મોડેલ અપનાવે છે જે લાંબા ગાળાની જળ સુરક્ષા અને જળ તણાવ સામે સ્થિતિસ્થાપકતાને પ્રોત્સાહન આપે છે.

### ઝાલોદ રામસાગર તળાવમાં ગૌ માતાનો અકસમાતે પતન

## ગૌરક્ષકદળ અને નગરપાલિકાના સંયુક્ત ઓપરેશનથી બચાવ સફળ : ગૌ માતાને પાંજરાપોળ મોકલાઈ

■ **હવે જોવાનું એ છે કે— શું નગરપાલિકા તંત્ર તળાવના ઘાટોની વ્યવસ્થા સુધારવા માટે તાત્કાલિક પગલા ભરે છે કે નહીં**

**ઝાલોદ, તા. 19**

ઝાલોદ શહેરના રામસાગર તળાવ પાસે આવેલ રામેશ્વર મહાદેવ મંદિર નજીક આજે સવારે એક ગૌ માતા તળાવમાં ખાબકી પડ્યાની માહિતી મળતા જ ગૌરક્ષક દળના યુવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગૌ માતાને બચાવવા માટે તળાવના કિનારે પહોંચેલા યુવાનોને તળાવના ઘાટ પર ફેલાયેલી ગંદકી, કાદવ અને શૌચની દુર્ગંધ વચ્ચે કામગીરી કરવી પડેલી હતી. તેમ છતાં તેમનો સેવા ભાવ અને ગૌ સેવા માટેની તત્પરતા પ્રશંસનીય રહી હતી. ગૌ માતાનું વજન વધારે હોવા અને તળાવમાંથી સાધન વગર બહાર કાઢવું મુશ્કેલ બનતાં ગૌરક્ષક દળે તરત જ ઝાલોદ નગરપાલિકાને સંપર્ક કર્યો હતો. મુદ્દાની ગંભીરતા સમજતા નગરપાલિકા તંત્રે તાત્કાલિક JCB મશીન તેમજ સ્ટાફને રામસાગર તળાવ ખાતે મોકલ્યા હતા. સંયુક્ત બચાવ અભિયાનથી સફળ કામગીરી, ગૌરક્ષક દળના યુવાનો અને નગરપાલિકાની ટીમે મળીને બચાવ કામગીરી હાથ ધરી હતી. તળાવની ગંદકી વચ્ચે JCBની મદદથી ગૌ માતાને બહાર કાઢવામાં સફળતા મળી હતી. ત્યારબાદ તાત્કાલિક ગૌ માતાને પાંજરાપોળ ખાતે સારવાર માટે મોકલવામાં આવી હતી. સૂત્રો મુજબ ગૌ માતાની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું કે તળાવની કિનારે કેટલાક નગરજનો જમવાનું ફેંકતા હોય છે, જેના લીધે ગૌ માતા અહીં ખોરાકની શોધમાં આવી હશે અને પગ લપસતા તળાવમાં પડી ગઈ હશે તેવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘાટની ગંદકી-અવ્યવસ્થાને લઈને નગરજનોનો પ્રશ્ન : રૂપાંતર જરૂરી આ ઘટનાને પગલે નગરજનોમાં રોષ ફેલાયો છે. તળાવના આ ઘાટની લાંબા સમયથી ગંદકી, અસામાજિક તત્ત્વોનું વલણ અને અવ્યવસ્થા અંગે અનેકવાર રજૂઆતો થતાં છતાં કાર્યવાહી ન થવા પ્રશ્નો ઊભા થયા છે.

**સંયુક્ત બચાવ અભિયાનથી સફળ કામગીરી**

ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું કે તળાવની કિનારે કેટલાક નગરજનો જમવાનું ફેંકતા હોય છે, જેના લીધે ગૌ માતા અહીં ખોરાકની શોધમાં આવી હશે અને પગ લપસતા તળાવમાં પડી ગઈ હશે તેવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**ઘાટની ગંદકી-અવ્યવસ્થાને લઈને નગરજનોનો પ્રશ્ન**

આ ઘટનાને પગલે નગરજનોમાં રોષ ફેલાયો છે. તળાવના આ ઘાટની લાંબા સમયથી ગંદકી, અસામાજિક તત્ત્વોનું વલણ અને અવ્યવસ્થા અંગે અનેકવાર રજૂઆતો થતાં છતાં કાર્યવાહી ન થવા પ્રશ્નો ઊભા થયા છે. નગરજનો હવે નગરપાલિકા પાસે એવી માંગ સાથે આગળ આવ્યા છે કે– આ બિનઉપયોગી બનેલા ઘાટને રામેશ્વર મહાદેવ મંદિર સાથે જોડીને સુચારુ વ્યવસ્થા કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને અને ગંદકી પણ અટકાવી શકાય.

### જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેની અધ્યક્ષતામાં અમદાવાદ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ

# 'વિશ્વ શૌચાલય દિવસ' નિમિત્તે 'અમારું શૌચાલય, અમારું ભવિષ્ય' અભિયાનનો શુભારંભ કરાયો

**આ ઉપરાંત, સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ (SBM-G) અંતર્ગત જિલ્લા જળ અને સ્વચ્છતા મિશન (SWSM)ની કામગીરી અને તેની પ્રગતિ પર પણ ચર્ચા કરવામાં આવી હતી**

**ગાંધીનગર, તા. 19**

અમદાવાદ જિલ્લામાં 'જળ અને સ્વચ્છતા' સંબંધિત કાર્યક્રમોને વેગ આપવાના ઉદ્દેશ સાથે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અમદાવાદ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. જળ અને સ્વચ્છતા સમિતિ, અમદાવાદ (DWSM) દ્વારા 'રીજુવીનેશન અને DWSM કાર્યક્રમ' અંતર્ગત આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી (DDO) શ્રી વિદેહ ખરેની અધ્યક્ષતામાં આયોજિત આ બેઠકમાં જળ વ્યવસ્થાપન અને સ્વચ્છતા મિશન સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના મુખ્ય વિષયોમાં જિલ્લાના ગામોમાં પીવાના પાણીની માળખાગત સુવિધાઓ ઊભી કરવા સંબંધિત કામોને મંજૂર કરવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી તથા જળ સંરક્ષણ અંતર્ગત અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પાણીવેરાની



વસૂલાતની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ (SBM-G) અંતર્ગત જિલ્લા જળ અને સ્વચ્છતા મિશન (SWSM)ની કામગીરી અને તેની પ્રગતિ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠક અંતર્ગત વિશ્વ શૌચાલય દિવસ ૨૦૨૫ નિમિત્તે અમદાવાદ જિલ્લામાં એક વિશેષ અભિયાનનો પણ શુભારંભ કરવામાં આવ્યો હતો. આ તકે 'અમારું શૌચાલય, અમારું ભવિષ્ય' અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લામાં સ્વચ્છતા અને શૌચાલયના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હસ્તે સામૂહિક શૌચાલય અને વ્યક્તિગત શૌચાલય માટેના મંજૂરી પત્રો લાભાર્થીઓને અર્પણ કરવામાં આવ્યા હતા, જે જિલ્લામાં સ્વચ્છતાની પહેલને વધુ મજબૂત બનાવશે. અમદાવાદ જિલ્લામાં 'જળ અને સ્વચ્છતા' સંબંધિત કાર્યક્રમોને વેગ આપવાના ઉદ્દેશ



સાથે જિલ્લા કલેકટર કચેરી ખાતે અમદાવાદ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. જળ અને સ્વચ્છતા સમિતિ, અમદાવાદ (DWSM) દ્વારા 'રીજુવીનેશન અને DWSM કાર્યક્રમ' અંતર્ગત આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી (DDO) શ્રી વિદેહ ખરેની અધ્યક્ષતામાં આયોજિત આ બેઠકમાં જળ વ્યવસ્થાપન અને સ્વચ્છતા મિશન સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના મુખ્ય વિષયોમાં જિલ્લાના ગામોમાં પીવાના પાણીની માળખાગત સુવિધાઓ ઊભી કરવા સંબંધિત કામોને મંજૂર કરવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી તથા જળ સંરક્ષણ અંતર્ગત અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પાણીવેરાની વસૂલાતની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ (SBM-G) અંતર્ગત જિલ્લા જળ અને સ્વચ્છતા મિશન (SWSM)ની કામગીરી અને તેની પ્રગતિ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠક અંતર્ગત વિશ્વ શૌચાલય દિવસ ૨૦૨૫ નિમિત્તે અમદાવાદ જિલ્લામાં એક વિશેષ અભિયાનનો પણ શુભારંભ કરવામાં આવ્યો હતો. આ તકે 'અમારું શૌચાલય, અમારું ભવિષ્ય' અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લામાં સ્વચ્છતા અને શૌચાલયના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો છે. અમારું ભવિષ્ય' અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લામાં સ્વચ્છતા અને શૌચાલયના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હસ્તે સામૂહિક શૌચાલય અને વ્યક્તિગત શૌચાલય માટેના મંજૂરી પત્રો લાભાર્થીઓને અર્પણ કરવામાં આવ્યા હતા, જે જિલ્લામાં સ્વચ્છતાની પહેલને વધુ મજબૂત બનાવશે.



## જાણો 'હિટ ધ બૉલ ટ્વાઈસ' આઉટ શું છે

# Explainer : સુરતમાં રણજી ટ્રોફી મેચમાં ઐતિહાસિક ઘટના

મુંબઈ, તા. 19

સુરતમાં ચાલી રહેલી રણજી ટ્રોફીની લીગ મેચમાં મણિપુરનો ક્રિકેટર લામાબમ સિંહ એક દુર્લભ રીતે 'આઉટ' થયો હતો. બેટિંગ કરતી વખતે તેણે બોલને બે વાર 'હિટ' કર્યો અને એમ્પાયરે આઉટ આપી દીધો. આ ઘટનાએ ફરી એ વાત પર પ્રકાશ પાડ્યો છે કે ક્રિકેટના નિયમો કેટલા સ્પષ્ટ અને વૈવિધ્યપૂર્ણ છે. ક્રિકેટમાં બેટ્સમેનના આઉટ થવાની કુલ નવ રીતો છે. આ બધી જ રીત 'મેરીલબોન ક્રિકેટ ક્લબ' (MCC - Marylebone Cricket Club) દ્વારા ઘડાયેલી નિયમાવલીમાં વિગતવાર રીતે સમજાવાઈ છે. ચાલો જાણીએ કે એ 9 રીત કઈ છે.

સુરતમાં મણિપુરનો ક્રિકેટર દુર્લભ રીતે આઉટ

સુરતમાં મેઘાલય સામે ચાલી રહેલી રણજી ટ્રોફીની લીગ મેચમાં મણિપુરના બેટ્સમેન લામાબમ સિંહ ક્રીઝ પર હતો. સામે બોલર હતો આર્યન બોરા, જેના એક બોલને લામાબમ સિંહે 'પ્લે' કર્યો. જો કે, બોલ અટકી જવાને બદલે ધીમે ધીમે સ્ટમ્પ તરફ ગયો, ત્યારે લામાબમ સિંહે તેને બેટથી રોકી દીધો. પરિણામે તેને આઉટ અપાયો. લામાબમને 'હિટ ધ બોલ ટ્વાઈસ' (બોલને બે વાર મારવા) નિયમ હેઠળ આઉટ હતો. હા, નિયમો પ્રમાણે ક્રિકેટર આવું કરે તો તે આઉટ ગણાય છે. આમ, આંતરરાષ્ટ્રીય ક્રિકેટના નિયમો પ્રમાણે ક્રિકેટરોને હિટ ધ બોલ ટ્વાઈસ સહિત કુલ નવ રીતે આઉટ આપી શકાય છે. સૌથી પહેલા વાત કરીએ આ જ નિયમની.

1. બોલને બે વાર મારવો (Hit the Ball Twice)

બોલર દ્વારા ફેંકાયેલા બોલને બેટ્સમેન બેટ કે શરીરથી બે વાર ફટકારે કે સ્પર્શ કરે તો તે આઉટ ગણાય છે. લામાબમ સિંહ આ જ નિયમથી આઉટ થયો હતો. રણજી ટ્રોફીમાં આ રીતે આઉટ થયાનો છેલ્લો કિસ્સો 2005-06 માં બન્યો હતો. આ પહેલા જમ્મુ કાશ્મીરના કેપ્ટન ધ્રુવ મહાજનને ઝારખંડ સામે આવી જ રીતે આઉટ અપાયો હતો. તે પહેલાં ફક્ત ત્રણ રણજી ક્રિકેટરોને આ રીતે આઉટ થયા છે. આંધ્ર પ્રદેશના ખેલાડી કે. બાવન્ના (1963-64), જમ્મુ અને કાશ્મીરના શાહિદ પરવેઝ (1986-87) અને તમિલનાડુના આનંદ જ્યોર્જ (1998-99) પણ આ યાદીમાં છે.

2. બોલ્ડ (Bowled)

- જ્યારે બોલરનો બોલ સીધો બેટ્સમેનના સ્ટમ્પ સાથે ટકરાય છે અને બેલ્સ ખરી પડે છે, ત્યારે બેટ્સમેન બોલ્ડ થાય છે. - જો બોલ (નો બોલ ન હોય અને) પહેલા બેટ્સમેનના બેટ અથવા શરીરને સ્પર્શીને સ્ટમ્પને ટકરાય, તો પણ તે બોલ્ડ જ ગણાય. - જો બોલ સ્ટમ્પ સાથે ટકરાતા પહેલાં કોઈ બીજા ખેલાડી અથવા અમ્પાયરને સ્પર્શ કરે તો બેટ્સમેનને બોલ્ડ ગણાતો નથી.

3. સ્ટમ્પ્ડ આઉટ (Stumped)

બેટ્સમેન શોટ રમવા માટે ક્રીઝની બહાર આવે ત્યારે વિકેટકીપર પોતાના હાથમાં બોલ લઈને બેલ્સ ખેરવી દે, તો બેટ્સમેન સ્ટમ્પ્ડ આઉટ ગણાય છે.

4. કેચ આઉટ (Caught)

જો બેટ્સમેન દ્વારા ફટકારેલો બોલ જમીનને સ્પર્શ કર્યા પહેલાં જ કોઈ ફીલ્ડર દ્વારા ઝીલી લેવામાં આવે, તો બેટ્સમેન કેચ આઉટ ગણાય છે.

5. રન આઉટ (Run Out)

રન લેતી વખતે જો બેટ્સમેન ક્રીઝની બહાર હોય અને ફીલ્ડિંગ ટીમ બોલ સહિત સ્ટમ્પ પાડી દે તો તે રન આઉટ ગણાય છે. નો-બોલ પર પણ રન આઉટ થઈ શકે છે.

6. લેગ બિફોર વિકેટ (LBW)

જો બોલ બેટને સ્પર્શ કર્યા વિના બેટ્સમેનના પગ (અથવા શરીરના અન્ય ભાગ) પર અથડાય (ગ્લોવ્સ સિવાય) અને અમ્પાયરને એવું લાગે કે બોલ સીધો સ્ટમ્પ તરફ જઈ રહ્યો હતો, તો બેટ્સમેનને LBW આઉટ અપાય છે. આ નિર્ણય ઘણીવાર વિવાદાસ્પદ બનતો હોવાથી તેને ક્રિકેટના સૌથી જટિલ નિયમોમાંનો એક ગણવામાં આવે છે.

7. હિટ વિકેટ (Hit Wicket)

શોટ રમતી વખતે અથવા સ્ટાન્સ લેતી વખતે જો બેટ્સમેનના બેટ કે શરીરથી સ્ટમ્પ પડી જાય, તો તે હિટ વિકેટ આઉટ ગણાય છે.

8. ફીલ્ડિંગમાં અવરોધ (Obstructing the Field)

જો બેટ્સમેન શબ્દો કે ક્રિયા દ્વારા ફિલ્ડિંગ ટીમના કાર્યમાં અવરોધ ઊભો કરે તો તેને આ નિયમ હેઠળ આઉટ ગણાય છે. બોલ રમતમાં હોય અને બેટ્સમેન ફિલ્ડરની પરવાનગી વિના તેના શરીર કે બેટથી બોલ ફિલ્ડરને પાછો આપે તો પણ બેટ્સમેને ફિલ્ડમાં અવરોધ કર્યો હોવાનું ગણીને તેને આઉટ આપી શકાય છે. આ નિયમને લીધે મળેલી વિકેટ બોલરના ખાતામાં જતી નથી. ભૂતકાળમાં 'હેન્ડલિંગ ધ બોલ' નામનો અલગ નિયમ હતો, જેને હવે આ જ શ્રેણીમાં ગણવામાં આવે છે.

9. ટાઈમ આઉટ (Timed Out)

કોઈ બેટ્સમેન આઉટ થાય અને પેવેલિયન તરફ ચાલતો થાય ત્યારે એના પછીના બેટ્સમેને ત્રણ મિનિટની અંદર આગામી બોલનો સામનો કરવા માટે ક્રીઝ પર પહોંચી જવાનું હોય છે. આમ ન થાય તો નવો બેટ્સમેન ટાઈમ આઉટ ગણાય છે. કોઈ બેટ્સમેન રિટાયર્ડ હર્ટ થાય અને એને પેવેલિયન તરફ લઈ જવાતો હોય ત્યારે પણ નવા બેટ્સમેનને આ નિયમ લાગુ પડે છે. શ્રીલંકાના પૂર્વ કેપ્ટન એન્જેલો મેથ્યુસને 2023ના બાંગ્લાદેશ સામેની ODI વર્લ્ડ કપ મેચ દરમિયાન ટાઈમ આઉટ કરવામાં આવ્યો હતો.

# રોહિત શર્માનું રાજ ખતમ, ન્યૂઝીલેન્ડના બેટરે નંબર-1 બનીને રચ્યો ઈતિહાસ




મુંબઈ, તા. 19

ICCની તાજેતરની વનડે બેટિંગ રેન્કિંગ્સમાં આ વખતે નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ટીમ ઈન્ડિયાનો પૂર્વ કેપ્ટન રોહિત શર્મા ટોચના સ્થાન પરથી ખસીને હવે બીજા ક્રમે આવી ગયો છે. જયારે પ્રથમ ક્રમે ન્યૂઝીલેન્ડનો મજબૂત બેટર ડેરીલ મિચેલએ તેનું સ્થાન લીધુ છે. રસપ્રદ વાત એ છે કે બંને ખેલાડીઓ વચ્ચે માત્ર એક પોઈન્ટનો મામૂલી તફાવત છે, જેના કારણે આગામી રેન્કિંગમાં ફરી બદલાવ આવવાની પૂરી સંભાવના છે. અન્ય ખેલાડીઓની રેન્કિંગમાં પણ ઘણા ફેરફાર થયા છે, જેમાં પાકિસ્તાનના બાબર આઝમને નજીવો ફાયદો થયો છે. ડેરીલ મિચેલ પહેલીવાર વનડેમાં ટોચ પર પહોંચ્યો, ન્યૂઝીલેન્ડના સ્ટાર બેટર ડેરીલ મિચેલએ ICC વનડે રેન્કિંગ્સમાં આ વખતે ઈતિહાસ રચ્યો છે, કારણ કે તે પહેલીવાર વિશ્વનો નંબર 1 બેટર બન્યો છે. તેનું આ દમદાર પ્રદર્શન વેસ્ટ ઈન્ડિઝ સામેની તાજેતરની વનડે મેચમાં કરેલા 119 રનની શાનદાર ઈનિંગ્સનું પરિણામ છે, જેણે ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી. આ પ્રદર્શનના કારણે, મિચેલને ICCની નવી રેન્કિંગમાં બે સ્થાનનો મોટો ફાયદો થયો છે અને તેની રેટિંગ 782 પોઈન્ટ્સ પર પહોંચી છે, જે તેના કરિયરની સર્વોચ્ચ રેટિંગ છે. વનડે રેન્કિંગ્સમાં તાજેતરના સમયમાં ન્યૂઝીલેન્ડના ઓછા બેટર્સ ટોચ પર પહોંચ્યા હોવાથી, આ સિદ્ધિ ન્યૂઝીલેન્ડ ક્રિકેટ માટે પણ ખાસ ગણાય છે.ટીમ ઈન્ડિયાનો સ્ટાર પ્લેયર રોહિત શર્મા આ વખતે એક સ્થાન નીચે સરકીને બીજા નંબર પર આવી ગયો છે. તેની રેટિંગ 781 પોઈન્ટ છે, એટલે કે મિચેલ કરતાં માત્ર 1 પોઈન્ટ ઓછી. આ નજીવો તફાવત દર્શાવે છે કે જો રોહિત આગામી વનડે મેચમાં સારું પ્રદર્શન કરે અને મિચેલનું પ્રદર્શન સરેરાશ રહે, તો રોહિત ફરીથી ટોચનું સ્થાન હાંસલ કરી શકે છે. રોહિત છેલ્લા કેટલાક મહિનાઓથી સતત શાનદાર ફોર્મમાં છે, જેના કારણે તે લાંબા સમય પછી વનડે બેટિંગમાં ફરીથી નંબર 1 બન્યો હતો. પરંતુ આ અઠવાડિયે રેન્કિંગમાં નજીવો ઘટાડો આવ્યો છે. અફઘાનિસ્તાનનો યુવા બેટર ઈબ્રાહિમ ઝાદરાનને આ વખતે એક સ્થાનનું નુકસાન થયું છે. તે ત્રીજા નંબર પર પહોંચી ગયો છે અને તેની રેટિંગ 764 પોઈન્ટ છે. વળી, ભારતના બે સ્ટાર બેટર્સ શુભમન ગિલ અને વિરાટ કોહલી પોતાની અનુક્રમે ચોથી અને પાંચમી રેન્ક પર જળવાઈ રહ્યા છે. ગિલની પાછળની સિરીઝમાં સતત પ્રદર્શનને કારણે તેની રેન્કિંગ મજબૂત બની રહી છે. વિરાટ કોહલી પણ લિસ્ટમાં સ્થિર રહ્યો છે અને ટોપ-5માં સામેલ રહેનારા વિશ્વનો સૌથી ભરોસાપાત્ર બેટર્સમાંનો એક છે.

## ગંભીરને કોચ પદેથી હટાવવાની જરૂર નથી..'

# ગાંગુલીએ જણાવી ટીમ ઈન્ડિયાની સૌથી મોટી ખામી

## આ હાર બાદ ભારતની તૈયારી અને અપ્રોચ પર સવાલ ઉઠી રહ્યા છે

મુંબઈ, તા. 19

પૂર્વ ભારતીય કેપ્ટન અને વર્તમાન ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળના અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ દક્ષિણ આફ્રિકા સામે ઈડન ગાર્ડન્સમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતની હાર બાદ ચાલી રહેલી ટીકા વચ્ચે હેડ કોચ ગંભીરનું સમર્થન કર્યું છે. આ હાર બાદ ભારતની તૈયારી અને અપ્રોચ પર સવાલ ઉઠી રહ્યા છે, પરંતુ ગાંગુલીનું કહેવું છે કે ગંભીરને કોચ પદેથી હટાવવાની માગ બિલકુલ ખોટી છે. કોચ-કેપ્ટનની જોડી પર વિશ્વાસ રાખવો જોઈએ, એક ઈન્ટરવ્યુમાં ગાંગુલીએ ભાર મૂકીને કહ્યું કે, ભારતે વ્યાપક તસવીર પર ધ્યાન આપવું જોઈએ. તેણે તર્ક આપ્યો કે, ટીમે પોતાની માનસિકતા બદલવાની જરૂર છે અને ભવિષ્યમાં વધુ સારી, વધુ સંતુલિત પિચો પર રમવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, આ સાથે જ કોચ-કેપ્ટનની જોડી પર વિશ્વાસ રાખવો જોઈએ કે તે પરિસ્થિતિને બદલી દેશે. ગાંગુલીએ ગૌતમ ગંભીર અંગે કહ્યું કે, 'ના, ના, આ સ્ટેજ પર ગૌતમ ગંભીરને કોચ પદેથી હટાવવાનો તો કોઈ સવાલ જ નથી ઉઠતો, પરંતુ મને લાગે છે કે એક ટીમ તરીકે તેમણે એકસાથે બેસીને કહેવું પડશે કે, આપણે ટેસ્ટ મેચ જીતવા માટે સખત મહેનત કરશું, કારણ કે ફ્લેટ પિચો પર તે વધુ મુશ્કેલ હોય છે. વિરોધી ટીમ ટકી રહેશે, બંને ટીમો પ્રથમ ઈનિંગ્સમાં મોટો સ્કોર બનાવશે. અને ભારતમાં હેરાન કરનારી વાત છે કે, તમે જોઈ શકશો કે, ચોથા અને પાંચમા દિવસે મેચ કેટલી ઝડપથી બદલાઈ જાય છે.' ગાંગુલીએ કહ્યું કે, ભારત પાસે એવા ખેલાડીઓ છે જે યોગ્ય ટેસ્ટ સપાટી પર સ્પર્ધા કરી શકે છે અને વિદેશમાં પણ 20 વિકેટ લેવાની ક્ષમતા દેખાડી છે. તેથી તેમણે ધીરજ રાખવાની જરૂર છે. જેમ મેં કહ્યું તેમ, તેમની પાસે એવી આક્રમક બોલિંગ છે જે 20 વિકેટ લઈ શકે છે, જેમ તમે ઓવલમાં છેલ્લા દિવસે જોયું હતું.




# ધનુષના મેનેજર પર કાસ્ટિંગ કાઉચના પ્રયાસનો આરોપ



મુંબઈ, તા. 19

ધનુષની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં' ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. તેવામાં સાઉથ સુપરસ્ટારના મેનેજર પર ગંભીર આરોપ લાગ્યા છે. તમિલ એક્ટ્રેસ માન્યા આનંદે દાવો કર્યો છે કે, શ્રેયસ નામનો એક વ્યક્તિ, જે પોતાને સાઉથ સુપરસ્ટાર ધનુષનો મેનેજર હોવાનો દાવો કરે છે, તેણે તેની સાથે કાસ્ટિંગ કાઉચ કરવાનો પ્રયાસ કર્યો હતો. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં માન્યાએ કહ્યું હતું કે, શ્રેયસ તેની સાથે લાંબા સમયથી એડજસ્ટમેન્ટ અંગે વાટાઘાટો કરી રહ્યો હતો અને કામ આપવાના નામે અયોગ્ય માંગણીઓ પણ કરી રહ્યો હતો. 'ધનુષના મેનેજરે વાંધાજનક માંગણીઓ કરી' તમિલ વેબસાઈટ 'સિનેઉલાગમ (Cineulagam)' સાથેના એક ઈન્ટરવ્યૂમાં એક્ટ્રેસે વિગતવાર જણાવ્યું કે, કેવી રીતે શ્રેયસે તેનો અને અન્ય કલાકારોનો સંપર્ક કર્યો અને તેમને ધનુષ સાથે જોડાયેલા એક નવા ફિલ્મ પ્રોજેક્ટમાં ભૂમિકાઓ ઓફર કરી. આ દરમિયાન શ્રેયસે એવી માંગણીઓ કરી, જે તેને વાંધાજનક લાગી. માન્યાએ જણાવ્યું કે, શ્રેયસે તેને કહ્યું હતું કે, તે એક એડજસ્ટમેન્ટ અને કમિટમેન્ટ છે. આના પર, તેણે પૂછ્યું, 'કેવા પ્રકારની કમિટમેન્ટ? મારે શા માટે કમિટમેન્ટ આપવી પડે?' 'ધનુષ સર છે, છતાં પણ નહીં માનો?' માન્યાએ કહ્યું કે, 'મેં તેમને પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે, હું આવી કોઈ ઓફર સ્વીકારવા માંગતી નથી, પરંતુ શ્રેયસ મને મજબૂર કરતો રહ્યો. શ્રેયસે મને કહ્યું, 'તમે ધનુષ સર છે, છતાં પણ નહીં માનો?' વધુમાં, માન્યાએ દાવો કર્યો હતો કે, શ્રેયસે તેને ધનુષના પ્રોડક્શન હાઉસ 'વંડરબાર ફિલ્મ્સ'નું લોકેશન મોકલ્યું હતું અને તેને મળવા કહ્યું હતું. એક્ટ્રેસે એમ પણ કહ્યું હતું કે, મેનેજરે તેને સ્ક્રિપ્ટ મોકલી હતી, જે તેણે વાંચી ન હતી. 'હું આ ફિલ્મ કરી રહી નથી' માન્યાએ કહ્યું, 'મેં તે વાંચ્યું નથી. હું આ ફિલ્મ નથી કરી રહી. અમે કલાકારો છીએ. અમે કંઈક બીજું કરી રહ્યા છીએ. તમે અમારી પાસેથી કામ તો કરાવી લો છો, પરંતુ બદલામાં કંઈક બીજું અપેક્ષા રાખશો નહીં.' તેણે વધુમાં ઉમેર્યું, 'જો અમે તમારી માંગણીઓનું પાલન કરીએ, તો અમારું નામ કંઈક બીજું જ પડી જશે. મને લાગે છે કે, જો લોકો આ રીતને ઓળખીને તેને સંબોધિત કરે, તો તે વધુ સારું રહેશે.' ધનુષ કે ધનુષના મેનેજરે કોઈ પ્રતિક્રિયા આપી નથી. ધનુષ કે તેના મેનેજરે પ્રતિક્રિયા આપી નથી જોકે, હજુ સુધી ધનુષ કે તેના મેનેજર શ્રેયસે આ આરોપોનો જવાબ આપ્યો નથી. ધનુષ ટૂંક સમયમાં ડિરેક્ટર આનંદ એલ. રાયની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'માં જોવા મળશે, જે 28 નવેમ્બરે રિલીઝ થવાની છે.

# 'મિની ઐશ્વર્યા' 20 વર્ષ મોટા રણવીર સિંહ સાથે ઇશ્ક લડાવશે

## સારા અર્જુનની સુંદરતા તમારું દલડું ચોરી લેશે જાણો કોણ છે 'ધુરંધર'ની આ લીડ એક્ટ્રેસ



મુંબઈ, તા. 19

બોલિવૂડમાં એક નવો સિતારો પોતાની ચમક ફેલાવવા માટે તૈયાર છે. એક્ટ્રેસ સારા અર્જુન જલ્દી જ આદિત્ય ધર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ધુરંધર' માં સુપરસ્ટાર રણવીર સિંહ સાથે મુખ્ય ભૂમિકામાં બોલીવુડમાં પગ મૂકવા જઈ રહી છે. 18 જૂન 2005 ના રોજ મુંબઈમાં જન્મેલી આ યુવા પ્રતિભાએ મનોરંજન જગતમાં પોતાની યાત્રા ત્યારે જ શરૂ કરી દીધી હતી, જ્યારે તેણે બરાબર બોલતા પણ શીખ્યું ન હતું, જેનાથી તેનો કરિયર પાથ અદ્વિતીય બની ગયો. પડદા પર એક બાળ કલાકાર તરીકે પોતાની નિર્દોષતાથી દિલ જીતનારી સારા હવે મોટી થઈ ગઈ છે, અને તેની રોમેન્ટિક કેમિસ્ટ્રી મોટા પડદા પર રણવીર સિંહ સાથે એક નાનકડી ઝલક તરીકે ફિલ્મના ટીઝરમાં સામે આવી ચૂકી છે બાળપણમાં 100+ જાહેરાતો સારા અર્જુનની એક્ટિંગ કરિયરનો પાયો ખૂબ નાની ઉંમરે જ મોડેલિંગ અને ટીવી જાહેરાતોના માધ્યમથી નંખાયો હતો. તેમની પ્રતિભા અને કેમેરા સામેની તેની સરળતાનો પુરાવો એ છે કે તેમણે મેગી, મેકડોનાલ્ડ્સ અને ક્લિનિક પ્લસ જેવી મોટી બ્રાન્ડ્સ માટે કામ કર્યું. પાંચ વર્ષની ઉંમર સુધીમાં, સારાએ 100 થી વધુ જાહેરાતોમાં કામ કરીને ભારતીય ટેલિવિઝન પર સૌથી વધુ દેખાતા બાળ ચહેરાઓમાંથી એક બની ગઈ હતી. સારાના પિતા સન્માનિત એક્ટર રાજ અર્જુન છે અને તેની માતા સાન્યા અર્જુન તેની કારકિર્દી સંભાળવામાં તેના સૌથી મોટા સમર્થક રહ્યા છે.

# 'ગુસ્તાખ ઈશ્ક' 90ના દાયકાની લવસ્ટોરી યાદ અપાવશે!

## વિજયે કહ્યું, રોમેન્ટિક હીરો તરીકે પાછો ફરી રહ્યો છું ; ફાતિમાએ નસીરુદ્દીન શાહ સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો

મુંબઈ, તા. 19

'ગુસ્તાખ ઈશ્ક', જે 90ના દાયકાના પ્રેમની સાદગી અને ઊંડાણને ફરીથી રજૂ કરે છે, તે ટૂંક સમયમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. વિભુ પુરી દ્વારા દિગ્દર્શિત, આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મમાં ફાતિમા સના શેખ અને વિજય વર્મા પહેલી વાર સાથે છે. આ ફિલ્મ સંબંધો, પ્રેમ અને લાગણીઓની જટિલતાઓને શોધે છે. તેનું મુખ્ય આકર્ષણ ગુલઝાર અને વિશાલ ભારદ્વાજનું સંગીત છે, જેના માટે દર્શકો ઉત્સાહિત છે. ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ ફિલ્મનું નિર્માણ કર્યું છે. ફાતિમા અને વિજયે તાજેતરમાં દિવ્ય ભાસ્કર સાથે તેમના અનુભવો વિશે વાત કરી. અહીં કેટલીક હાઈલાઈટ્સ છે...પ્રશ્ન: 90ના દાયકાની ઘણી બધી બાબતો યાદ આવે છે, ખાસ કરીને તે સમયનો સાચો પ્રેમ અને જુસ્સો. તમને તે સમયની સૌથી વધુ શું યાદ આવે છે? જવાબ/વિજય: મારી પાસે 90 ના દાયકાની ઘણી યાદો છે. દરેક વસ્તુનો પોતાનો મોહક સ્વભાવ હતો: એટ્મોસ્ફીયર, ફિલ્મ જોવી, થિયેટરમાં લાઈનમાં રાહ જોવી પણ. તે સમયે, અમારે દરેક વસ્તુ માટે રાહ જોવી પડતી હતી, પરંતુ લોકો હજુ પણ રાહ જોવાનો આનંદ માણતા હતા. જ્યારે લાઈટ્સ બુઝાઈ જાય, ત્યારે અમે પરિવાર અને મિત્રો સાથે ગપસપ કરતા, જૂના ફોટો આલ્બમ્સ જોતા અને નાની ક્ષણોની ઉજવણી કરતા. આ સુંદર યાદોને આ ફિલ્મમાં ફરી યાદ કરવામાં આવશે. પ્રશ્ન: ફાતિમા, 90ના દાયકાની કઈ બાબતો તમને યાદ આવે છે? જવાબ/ફાતિમા: બાળપણમાં, જ્યારે ડિઝની ચેનલ સાંજે 7 વાગ્યે આવતી, ત્યારે અમે બધા રમવાનું બંધ કરી દેતા અને ટીવી જોવા દોડી જતા. તે સમયે કોઈ વીડિયો ગેમ્સ કે ફોન નહોતા. ફક્ત સ્નેકવાળી ગેમ હતી, અને તે પણ માતા-પિતાના ફોન પર. દરરોજ સાંજે બહાર મિત્રો સાથે રમવું અને ગપસપ કરવી એ સૌથી મજેદાર હતું. કોઈ ગ્રુપ ચેટ કે ઓનલાઈન ડેટિંગ નહોતું. અમે બધા રૂબરૂ મળતા, તેથી મને તે દિવસો ખૂબ જ યાદ આવે છે.



# સોનું 1.22 લાખ પ્રતિ 10 ગ્રામ થયું : છેલ્લાં 3 દિવસમાં સોનામાં 4,374 રૂપિયા અને ચાંદીમાં 1,227 ઘટ્યા; ચાંદીનો કિલોનો ભાવ 1.54 લાખ રૂપિયા

નવી દિલ્હી, તા.19

હાલ લગ્નની સિઝન ચાલી રહી છે ત્યારે આજે 18 નવેમ્બરના રોજ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, સોનાનો ભાવ 1,558 ઘટીને 1,21,366 પ્રતિ 10 ગ્રામ થયો હતો. અગાઉ, સોનાનો ભાવ 1,22,924 પ્રતિ 10 ગ્રામ હતો. અમદાવાદમાં આજે 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 123710 છે.



આ દરમિયાન ત્રણ ટ્રેડિંગ દિવસોમાં સોનાનો ભાવ 5,188 ઘટ્યો હતો. ગુરુવાર, 13 નવેમ્બરના રોજ, સોનું 126,554 પર હતું. શુક્રવાર અને સોમવારે પણ સોનાના ભાવમાં ઘટાડો થયો હતો, જ્યારે શનિવાર અને રવિવારે બજાર બંધ હતું.

ચાંદીના ભાવ 3,083 ઘટીને 1,51,850 પ્રતિ કિલોગ્રામ થયા. અગાઉ, તેનો ભાવ 1,54,933 પ્રતિ કિલોગ્રામ હતો. ત્રણ ટ્રેડિંગ દિવસોમાં, ભાવ 10,880 ઘટ્યો છે. ગયા ગુરુવારે, તે 1,62,730 પર હતી.

IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી શહેરોમાં ભાવ અલગ અલગ હોય છે. આ ભાવ નો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

ગ્લોબલ તણાવમાં ઘટાડો: સોના અને ચાંદીને 'સલામત સેફ હેવન' માનવામાં આવે છે. ગ્લોબલ તણાવમાં ઘટાડો થવાથી તેમના ભાવમાં ઘટાડો થયો છે.

પ્રોફિટ-ટેકિંગ અને ઓવરબોટ સિગ્નલ: રોકાણકારો તેજી પછી નફો બુક કરી રહ્યા છે. રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (RSI) જેવા ટેકનિકલ ઈન્ડેક્સ દર્શાવે છે કે કિંમતો ઓવરબોટ (કિંમતોમાં વધારો થવો) ઝોનમાં પહોંચી ગઈ છે. તેથી, ટ્રેન્ડ ફોલોઅર્સ અને ડીલરો વેચાણ શરૂ કરી દીધું છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 45,204નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,21,366 થયો છે.

આ દરમિયાન ચાંદીના ભાવમાં પણ 65,833નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ 86,017 હતો અને હવે તે વધીને 1,51,850 પ્રતિ કિલોગ્રામ થયો છે.

નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધઘટ થઈ શકે છે. જોકે, લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, જે સોનાને સપોર્ટ પૂરો પાડશે. પરિણામે, આગામી દિવસોમાં તેની કિંમત ફરી એકવાર 1.25 લાખ સુધી પહોંચી શકે છે.

હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર 6-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યુમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - AZ4524. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે.

ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતાં નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે 22 કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે.

## સોનું ₹1,268 વધીને ₹1.23 લાખ પ્રતિ 10 ગ્રામ થયું:આ વર્ષે ₹47,286 મોંઘુ થયું, ચાંદીનો ભાવ ₹2,594 વધીને ₹1.56 લાખ કિલોએ પહોંચી

19 નવેમ્બરના રોજ સોના અને ચાંદીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, પ્રતિ 10 ગ્રામ સોનાનો ભાવ 1,268 વધીને 1,23,448 થયો છે. અગાઉ આ ભાવ 1,22,180 પ્રતિ 10 ગ્રામ હતો.

ચાંદીનો ભાવ 2,594 વધીને 1,56,300 પ્રતિ કિલોગ્રામ થયો. અગાઉ, તેની કિંમત 1,53,706 પ્રતિ કિલોગ્રામ હતી. 17 ઓક્ટોબરના રોજ સોનાનો ભાવ 1,30,874ની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો હતો અને 14 ઓક્ટોબરના રોજ ચાંદી 1,78,100ની ઓલ ટાઈમ હાઈ પહોંચી હતી.

IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દર શહેરોમાં અલગ અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 47,286નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,23,448 થયો છે. આ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવમાં પણ 70,283નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ 86,017 હતો અને હવે તે વધીને 1,56,300 પ્રતિ કિલોગ્રામ થયો છે.

સોનાના ભાવમાં વધઘટ થવાની ધારણા નિષ્ણાતોના મતે આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધઘટ થઈ શકે છે. જોકે, લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, જે સોનાને ટેકો પૂરો પાડશે. પરિણામે, આગામી દિવસોમાં તેની કિંમત ફરી એકવાર 1.25 લાખ સુધી પહોંચી શકે છે.

ફક્ત પ્રમાણિત સોનું ખરીદો હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક હોઈ શકે છે, જેમ કે AZ4524. હોલમાર્કિંગ સોનાના કેરેટેજને દર્શાવે છે.

# મોદીએ કિસાન સન્માન નિધિનો 21મો હપ્તો જાહેર કર્યો : 9 કરોડ ખેડૂતોના ખાતામાં ₹18,000 કરોડથી વધુ ટ્રાન્સફર થયા....

નવી દિલ્હી, તા.19

પીએમ મોદીએ બુધવારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 21મો હપ્તો જાહેર કર્યો હતો. તેમણે તમિલનાડુના કોઈમ્બતુરથી દેશભરના 9 કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં 1,800 કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરી.



આ યોજના હેઠળ, નાના અને સીમાંત ખેડૂતોને વાર્ષિક 2,000 ના ત્રણ હપ્તા (કુલ 6,000) આપવામાં આવે છે. આ રકમ લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

9 કરોડ ખેડૂતો માટે PM-KISAN ના 21મા હપ્તા તરીકે લગભગ 18,000 કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા.

સત્ય સાંઈ બાબાના જીવન, ઉપદેશો અને વારસાના સન્માનમાં એક સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટનો સેટ પણ બહાર પાડવામાં આવ્યો.

કેન્દ્ર સરકારે કેટલાક રાજ્યોને 21મો હપ્તો પહેલેથી જ આપી દીધો છે. આ હપ્તો 26 સપ્ટેમ્બર, 2025ના રોજ પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશના ખેડૂતોને આપવામાં આવ્યો હતો, કારણ કે આ રાજ્યોમાં પૂર અને ભૂસ્ખલનને કારણે થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે આગોતરી રાહત આપવામાં આવી હતી. વધુમાં, જમ્મુ અને કાશ્મીરના ખેડૂતોને 7 ઓક્ટોબર, 2025ના રોજ આ હપ્તો મળ્યો હતો. અન્ય રાજ્યોને નવેમ્બરમાં ચુકવણી થવાની ધારણા છે.

આ યોજના હેઠળ, દર વર્ષે ત્રણ હપ્તામાં ખેડૂતોના ખાતામાં 2,000 ટ્રાન્સફર કરવામાં આવે છે. પહેલો હપ્તો એપ્રિલ અને જુલાઈ વચ્ચે, બીજો ઓગસ્ટ અને નવેમ્બર વચ્ચે અને ત્રીજો ડિસેમ્બર અને માર્ચ વચ્ચે આપવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2 ઓગસ્ટના રોજ કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો 20મો હપ્તો જાહેર કર્યો. ઉત્તર પ્રદેશના વારાણસીથી, પીએમ મોદીએ 20મા હપ્તા તરીકે 97 મિલિયન ખેડૂતોના ખાતામાં 20.84 કરોડ ટ્રાન્સફર કર્યા.

પીએમ-કિસાન યોજના ફેબ્રુઆરી 2019 માં શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ, પાત્ર ખેડૂતોને વાર્ષિક 6,000 ની નાણાકીય સહાય મળે છે, જે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા સીધા તેમના બેંક ખાતામાં ત્રણ હપ્તામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. હાલમાં, દેશભરના 10 કરોડથી વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

# IT કંપની ઇન્ફોસિસ પાસે જરૂરિયાત કરતા વધારે રોકડ:એટલે જ 18,000 કરોડના શેર બાયબેક કરશે

મુંબઈ, તા.19

આઈટી કંપની ઈન્ફોસિસ અત્યાર સુધીની સૌથી મોટી શેર બાયબેક કરી રહી છે. કંપની તેના રોકાણકારો પાસેથી 1,800 પ્રતિ શેરના ભાવે 100 મિલિયન શેર ખરીદશે. આનાથી તેને 2.41% હિસ્સો પાછો મળશે.

આ 18,000 કરોડનો કાર્યક્રમ ગુરુવાર, 20 નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને 26 નવેમ્બરના રોજ બંધ થશે. રેકોર્ડ તારીખ 14 નવેમ્બર છે, એટલે કે તે તારીખ પહેલાં શેર ખરીદનાર કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. આમાં 25.85 લાખ નાના શેરધારકોનો સમાવેશ થાય છે.

કંપનીએ રેગ્યુલેટરી ફાઈલિંગમાં જે કહ્યું તેને સરળ ભાષામાં સમજીએ...કંપની પાસે હાલ જરૂરિયાત કરતા વધારે રોકડ પડ્યા છે. ભવિષ્યમાં જેટલી રોકડની જરૂરિયાત પડશે, તેનો હિસાબ રાખતા હાલ સરપ્લસ રોકડ વધી છે. એટલે કંપની આ રોકડ બેંકમાં રાખવાની જગ્યાએ શેરહોલ્ડર્સને પાછી આપી રહી છે- તે પણ પોતાના જ શેર બજારથી ખરીદીને

સરળ શબ્દોમાં કહીએ તો, શેર બાયબેક ત્યારે થાય છે જ્યારે કોઈ કંપની રોકાણકારો પાસેથી પોતાના શેર પાછા ખરીદે છે. આમ કરવાના ઘણા ફાયદા છે:

ઓછા શેર, વધુ મૂલ્ય: શેરની ઓછી સંખ્યા શેર દીઠ કમાણી (EPS) વધારે છે, જે શેરના ભાવમાં વધારો કરી શકે છે.

રોકડનો ઉપયોગ: જો કંપની પાસે વધારાની રોકડ હોય, તો તે રોકાણકારોને લાભ આપવા માટે તેને બાયબેકમાં રોકાણ કરે છે.

વિશ્વાસનો સંદેશ: બાયબેક કંપનીને દર્શાવે છે કે તેને તેના ભવિષ્યમાં વિશ્વાસ છે અને તે માને છે કે તેના શેરનું મૂલ્ય ઓછું છે.




આ કાર્યક્રમને બે શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યો છે, જેમાં નાના રોકાણકારોને પ્રાથમિકતા આપવામાં આવે છે

અનામત શ્રેણી - નાના રોકાણકારો, એટલે કે જેઓ 2 લાખ સુધીના કંપનીના શેર ધરાવે છે, તેમને 15% શેર અનામત મળશે, જે તેમના હક કરતાં વધુ છે. અનામત શ્રેણીમાં બાયબેક રેશિયો 2:11 છે, જેનો અર્થ એ થાય કે દરેક 11 શેર માટે, બે શેર ટેન્ડર કરી શકાય છે.

જનરલ કેટેગરી - 2 લાખથી વધુ મૂલ્યના શેર ધરાવતા શેરધારકો આ શ્રેણીમાં આવે છે. આ શ્રેણી માટે બાયબેક રેશિયો 17:706 રહેશે.

હકદારી એટલે રેકોર્ડ તારીખે રાખેલા શેરની સંખ્યા અનુસાર શેર ટેન્ડર (વેચાણ માટે ઓફર) કરવાનો અધિકાર. ઈન્ફોસિસ માને છે કે આ બાયબેક શેરધારકો માટે ફાયદાકારક રહેશે. ઈક્વિટી બેઝમાં ઘટાડાથી શેર દીઠ વળતર (EPS) વધશે. કંપની તેનું અર્ધવાર્ષિક ડિવિડન્ડ ચાલુ રાખશે અને ખાસ ડિવિડન્ડ જારી કરવાનું પણ વિચારશે. નાણાકીય વર્ષ 2025 થી શરૂ થતા આગામી પાંચ વર્ષમાં 85% મફત રોકડ પ્રવાહ વળતરનો લક્ષ્યાંક છે.

19 નવેમ્બરના રોજ, ઈન્ફોસિસના શેર 3.67% વધીને 1,541 પર ટ્રેડ થઈ રહ્યા છે. છેલ્લા મહિનામાં, કંપનીના શેરમાં 5.48% નો વધારો થયો છે. જોકે, છેલ્લા છ મહિનામાં તેમાં 1.21%, એક વર્ષમાં 15.55% અને આ વર્ષની 1 જાન્યુઆરીથી 18.14% નો ઘટાડો થયો છે. કંપનીનું બજાર મૂલ્ય 6.4 લાખ કરોડ છે.

### 3.5 અબજ વોટ્સએપ યુઝર્સના ડેટા જોખમમાં

# પ્રોફાઇલ પિક્ચર અને સ્ટેટસ જેવી વિગતો થઈ રહી છે લીક, સંશોધકોને એપમાં ખામી જોવા મળી

નવી દિલ્હી, તા.19

3.5 અબજથી વધુ WhatsApp યુઝર્સના ફોન નંબર જોખમમાં છે. એક મોટી સુરક્ષા ખામી યુઝર્સના પ્રોફાઇલ પિક્ચર, સ્ટેટસ અને અબાઉટ વિભાગની વિગતો જેવી વિગતો લીક કરી શકે છે. વિયેના યુનિવર્સિટીના સંશોધકોએ આ ખામી શોધી કાઢી.

સંશોધકોના મતે આ ખામી કોઈપણ વ્યક્તિને વોટ્સએપ પર નંબર સક્રિય છે કે નહીં તે ચકાસવાની મંજૂરી આપે છે. પ્રોફાઇલ પિક્ચર, સ્ટેટસ અને અબાઉટ સેક્શન જેવી વિગતો સરળતાથી કાઢી શકાય છે, જે સંભવિત રીતે દુરુપયોગ તરફ દોરી જાય છે.

સંશોધકોએ જણાવ્યું હતું કે સમસ્યા WhatsAppના સંપર્ક શોધ સુવિધામાં છે. તે યુઝર્સની ફોન સરનામાં પુસ્તકોને સમન્વયિત કરીને લોકોને શોધવાનું સરળ બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું, પરંતુ તેણે અજાણતાં જ યુઝર્સ ડેટાના મોટા પાયે સંગ્રહનો દરવાજો ખોલી નાખ્યો.

વિયેના યુનિવર્સિટીના સંશોધકોએ 245 દેશો માટે વાસ્તવિક ફોન નંબર જનરેટ કરવા માટે libphonegen ટૂલનો ઉપયોગ કર્યો. ત્યારબાદ તેઓએ WhatsAppના XMPP પ્રોટોકોલ સાથે જોડાણ કર્યું અને પ્રશ્નો મોકલ્યા.



56.7% યુઝર્સના પ્રોફાઈલ પિક્ચર અને 29.3%ના ટેક્સ્ટ વિશે માહિતી જાહેર કરવામાં આવી હતી.

આ લખાણોમાં રાજકીય વિચારો, ધર્મ અથવા તો અન્ય સોશિયલ મીડિયા લિંક્સનો સમાવેશ થતો હતો.

સંશોધકોએ જણાવ્યું હતું કે 3.5 અબજ અથવા 3.5 અબજ યુઝર્સમાંથી ભારતમાં સૌથી વધુ 749 મિલિયન (21.67%), ઈન્ડોનેશિયામાં 235 મિલિયન (6.81%), બ્રાઝિલમાં 207 મિલિયન (5.99%), યુએસમાં 138 મિલિયન (3.99%) અને રશિયામાં 133 મિલિયન (3.84%) એકાઉન્ટ્સ હતા.

આમાં 81% એન્ડ્રોઈડ અને 19% iOS યુઝર્સનો સમાવેશ થાય છે. વધુમાં 9% બિઝનેસ એકાઉન્ટ્સ છે, જે WhatsApp બિઝનેસ ફીચર્સ દ્વારા વધુ ડેટા શેર કરે છે. પશ્ચિમ આફ્રિકા જેવા પ્રદેશોમાં, જ્યાં WhatsApp પ્રાથમિક મેસેજિંગ પ્લેટફોર્મ છે, 80% પ્રોફાઈલ્સ સાર્વજનિક છે.

વોટ્સએપ એન્જિનિયરિંગના વીપી નીતિન ગુપ્તાએ જણાવ્યું હતું કે, સંશોધનથી અમને અમારા એન્ટી-સ્ક્રેપિંગ પગલાંનું પરીક્ષણ કરવામાં મદદ મળી. અત્યાર સુધી કોઈ દુરુપયોગ ઓળખાયો નથી. મેટા વધુ મજબૂત એન્ટી-સ્ક્રેપિંગ ટૂલ્સ વિકસાવી રહ્યું છે.

પ્રોફાઈલને ખાનગી બનાવતી આ ખામી અંગે સાયબર સુરક્ષા નિષ્ણાતોએ કહ્યું કે, 'અબાઉટ'માં વ્યક્તિગત વિગતો દાખલ કરશો નહીં, સ્ટેટસ શેરિંગ મર્યાદિત કરો.

જો તમે બિઝનેસ યુઝર છો, તો WhatsApp Business APIની સુરક્ષિત સુવિધાઓનો ઉપયોગ કરો. ભવિષ્યમાં આવી નબળાઈઓ ઓછી જોવા મળશે, પરંતુ ગોપનીયતા હજુ પણ યુઝરની જવાબદારી છે.

# ગેરન્ટી વિના સરકાર આપી રહી છે 90000 રૂપિયા સુધીની લોન, ફક્ત એક ડૉક્યુમેન્ટની જરૂર....!

નવી દિલ્હી, તા.19

શું તમે પોતાનો સ્મોલ બિઝનેસ શરૂ કરવા માગો છો પરંતુ પૈસાના અભાવે આગળ વધી નથી શકતા? તો આ સમાચાર તમારા માટે ખાસ છે, કારણ કે અમે તમને એક એવી સરકારી સ્કીમ વિશે જણાવી રહ્યા છીએ જેમાં સરકાર કોઈપણ ગેરન્ટી વિના 90,000 સુધીની બિઝનેસ લોન આપી રહી છે. ખાસ વાત એ છે કે આ રકમ મેળવવા માટે તમારે વધુ કાગળકામ કરવાની પણ જરૂર નથી. માત્ર એક ડૉક્યૂમેન્ટ દ્વારા પૈસા તમારા એકાઉન્ટમાં આવી જશે. અમે પીએમ સ્વનિધિ યોજના (PM Svanidhi Scheme)ની વાત કરી રહ્યા છીએ. ચાલો તેની દરેક વિગતો જાણીએ..

દેશમાં કોરોના મહામારીનો પ્રકોપ હતો ત્યારે સૌથી વધુ નુકસાન સ્મોલ બિઝનેસને થયું. તેમાં સ્ટ્રીટ વેંડર્સ સૌથી વધુ પ્રભાવિત થયા, કારણ કે તેમનો બિઝનેસ ઠપ થઈ ગયો હતો. આવા નાના વેપારીઓની મદદ કરવા માટે મોદી સરકારે પીએમ સ્વનિધિ યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ એવા લોકોને પોતાનો બિઝનેસ ફરીથી શરૂ કરવા માટે આર્થિક મદદ કરવામાં આવે છે. અગાઉ આ સરકારી સ્કીમમાં 80,000 સુધીની લોન આપવામાં આવતી હતી, જે 2025માં વધારીને 90,000 કરી દેવામાં આવી છે.



પીએમ સ્વનિધિ યોજનાની સૌથી ખાસ વાત એ છે કે સરકાર કોઈપણ ગેરન્ટી વિના લોન આપે છે અને નિશ્ચિત રકમ ત્રણ તબક્કામાં આપવામાં આવે છે. તમને જણાવી દઈએ કે, સરકારે આ યોજના હેઠળ માત્ર લોનની રકમ જ નહીં પરંતુ તેની લિમિટમાં પણ વધારો કર્યો છે. ગત ઓગસ્ટ માં મહિનામાં કેન્દ્રીય કેબિનેટે પીએમ સ્વનિધિ યોજનાના વિસ્તરણને મંજૂરી આપી હતી. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની સાથે નાણાકીય સેવા વિભાગ 31 માર્ચ 2030 સુધી આ સ્કીમનું સંચાલન કરશે.

પીએમ સ્વનિધિ યોજના હેઠળ મળતી લોનની પ્રોસેસ અંગે વાત કરીએ તો, તે ત્રણ તબક્કામાં આપવામાં આવે છે. આ હેઠળ અરજદારોને નાનો બિઝનેસ શરૂ કરવા માટે 15,000 નો પહેલો હપ્તો આપવામાં આવે છે, ત્યારબાદ 25,000નો બીજો હપ્તો અને 50,000નો ત્રીજો હપ્તો આપવામાં આવે છે. સરકાર આ રકમ સીધી તમારી ક્રેડિબિલિટીના આધારે આપે છે.

# કંપનીઓના કેશ રિઝર્વમાં ઘટાડો જ્યારે દેવામાં વધારો

મુંબઈ, તા.19

ભારતની કંપનીઓ પાસે એક તરફ કેશ રિઝર્વ ઘટી રહ્યું છે અને બીજી બાજુ તેમના દેવાબોજમાં વધારો થઈ રહ્યો છે જે કંપનીઓ દ્વારા મૂડીખર્ચ થઈ રહ્યાના સંકેત આપે છે. એક ખાનગી રિસર્ચ પેઢી દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં બીએસઈ૫૦૦ ઈન્ડેક્સમાંની ૩૪૦ કંપનીઓનું કેશ રિઝર્વ ૧લી એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બરના ગાળામાં રૂપિયા ૪૪૦૦૦ કરોડ ઘટી રૂપિયા ૭.૩૬ ટ્રિલિયન પર આવી ગયું છે.

આ લિસ્ટેડ કંપનીઓ પાસે ૩૧મી માર્ચ ૨૦૨૫ના અંતે કુલ રૂપિયા ૭.૮૦ ટ્રિલિયન જેટલુ કેશ રિઝર્વ હતું. હાલમાં દેશમાં વ્યાજ દર પ્રમાણમાં નીચા છે અને ફુગાવો પણ ધીમો પડયો છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ખાનગી કંપનીઓ દ્વારા કુલ રૂપિયા ૩૪ ટ્રિલિયનનો મૂડીખર્ચ થયો છે જે વાર્ષિક ધોરણે ૨૨.૪૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીય કંપનીઓના કેશ રિઝર્વમાં પ્રથમ વખત ઘટાડો જોવા મળ્યો છે. એક તરફ કેશ રિઝર્વમાં ઘટાડો થયો છે જ્યારે બીજી બાજુ આજ ગાળામાં સમીક્ષા હેઠળની કંપનીઓનું દેવુ પણ રૂપિયા ૨.૦૪ ટ્રિલિયન વધી રૂપિયા ૨૯.૧૫ ટ્રિલિયન પહોંચી ગયું છે. દેવાનો આંક પણ છેલ્લા ત્રણ વર્ષની ઊંચી સપાટીએ રહ્યો છે. હાથમાં રોકડનો ઘટાડો અને બીજી બાજુ બોરોઈંગમાં વધારો કંપનીઓ દ્વારા મૂડીખર્ચ શરૂ કરાયાના સંકેત આપે છે, એમ સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું.

માગમાં વૃદ્ધિ, પૂરવઠા સાંકળની સામાન્ય સ્થિતિ તથા નાણાંની સરળ ઉપલબ્ધતાને કારણે કંપનીઓ મૂડીખર્ચ આગળ વધી રહી હોવાનું જણાય છે. વર્તમાન નાણાં વર્ષના પાછલા છ મહિના તથા નાણાં વર્ષ ૨૦૨૭માં પણ મૂડીખર્ચમાં વધારો થવાની રિપોર્ટમાં આશા વ્યકત કરવામાં આવી છે. વર્તમાન નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર વિશ્વના અન્ય દેશોની સરખામણીએ સૌથી ઝડપી નજરે પડી રહ્યો છે. આગામી ૨૦૨૬માં ભારતમાં ઈનફરમેશન ટેકનોલોજી (આઈટી) ખર્ચ ૨૦૨૫ની તુલનાએ ૧૦.૬૦ ટકા ઊંચો રહી ૧૭૬.૩૦ અબજ ડોલર રહેવાની ધારણાં મૂકવામાં આવી છે.

# સેન્સેક્સ 513 પોઇન્ટ વધીને 85,186 પર બંધ:નિફ્ટીમાં પણ 142 પોઇન્ટનો વધારો થયો, આઈટી અને બેંકિંગ શેરોમાં પણ તેજી રહી

મુંબઈ, તા.19

19 નવેમ્બરના રોજ શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો. સેન્સેક્સ 513 પોઈન્ટ વધીને 85,186 પર બંધ થયો. નિફ્ટી પણ 142 પોઈન્ટ વધીને 26,052 પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરમાંથી 20 શેર વધ્યા અને 10 શેરમાં ઘટાડો થયો. આઈટી અને બેંકિંગ શેરોમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો, જ્યારે ફાઈનાન્સ અને એનર્જી શેરોમાં ઘટાડો થયો.

ટેનેકો ક્લીન એર ઈન્ડિયાના શેર 27% પ્રીમિયમ સાથે NSE પર રૂ. 509 પર લિસ્ટ થયા. આ શેર BSE પર 25%ના પ્રીમિયમ પર રૂ. 498 પર લિસ્ટેડ થયો હતો. તેની ઈશ્યૂ કિંમત રૂ. 397 હતી.



એશિયન બજારો: જાપાનનો નિક્કેઈ 0.24% વધીને 48,818 પર, કોરિયાનો કોસ્પી 0.50% ઘટીને 3,933 પર અને હોંગકોંગનો હેંગ સેંગ 0.47% ઘટીને 25,808 પર ટ્રેડ કરી રહ્યો છે.

યુએસ બજારો: 18નવેમ્બરના રોજ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 1.07% ઘટીને 46,091 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ 1.21% અને S&P 500 0.83% ઘટીને બંધ થયો.

વિદેશી vs સ્થાનિક રોકાણકારો 18 નવેમ્બરના રોજ, વિદેશી રોકાણકારો (FIIs) એ 1,234કરોડના શેર વેચ્યા અને સ્થાનિક રોકાણકારો (DIIs - આપણા દેશના મોટા ભંડોળ) એ 2,395 કરોડના શેર ખરીદ્યા. આ મહિનામાં અત્યાર સુધીમાં - FIIs એ 13,939 કરોડના શેર વેચ્યા, DIIs એ 48,974 કરોડના શેર ખરીદ્યા.

એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસનો IPO આજે ખુલશે અને 21 નવેમ્બરના રોજ બંધ થશે. બુક-બિલ્ટ ઈશ્યૂ 500 કરોડનો છે, જેમાં 1.50 કરોડ શેરનો નવો ઈશ્યૂ 180 કરોડનો છે. વધુમાં, 2.67 કરોડ શેરની ઓફર ફોર સેલ (OFS) 320 કરોડ હશે. પ્રાઈસ બેન્ડ 114 થી 120 પ્રતિ શેર છે.

શેરબજારમાં અગાઉ ગઈકાલે, 18 નવેમ્બરે ઘટાડો થયો હતો. સેન્સેક્સ 277 પોઈન્ટ ઘટીને 84,673 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 103 પોઈન્ટ ઘટીને 25,910 પર બંધ થયો હતો.

# અમદાવાદ શહેરમાં નો- કેટલ ઝોન ક્યારે જાહેર થશે?

## નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને નવા વાડજમાં નો - કેટલ ઝોન, ઢોર રખડતું જોવા મળશે તો પોલીસ ફરિયાદ થશે

**અમદાવાદ, તા.19**

અમદાવાદ શહેરમાં ભવિષ્યમાં કોમનવેલ્થ ગેમ્સ તથા ઓલિમ્પિકની યજમાની થવાની હોવાથી અને વારંવાર વી.આઈ.પી. તથા વી.વી.આઈ.પીની મુવમેન્ટ રહેતી હોય છે. રખડતા ઢોર નિયંત્રણ પોલિસી અમલમાં લાગુ કરવામાં આવી છે છતાં પણ કેટલાક પશુ માલિકો દ્વારા ઢોર રોડ ઉપર રખડતા મૂકવામાં આવતા હોવાના પગલે શહેરના નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સરદાર પટેલ સ્ટેડિયમ, નવા વાડજ ભરવાડ વાસ, નિર્ણયનગર ગરનાળા, શિવમ શાકમાર્કેટ અને જુના રાણીપ વિસ્તારમાં નો- કેટલ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. જો કોઈપણ ઢોર આ વિસ્તારમાં રખડતું જોવા મળશે તો તેના માલિક વિરુદ્ધ પોલીસ કમિશનર જાહેરનામા ભંગ બદલ પોલીસ ફરિયાદ નોંધવામાં આવશે.





શહેરના નવા વાડજ વિસ્તારમાં શિવમ શાકમાર્કેટ અને નવા વાડજ ભરવાડ વાસ સહિતના વિસ્તારમાં નો કેટલ ઝોન જાહેર કરવામાં આવતા આજે સવારથી મ્યુનિસિપલ કોર્પોરેશનની સીએનસીડી વિભાગની ટીમ દ્વારા નવા વાડજ ભરવાડ વાસમાં નો - કેટલ ઝોનને લઈને કાર્યવાહી કરવામાં આવી હતી. સીએનસીડી વિભાગની ટીમ દ્વારા આ વિસ્તારમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. ભરવાડ વાસમાં રહેલા તમામ ઢોરવાડાઓમાં તપાસ કરવામાં આવી હતી. ઢોર માલિકોને સાથે રાખી અને ઢોરવાડામાં તપાસ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં એક પણ ઢોર રખડતું ન મુકવા સૂચના આપવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં ફરી એકવાર તમામ વિસ્તારોમાં ઢોર રખડતા જોવા મળી રહ્યા છે ત્યારે આખા શહેરને નો- કેટલ ઝોન જાહેર કરવામા આવે તેવી માંગ ઉઠી છે.

રખડતા ઢોર નિયંત્રણની પોલીસી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરમાં લાગુ કરવામાં આવી છે પરંતુ હજી પણ કેટલાક ઢોર રોડ ઉપર રખડતા જોવા મળી રહ્યા છે. શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં શાળા, મ્યુઝીયમ, કોલેજો, યુનિવર્સિટી, ધાર્મિક સ્થળો, બગીચાઓ, ગાર્ડન, શૈક્ષણિક સંકુલો, હોસ્પિટલો, ઈવેન્ટ્સ બજારો, શાક-માર્કેટ, હોલ, સભાઓ જેવા સ્થળોએ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થતા હોય છે. નાગરિકોની મોટી સંખ્યામાં અવર-જવર થતી હોય તેવા સ્થળો જેવા કે, બસ સ્ટેશન, હાઈવે, શાળા-કોલેજ, યુનિવર્સીટી, શાકમાર્કેટ, બજારો, ગાર્ડન, બ્રિજ, રીંગ રોડ, બ્રિજ રેલ્વે ક્રોસીંગ, અંડરપાસ, ચાર રસ્તા જંકશન, નેશનલ હાઈવે, એક્સપ્રેસ વે,એસ.પી.રીંગ રોડ જેવા શહેરમાં વધુ ટ્રાફિક અવર-જવર,ગીચતા ધરાવતા જાહેર સ્થળો, ટ્રાફિકમાં રોડ ઉપર ફરી એકવાર ઢોર રખડતા થઈ ગયા છે.

પશ્ચિમ વિસ્તારમાં સાબરમતી આશ્રમ, મલ્ટી મોડલ હબ, રાણીપ GSRTC બસ સ્ટેન્ડ, RTO કચેરી જેવી ભીડભાડવાળા મોટી સંખ્યામાં નાગરિકોની અવર-જવરવાળા સ્થળો આવેલા છે. જેથી વિસ્તારોને નો-કેટલ ઝોન તરીકે જાહેર કરવો જરૂરી છે. જેના પગલે પોલીસ કમિશનર દ્વારા નવાવાડજ વોર્ડમાં આવેલા ભરવાડ વાસ, શિવમ શાકમાર્કેટ, નિર્ણયનગર ગરનાળા તથા નારણપુરામાં આવેલ સ્પોર્ટ્સ સંકુલના આસપાસના વિસ્તારમાં રખડતા પશુઓના કારણે ટ્રાફિકની સમસ્યા રહે છે. આ તમામ બાબતો ધ્યાને લઈ આ વિસ્તારોને 'કેટલ ફ્રી એરીયા/ નો-કેટલ ઝોન' તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

'કેટલ ફ્રી એરીયા/નો-કેટલ ઝોન' માં કોઈપણ પશુપાલક/પાશુમાલિક પોતાનું પશુ જાહેરમાં રખડતું મુકી શકશે નહી. જો તેમ કરવામાં આવશે તો જે તે પશુના માલિક -વિરુદ્ધ જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે પોલીસ વિભાગ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર ત્રાસ અંકુશ વિભાગ (C.N.C.D.) ના સંકલનમાં રહી આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસ કમિશનર દ્વારા પશ્ચિમ વિસ્તારના જ્યાં વધારે વીઆઈપી અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છે ત્યાં નો કેટલ ઝોન જાહેર કરવામાં આવ્યું છે પરંતુ સમગ્ર અમદાવાદ શહેરમાં ફરી એકવાર ઢોર રોડ ઉપર જોવા મળી રહ્યા છે ખાસ કરીને સાબરમતી, ચાંદખેડા, મોટેરા, ન્યુ રાણીપ, ગોતા, ઓઢવ, સીટીએમ, નરોડા, સરદારનગર, નાનાચિલોડા સહિતના વિસ્તારોમાં રખડતા ઢોર જોવા મળતા હોય છે ત્યારે સમગ્ર અમદાવાદ શહેરમાં નો કેટલ ઝોન જાહેર કરવાની જરૂરિયાત છે પરંતુ માત્ર કેટલાક ચોક્કસ વિસ્તારો જમા ભાજપના ધારાસભ્યોથી લઈ અને કોર્પોરેટરોની રજૂઆત બાદ લોક હેતલ ઝોન જાહેર કરવામાં આવી રહ્યું હોવાની ચર્ચા છે ત્યારે આખા શહેરમાં જો નો કેટલુ જાહેર કરવામાં આવે તો રખડતા ઢોરની સમસ્યા દૂર થઈ શકે તેમ છે.

# રાજકોટમાં GSTના દરોડા પાડવા પહોંચેલા અધિકારીઓને માર માર્યો

## ઓમ રેસ્ટોરન્ટમાં રેડ દરમિયાન દારૂની બોટલો મળી, માલિક સામે ફરિયાદ નોંધાઈ

**રાજકોટ, તા.19**

રાજકોટના ભક્તિનગર સર્કલ પાસે આવેલા ઓમ રેસ્ટોરન્ટમાં GST અધિકારીઓ દ્વારા રેડ કરવામાં આવી હતી. અહીં મંગળવાર સવારથી ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જોકે, રાત્રિના સમયે રેસ્ટોરન્ટના માલિક દ્વારા માથાકૂટ કરવામાં આવી હતી અને GST અધિકારીઓને માર મારવામાં આવ્યો હતો. જોકે, દરોડા દરમિયાન GST અધિકારીને જુદી જુદી વિદેશી બ્રાન્ડની ચાર દારૂની બોટલ મળી આવી હતી, ત્યારે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં આ મામલે અરજી કરવામાં આવી હતી. જ્યારે દારૂની બોટલ મળી આવતા ગુનો પણ નોંધવામાં આવ્યો છે.



GSTના અધિકારી અંકિતકુમાર બછેલાલે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, GSTના સુપ્રિટેન્ડેન્ટ જયપ્રકાશસિંહ રામચંદ્રસિંહ, ઈન્સ્પેક્ટર અશોકકુમાર બજરંગલાલ, રાહુલસિંગ દલબીરસિંહ અને લલિત મુકેશ ચંદેલ સાથે ભક્તિનગર સર્કલ પાસે આવેલા ત્રણ માળના ઓમ રેસ્ટોરન્ટમાં GSTની રેડ પાડવા માટે ગયા હતા, ત્યારે આ રેસ્ટોરન્ટના માલિક વલ્લભભાઈ જીવરાજભાઈ તારપરા બોલાચાલી કરી જતા રહ્યા હતા. જે બાદ GST વિભાગમાં રજૂ કરાયેલી પાર્ટનરશીપ ડીડની નકલ અને સિઝર મેમો આપવામાં આવ્યો હતો.

જે બાદ રેસ્ટોરન્ટમાં તપાસ કરવામાં આવતા ત્યાં કોઈપણ જાતની પરમીટ કે આધાર પુરાવા વિના રૂપિયા 14,900ની કિંમતની દારૂની 4 બોટલ મળી હતી. આ અંગે ભક્તિનગર પોલીસ મથકમાં વલ્લભભાઈ તારપરા અને તપાસમાં જેમનું નામ ખુલે તેમની સામે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# આંતરરાષ્ટ્રીય સાયબર-ગુલામી રેકેટનો પર્દાફાશ: મુખ્ય સૂત્રધારની ધરપકડ

**અમદાવાદ, તા.19**

ગુજરાતના સાયબર સેન્ટર ઑફ એક્સેલન્સ (CCoE) એ નીલેશ ઉર્ફે નીલ નરપતસિંહ પુરોહિતની ધરપકડ કરી છે. તેની ઓળખ મ્યાંમાર, કંબોડિયા અને અન્ય દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાં ચાઈનીઝ સાયબર માફિયા નેટવર્ક્સ દ્વારા ચલાવવામાં આવતા સાયબર-ગુલામી સંકુલમાં સેંકડો ભારતીયો અને વિદેશી નાગરિકોની તસ્કરી કરવા બદલ ભારતના મુખ્ય એજન્ટોમાંના એક તરીકે થઈ છે.



તપાસકર્તાઓને જાણવા મળ્યું છે કે પુરોહિત એક અત્યંત સંગઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક ચલાવતો હતો, જેમાં 126 થી વધુ સબ-એજન્ટો તેના હેઠળ કામ કરતા હતા. તેના પર ભારત, શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ફિલિપાઈન્સ, નાઈજીરીયા, ઈજિપ્ત, કેમરૂન, બેનિન અને ટ્યુનિશિયામાંથી 500થી વધુ લોકોની સીધી અથવા દુબઈ થઈને મ્યાંમાર, કંબોડિયા, વિયેતનામ અને થાઈલેન્ડમાં કાર્યરત સ્કેમ સેન્ટરોમાં તસ્કરી કરવાનો આરોપ છે. આ નેટવર્ક પીડિતોને વિદેશમાં ઉચ્ચ પગારવાળી ડેટા-એન્ટ્રી અથવા આઈટી નોકરીઓની ઓફર આપીને લલચાવતું હતું.

તેઓ ફ્લાઈટ્સ, ટ્રાન્ઝિટ હોટેલ્સ અને ગેરકાયદે સરહદ પાર કરવાની વ્યવસ્થા કરતા હતા, અને પછી તેમને ગુનાહિત સંગઠનોને સોંપી દેતા હતા. જેઓ તેમને ફિશિંગ, ક્રિપ્ટો સ્કેમ્સ, પોન્ઝી સ્કીમ્સ અને રોમાન્સ ફ્રોડ સહિતના સાયબર ક્રાઈમ ઓપરેશન્સ કરવા માટે મજબૂર કરતા હતા.

CID અધિકારીઓના જણાવ્યા અનુસાર પુરોહિત 30થી વધુ પાકિસ્તાની એજન્ટો સાથે સતત સંપર્કમાં હતો અને સાયબર-ફ્રોડ હબ્સને મેનપાવર સપ્લાય કરતી 100થી વધુ ચાઈનીઝ અને વિદેશી કંપનીઓની HR ટીમો સાથે તેના સીધા સંપર્કો હતા.

છેલ્લા ત્રણ વર્ષોમાં ભારત સરકાર થાઈલેન્ડ અને મ્યાંમારના સંકલિત પ્રયાસોને કારણે સાયબર-ગુલામી કેમ્પમાં ફસાયેલા લગભગ 4,000 ભારતીયોને બચાવીને સ્વદેશ પરત લાવવામાં આવ્યા છે. CBI, ઈન્ટેલિજન્સ બ્યુરો અને રાજ્ય પોલીસ દ્વારા નોંધાયેલા સંયુક્ત નિવેદનોમાં તેમની મુસાફરીની વ્યવસ્થા કરનાર એજન્ટ તરીકે 'નીલ પુરોહિત' ના વારંવાર ઉલ્લેખ મળ્યા છે.

VPE હાર્દિક પટેલ દ્વારા કરવામાં આવેલા તકનીકી વિશ્લેષણથી તપાસકર્તાઓને પુરોહિત દ્વારા ઉપયોગમાં લેવાતા અનેક વર્ચ્યુઅલ ફોન નંબરો અને તેની ઓળખ છુપાવવાના ઈરાદાપૂર્વકના પ્રયાસો છતાં તેને ટ્રેસ કરવામાં મદદ મળી.


અધિકારીઓએ જણાવ્યું કે પીડિતોના પાસપોર્ટ અને ફોન છીનવી લેવામાં આવતા અને ત્યારબાદ મહિનાઓ સુધી બંધક બનાવી રાખવામાં આવતા હતા. મોઈ નદી પાર કરીને મ્યાંમારના KK પાર્ક, મ્યાવાડી ટાઉનશીપમાં ગેરકાયદેસર રીતે તસ્કરી કરવામાં આવતી હતી અને સાયબર ક્રાઈમ કરવા માટે ફરજ પાડવામાં આવતી હતી. એટલું જ નહી જો કોઈ ઈનકાર કરે તો તેને માર મારવામાં આવતો, ત્રાસ આપવામાં આવતો અને લાંબા સમય સુધી ગેરકાયદેસર અટકાયતમાં રાખવામાં આવતા હતા. આ રેકેટમાં મ્યુલ એકાઉન્ટ્સ અને ઓછામાં ઓછા પાંચ ક્રિપ્ટો વૉલેટ્સ દ્વારા કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો સામેલ હતા, જેના કારણે મની ટ્રેઈલને ટ્રેક કરવી મુશ્કેલ બની હતી.

### નલિયા 10.5 ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડુ

# અમરેલીમાં 11.2, ગાંધીનગરમાં 12.2 ડિગ્રી તાપમાન નોંધાયું, રાજ્યમાં ઠંડીનો પારો વધ્યો

**ગાંધીનગર, તા.19**

હવામાન વિભાગ ગઈકાલે રાજ્યના મોટાભાગના શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, એટલે કે ઠંડીમાં વધારો થયો છે. સૌથી ઓછું ન્યૂનતમ તાપમાન નલિયા ખાતે 10.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ત્યારબાદ અમરેલીમાં 11.2 અને ગાંધીનગર જ્યાં ન્યૂનતમ તાપમાન 12.2 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વડોદરામાં 13.6 અમદાવાદમાં 14 ડિગ્રી સેલ્સિયસ ન્યૂનતમ તાપમાન નોંધાયું હતું. પોરબંદરમાં 13.1 ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટ 12.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.



સમગ્ર ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું અને ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચું રહેતા, રાજ્યમાં ઠંડકનો અનુભવ વધી રહ્યો છે. જ્યારે સૌથી ઓછું ઠંડુ દ્વારકામાં ન્યૂનતમ તાપમાન 18.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ન્યૂનતમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું અને મહત્તમ તાપમાન 29.7 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. રાજ્યમાં હાલમાં બેવડી સીઝનનો અનુભવ થશે. રાજ્યમા મોટાભાગના જિલ્લાઓનું તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાયું છે.

# અમદાવાદ મનપાની રિવ્યૂ બેઠકમાં કમિશનરે અધિકારીઓનો ઉધડો લીધો

## ઈ-ગવર્નન્સ વિભાગની કામગીરીથી નારાજ, કહ્યું- 'ઓફિસર બનીને નહીં નાગરિક બનીને વિચારશો તો પરિસ્થિતિનો ખ્યાલ આવશે'

**અમદાવાદ, તા.19**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રીવ્યુ બેઠક દરમિયાન મ્યુનિ. કમિશનરે શહેરના પાર્કિંગ મુદ્દે નાગરિકોને પડતીને હાલાકી માટે ઇ - ગવર્નન્સ વિભાગની કામગીરી સામે સખત નારાજગી વ્યક્ત કરી હતી. સરકારના વિવિધ પ્રોજેક્ટ હેઠળ કામગીરી માટે ડેટા પ્રેઝન્ટેશનમાં યોગ્ય ડેટા રજૂ ન કરતા પ્લાનિંગ અને ફાઈનાન્સ વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને પણ કમિશનરે ખખડાવ્યા હતા. પૂર્વ વિસ્તારમાં વધતાં રોગચાળાને લઈને ફરી એકવાર કમિશનરે નારાજગી વ્યક્ત કરી હતી. નવા બનાવેલા એક RCC રોડ માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે ફાઈલ મુકતા કમિશનરે કહ્યું કે, 25 વર્ષ માટે જે રોડને કશું થવાનું નથી એવા રોડને તમે તોડવા માટે મારી પાસે ફાઈલ મોકલો છો શરમ આવી જોઈએ હવે આવી રીતે મારી પાસે ફાઈલ ના મોકલતા તેવું કહી દીધું હતું. 19 નવેમ્બરના રોજ બુધવારે મળેલી મ્યુનિસિપલ કમિશનરની અધિકારીઓ સાથેની રીવ્યુ બેઠક દરમિયાન શહેરમાં પે એન્ડ પાર્કિંગમાં કેટલા વાહનો પાર્ક થયેલા છે અને કેટલા વાહનોનો પ્લોટ ખાલી છે તેને લઈને આપણી પાસે એવી કોઈ એપ કે સુવિધા છે તેને લઈને પ્રશ્ન કર્યો હતો જેમાં ઈ ગવર્નન્સ વિભાગના અધિકારીએ કહ્યું હતું કે સેન્સર લગાવવાનું બાકી છે જેથી કમિશનરે કહ્યું હતું કે તમે અધિકારી નહીં પરંતુ નાગરિક બનીને વિચારો. તમારી પાસે ઓફિસની ગાડી અને ડ્રાઈવર છે જેથી તમને તકલીફ નહીં પડે. ઓફિસર નહીં પરંતુ જો નાગરિક બનીને વિચાર કરશો તો ખરેખર શું પરિસ્થિતિ છે તેનો તમને ખ્યાલ આવશે. રાજ્ય સરકારના વિવિધ પ્રોજેક્ટ હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશન કામગીરી કરી રહી છે જેના માટેના પ્રોગ્રેસ રિવ્યુ અંગેનું પ્રેઝન્ટેશન કોર્પોરેશનના નાણા અને પ્લાનિંગ વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં કેટલાક ડેટા ન હોવાને લઈને કમિશનરે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સામે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, તમે DYMC લાયક છો કે નહીં તેના પર મને પ્રશ્ન થઈ રહ્યો છે. શહેરમાં વધતા જતા રોગચાળાને લઈને પણ મ્યુનિસિપલ કમિશનરે ચિંતા વ્યક્ત કરી અને પૂર્વ વિસ્તારના પૂર્વ અને દક્ષિણ ઝોનમાં વધતા જતા રોગચાળાને લઈને આરોગ્ય વિભાગના અધિકારીઓ સામે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે આ વિસ્તારમાં રોગચાળો વધી રહ્યો છે ત્યારે અધિકારીઓ શું કરી રહ્યા છે. શહેરમાં ફાયર એનઓસી અને બીયુ વગરની હોસ્પિટલો અને લઈને પણ કમિશનરે એસ્ટેટ વિભાગ તેમજ ફાયર વિભાગને સંયુક્ત રીતે તપાસ કરીને ફાયર એનઓસી વિનાની હોસ્પિટલો સામે કાર્યવાહી કરવા માટેની સૂચના આપી છે. ફાયર સ્ટેશનની સંખ્યા ઓછી છે નવા ફાયર સ્ટેશન બનાવવા માટેના પ્લોટની ફાળવણી કરવા માટે થઈને કમિશનરે કહ્યું હતું કે સૌથી પહેલા ફાયર સ્ટેશન બનાવવા માટેના પ્લોટ ફાળવણી કરવામાં આવે જ્યાં પણ દબાણ દૂર કરવાના હોય ત્યાં દબાણો દૂર કરી અને પ્લોટ ખાલી કરી ફાળવણી કરવા જણાવ્યું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL




નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર